Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૧૨
તા.૨૮-૦૫-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૧૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૫.૮ | વડોદરા | ૪૩.૪ |
| અમદાવાદ | ૪૪.૮ | સુરત | ૩૯.૦ |
| ગાંધીનગર | ૪૫.૦ | નલિયા | ૩૫.૩ |

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૨૦૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજયમાં ઉનાળો આકરા પાણીએ : પારો ૪૬ ને પાર

## આગામી બે દિવસ હિટવેવની ચેતવણી જારી : તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલાઓ : કંડલા એરપોર્ટ ખાતે આગઝરતી ગરમી વચ્ચે પારો ૪૬.૩

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આજે ભીષણ ગરમીનો અનુભવ થયો હતો. આગઝરતી ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. મહત્તમ તાપમાન વધીને આજે ૪૬થી પણ ઉપર પહોંચી ગયું હતું. સૌથી વધુ ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ ખાતે ૪૬.૩ થયો હતો. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૫.૩ અને પાટનગર ગાંધીનગરમાં પારો ૪૫ રહ્યો હતો. ડિસામાં મહત્તમ તાપમાન ૪૫.૮ સુધી પહોંચી ગયું હતું. અમદાવાદમાં પણ મહત્તમ તાપમાન ૪૪.૮ સુધી પહોંચી ગયું હતું. આજે રવિવાર હોવાથી લોકો બિનજરૂરીરીતે ઘરની બહાર નિકળ્યા ન હતા પરંતુ ઘરમાં પણ લોકોને તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. જ્યારે બીજી બાજુ રસ્તાઓ ગરમીના કારણે સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. કંડલા એરપોર્ટ ખાતે પારો ૪૬.૩થી પણ ઉપર પહોંચ્યો હતો. તીવ્ર હિટવેવ કચ્છના જુદા જુદા ભાગોમાં જોવા મળી શકે છે. ઉત્તર ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ રહી શકે છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આગામી ચાર દિવસ માટે હિટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે. હીટવેવની ચેતવણી આગામી બે દિવસ માટે જારી કરવામાં આવ્યા બાદ તંત્ર સાબદુ થઈ ગયું છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૫ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ માટે હિટવેવને લઈને ચેતવણી જારી કરવામાં આવી છે. ગરમીના કારણે ઈન્ફેક્શનની શક્યતા પણ દેખાઈ રહી છે. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. વધુ પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી રહી છે. બીજી બાજુ બહારની ચીજવસ્તુઓને ટાળવા માટે પણ તબીબોની સૂચના છે. વધતી જતી ગરમીના કારણે લોકો હવે વધુમાં વધુ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વધતી ગરમી વચ્ચે પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૧૯ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૭૪૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૯ જ દિવસમાં ૧૭૩ અને ટાઈફોઈડના ૨૦૪ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૯ દિવસના ગાળામાં ૨૭૬ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા.

### વિચાર વૈભવ...

#### ઘા ના નિશાન !

દક્ષિણ ફ્લોરિડામાં પોતાના ઘરની પાછળ આવેલા નાનકડા તળાવમાં બારેક વરસનો એક છોકરો નહાવા પડ્યો. પાણી એવું સરસ હતું કે મોજથી તરતાં તરતાં એ તળાવની છેક પહોંચી ગયો. એની માતા રસોડાની બારીમાંથી એને તરતો જોઈ ખુશ થતી હતી. અચાનક એનું ધ્યાન તળાવના સામેના કિનારા તરફ ગયું. એક મોટો મગરમચ્છ સામેના કાંઠા પરથી પાણીમાં સરકી રહ્યો હતો.

એ માતાને ભયંકર ધ્રાસ્કો પડ્યો. કામ પડતું મૂકી બૂમો પાડતી પાડતી એ ઘરમાંથી બહાર દોડી. તળાવના કાંઠે પહોંચી. એ જોર જોરથી છોકરાને કાંઠા તરફ ઝડપથી પાછા ફરવાનું કહેવા લાગી. માતાની બૂમો સાંભળી છોકરાએ પાછળ જોયું. મોટા મગરમચ્છને પોતાની તરફ આવતો જોઈ એણે ઝડપથી માતા તરફ તરવાનું શરૂ કરી દીધું. પરંતુ પાણીમાં મગરની ઝડપ સ્વાભાવિક રીતે જ વધારે હોય. છોકરો છેક કાંઠા પાસે પહોંચ્યો ત્યારે જ મગરે એના બંને પગ પોતાના જડબામાં લઈ લીધા. મગર દીકરાને પાણીમાં લઈ જવા ખેંચતો હતો અને માતા પોતાનામાં હતું તેટલું જોર લગાવી એને બહાર ખેંચવા મથતી હતી. મા-દીકરો બંને મદદની બૂમો પાડતા હતા.

એમની બૂમો સાંભળી બાજુના રસ્તા પરથી પોતાની કારમાં પસાર થઈ રહેલો એક ખેડુત ત્યાં દોડી આવ્યો. એક જ ક્ષણમાં પરિસ્થિતિનો તાગ મેળવી. પોતાની કારમાંથી બંદૂક કાઢી, બરાબર નિશાન લઈ એણે મગરમચ્છ પર બે થી ત્રણ ગોળી ધરબી દીધી. મગરે છોકરાના પગ છોડી દીધા. એ ખેડુતની મદદથી લોહીલુહાણ બાળકને દવાખાનામાં દાખલ કરવામાં આવ્યો.

બે અઠવાડિયાં. પછી અ છોકરાનો ઈન્ટરવ્યૂ લેવા માટે ટેલિવિઝન ચેનલના માણસો આવી પહોંચ્યા. થોડી પ્રશ્નોત્તરી પછી ટી.વી. રિપોર્ટરે કહ્યું, 'બેટા! દર્શકોને તું તારા પગ પર મગરના જડબાથી થયેલા ઘા બતાવીશ?'

બાળકે કપડું ઊંચું કરી પોતાના પગ પર મગરમચ્છના દાંતથી થયેલ ઊંડા ઘાનાં નિશાન બતાવ્યાં.

એનો આભાર માની ટી.વી.રિપોર્ટર પાછો ફરવા જતો હતો ત્યાં જ એ છોકરો બોલ્યો, 'અંકલ! આપને વાંધો ન હોય તો મારે બીજાં થોડાંક ઘાનાં નિશાન પણ બતાવવા છે!'

રિપોર્ટરને નવાઈ લાગી. એણે હા પાડી. છોકરાએ પોતાનું પહેરણ કાઢી નાખ્યું. પછી બંને ખભા પર પડેલાં ઊંડા નિશાન બતાવી કહ્યું, 'આ મારી માતાનાં વહાલનાં નિશાન છે!'

એના બંને ખભાની ચામડીમાં ઊંડે સુધી ખૂંપી ગયેલ એની માતાના નખનાં નિશાન જોઈ એ રિપોર્ટર દંગ રહી ગયો. મગર પોતાના દીકરાને ખેંચી ન જાય એ માટે એ સ્ત્રીએ કેટલું જોર લગાવ્યું હશે એનો એ બોલતો પુરાવો હતો !

ડો.આઈ.કે.વીજળીવાળા

## આજે ધોરણ-૧૦ બોર્ડનું પરિણામ જાહેર થશે : રાજયભરમાં ઉત્સુકતા

### સવારે ૮ વાગે રિઝલ્ટ જાહેર કરી દેવાયા બાદ બપોરના ગાળામાં વિદ્યાર્થીઓ માર્કશીટ પણ મેળવી શકશે

અમદાવાદ

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ આવતીકાલે સવારે જાહેર કરવામાં આવનાર છે. પરિણામને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સુકતા દેખાઈ રહી છે. લાખો વિદ્યાર્થીઓ પરિણામને લઈને ઉત્સુક બનેલા છે. આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સવારે ૮.૦૦ વાગે બોર્ડની વેબસાઈટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. જીએસઈબી.ઓઆરજી પરથી પરિણામ જોઈ શકશે. વિદ્યાર્થીઓને તેમની સ્કૂલમાંથી ૧૧.૦૦થી ૨.૦૦ દરમ્યાન માર્કશીટ મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. ધોરણ-૧૦ના પરિણામને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્તેજના અને ઈન્તેજારી જોવા મળી રહી છે. આ વર્ષે ધોરણ-૧૦માં ગણિત વિષયનું પેપર ખૂબ અઘરૂ નીકળ્યું હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ રાતા પાણીએ રડ્યા હતા, જેની સીધી અસર ધોરણ-૧૦ના પરિણામ પર પડે તેમ હોઈ બોર્ડ સત્તાવાળાઓ દ્વારા આ વર્ષે વિદ્યાર્થીઓને ૧૨ માર્ક્સ સુધીના ગ્રેસીંગ માર્ક્સ આપવામાં આવે તેવી પણ શકયતા છે કે જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને કંઈક અંશે રાહત મળે. તો સાથે સાથે ધોરણ-૧૦નું બોર્ડનું પરિણામ પણ ઉંચુ લાવી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ ૧૦માં ૧૧ લાખ ૩ હજાર ૬૭૪ વિદ્યાર્થી નોંધાયા હતા. ધોરણ-૧૦માં ૭ ઝોન પર પરીક્ષા લેવામાં આવી હતી અને ૩૭ કેન્દ્ર તથા ૨૩૯ પરીક્ષા સ્થળો પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ ૧૯ના આવતીકાલના પરિણામ બાદ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૧મીએ જાહેર કરવામાં આવનાર છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૫ ઝોન, ૩૧ કેન્દ્ર અને ૧૧૭ પરીક્ષા કેન્દ્ર પર લેવામાં આવી હતી. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૪,૭૬,૬૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## ૧૨૫ કરોડનો વિશ્વાસ ધરાવનાર કોઇ પણ કિંમતે ઝુકશે નહીં : મોદી

બાગપત

ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વેને રાષ્ટ્રને સમર્પિત કરવાના પ્રસંગ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચાર વર્ષ પૂર્ણ કરવાને લઇને રિપોર્ટ કાર્ડ રજૂ કરીને દેશની જનતાને તેમની સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓ અંગે માહિતી આપી હતી. બાગપતમાં મોદીએ કહ્યું હતું કે, આ ભીષણ ગરમીમાં પણ જે રીતે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા છે તેનાથી સાફ થઈ જાય છે કે, સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. મોદીએ આ પ્રસંગે કોંગ્રેસ પર પ્રહારો કરવાની કોઇ તક છોડી ન હતી. મોદીએ ઉમેર્યું હતું કે, પેઢી દર પેઢી સત્તામાં રહેનાર લોકો હવે ગરીબો માટે કરવામાં આવી રહેલા કામોનું મઝાક કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, એનડીએ સરકારના કામને જોઈને કેટલાક લોકો ફફડી ઉઠ્યા છે

### પાલનપુરના ગોળા ગામના યુવકના શંકાસ્પદ મોતની રજુઆત બાદ

## યુવકના મૃતદેહને અઢી માસ બાદ જમીનમાંથી બહાર કાઢી પીએમ કરાશે



પાલનપુર

પાલનપુર તાલુકાના ગોળા ગામના એક યુવકનું અઢીમાસ અગાઉ વડગામ તાલુકાના છાપી ગામ ખાતે શંકાસ્પદ હાલતમાં મોત નિપજ્યું હતુ. જેના મૃતદેહની ગોળા ગામે દફનવિધી કરવામાં આવી હતી. જોકે, યુવકની આત્મહત્યા નહી પણ હત્યા કરવામાં આવી હોવાની શંકા હોવાથી મૃતકના ભાઈએ મૃતદેહનું પીએમ કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. જેમાં પાલનપુર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા લાશને જમીનમાંથી બહાર કાઢી પીએમ કરવાનો હૂકમ કરવામાં આવતા ગોળા ગામે પોલીસની હાજરીમાં મૃતદેહ બહાર કાઢી અઢી માસ બાદ પીએમ કરવામાં આવશે તેવા અહેવાલ સાંપડ્યા છે. પાલનપુર તાલુકાના ગોળા ગામના કિશનકુમાર બાબુભાઈ શ્રીમાળી તેમની પત્ની સંગીતાબેન અને બે સંતાનો સાથે વડગામ તાલુકાના છાપી ગામે રહી દુકાનમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જ્યાં તા. ૬-૩-૨૦૧૮ના રોજ કિશને ગળે ફાંસો ખાઈને આપઘાત કરી દીધો હતો. જેની સામાજીક રિત- રીવાજ પ્રમાણે તેના વતન ગોળા ખાતે ગત ૭-૩-૨૦૧૮ના રોજ દફનવિધી કરવામાં આવી હતી. જોકે, પાછળથી સગા સબંધીઓમાં કિશનના મોતને લઈ અનેક વાતો બહાર આવી હતી. જેમાં તેનું મોત પડી જવાથી હેમરેજથી થયું હોવા સહિતના કારણો જાણવા મળતા મૃતકના ભાઈ કિરણકુમાર શ્રીમાળીને શંકા ઉપજી હતી. જેમને પોતાના નાનાભાઈએ આપઘાત નહી પણ તેની કોઈએ હત્યા કરી હોવાની આશંકા થતાં તેના મૃતદેહનું પીએમ કરવા માટે જિલ્લા પોલીસવડા નિરજકુમાર બડગુજર, છાપી પીએસઆઈ તેમજ પાલનપુર એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને લેખિત અરજી કરી હતી.

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરમાં સબંધીને ઘરે આવેલા સિધ્ધપુરના શખ્સે પાડોશીને ત્યાં ચોરી કરી

### નાના બાળકે ચોરી કરતા જોયા બાદ ઓળખી બતાવતા પોલીસને સોંપાયો

પાલનપુર

પાલનપુર જનતાનગર વિસ્તારમાં રહેતા એક ગૃહસ્થ તેમના પરિવારજનો સાથે બહાર ગયા હતા. ત્યારે બપોરના સુમારે તેમની પડોશમાં સગાને ત્યાં આવેલા શખ્સે મકાનમાં ઘુસી અંદરથી રૂપિયા ૩૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. દરમિયાન આ શખ્સને એક બાળક ચોરી કરતા જોઈ ગયો હતો. જેણે લોકોની આગળ ચોરને ઓળખી બતાવતાં લોકોએ પોલીસને સોંપ્યો હતો.

પાલનપુરમાં રસોઈ બનાવ વાના વ્યવસાયથી સંકળાયેલા મેહમુદખાન દરાજખાન ખોખર શુક્રવારે તેમની દીકરીને મળવા માટે ગયા હતા. દરમિયાન બપોરના સુમારે કોઈ શખ્સે તેમના મકાનનો કોટ કુદી અંદર પ્રવેશ કરી દરવાજો ખોલી તિજોરીનું લોક તોડ્યું હતુ. અને અંદર પડેલા રૂપિયા ૨૫૦૦૦ના સોના- ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ રૂપિયા ૭૫૦૦ મળી કુલ રૂપિયા ૩૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયો હતો. દરમિયાન ઘરે આવેલા મેહમુદખાનને ચોરી થયાની જાણ થતાં આજુબાજુના લોકો પણ એકત્ર થઈ ગયા હતા. જ્યાં એક બાળકે આ ચોરી કરનારા શખ્સને જોયો હોવાનું અને તેણે ઝભ્ભો- લેંઘો પહેર્યો હોવા સહિતનું વર્ણન કરતાં રહીશોને બાજુમાં રહેતા પરિવારના ત્યાં આવેલા સબંધી સિધ્ધપુરના મોહસીન નુરૂભાઈ શેખ ઉપર શક ગયો હતો. જેને બોલાવી બાળકને બતાવતાં બાળકે આ શખ્સને ઓળખી બતાવ્યો હતો. આથી મોહસીન શેખને પાલનપુર પૂર્વ પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે તેની સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગતકડું....

- દેવન વ્યાસ



મારા પતિ તો વગર ફી એ ભણ્યાને આજે દેશના સક્ષમ કૌભાંડીયા નેતા પણ બન્યા ?

પ્રવેશ ચાલુ

જવાહર નવોદય વિદ્યાલય તથા સૈનિક સ્કૂલ, બાલાચડી (જામનગર)માં પ્રવેશ મેળવવા માટે

• સતત ૨૮ વર્ષથી સર્વશ્રેષ્ઠ પરિણામ • ફાર્મ હાઉસ જેવા શાંત વાતાવરણમાં સ્કૂલ અને હોસ્ટેલની સુંદર સગવડ • ધોરણ ૧ થી ૮માં છોકરાઓ અને છોકરીઓને પ્રવેશ • વિશેષ માહિતી તથા પ્રવેશ માટે સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાકે બાળક સાથે રૂબરૂ મળો. રવિવારે રજા રહેશે.

શ્રી કૃષ્ણ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શારદા મંદિર વિદ્યાલય/હોસ્ટેલ
વિકાસનગર સોસાયટી પાસે, નેકસા શો-રૂમની સામે, નાગલપુર હાઈવે, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૫૬૬૯૮, મો. ૯૮૨૫૨ ૪૭૩૦૩

### સરહદી બનાસકાંઠા જીલ્લો અગનભઠ્ઠીમાં ફેરવાયો

## ડીસામાં ૪૫.૮ ડીગ્રી ગરમીથી રેડ એલર્ટ



ભરત સુંદશા

ડીસા

આકાશમાંથી વરસી રહેલ અગનવર્ષાને પગલે સમગ્ર બનાસકાંઠા જીલ્લો અગનભઠ્ઠીમાં ફેરવાયો છે ગરમીનો પારો ૪૫.૮ ડીગ્રીએ પહોંચતા સરહદી જીલ્લામાં રેડ એલર્ટ જોવા મળ્યું છે. કાળઝાળ ગરમીને પગલે છેલ્લા ૨૪ કલાકમાં તાપમાન ૧.૬ ડીગ્રીથી વધારો નોંધાયો છે. જેને પરીણામે રવિવારે ગરમીનો પારો ૪૫.૮ ડીગ્રીએ પહોંચ્યો હતો. જેથી જન જીવન બેહાલ બન્યુ હતું. અસહ્ય ગરમી પડતાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અંગ દઝાડતી ગરમીથી બચવા માટે માહિલાઓ અને યુવતીઓ મોઢા ઉપર દુપટ્ટો બાંધીને અને હાથે મોજા પહેરીને ઘરની બહાર નીકળી રહી છે જ્યારે યુવાનો માથે ટોપી અને મોઢે રૂમાલ બાંધીને બહાર નીકળતા જોવા મળે છે આકાશી ગરમીની અસર સવારથી જ જોવા મળી રહી છે જે બપોર પડતા જ તો જાણે આકાશમાંથી અગન ગોળા વરસી રહ્યા હોય તેવો માહોલ થઈ જાય છે જેથી બપોરના સમયે તો પ્રજાજનો બહાર પણ નીકળવાનું ટાળી રહ્યા છે બપોરના સમયે તો ચામડી બાળી નાંખતા તડકાના પગલે માર્ગો પર સ્વયંભુ કરફ્યુ લાગી ગયો તેમ પ્રજાજનો સહીત વાહનોની અવર - જવર પાંખી જોવા મળી રહી છે આ ગરમીથી બચવા લોકો બરફ ગોળા શેરડીરસ, નાળીયેર પાણી, આઈસ્ક્રીમ, તડબુચ લીંબુ શિકંજી વગેરેનું સેવન કરી ઠંડક મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ગરમીનો પારો વધતા પશુ પંખીઓ સહીત અબોલ જીવોની પણ હાલત કફોડી થઈ જવા પામી છે પાલતુ પશુઓની પ્રજાજનો દ્વારા ગરમીથી બચાવવા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેમાં સવાર - સાંજે પશુઓ પર પાણીનો છંટકાવ કરવો વગેરે દ્વારા ગરમી સામે રક્ષણ આપી રહ્યા છે જ્યારે ખુલ્લામાં ફરતા પશુઓ પણ જ્યાં પાણી

અનુસંધાન પાના નં.૬

### તાપનું ટોર્ચર

૪૧.૮ડીગ્રી વાઈટ એલર્ટ
૪૧. થી ૪૩ ડીગ્રી યલો એલર્ટ
૪૩.૪૫ ડીગ્રી ઓરેન્જ એલર્ટ
૪૫ થી ઉપર રેડ એલર્ટ

### કાળઝાળ ગરમીના કારણે

## વાવના રાછેણા તળાવમાં અસંખ્ય જળચર જીવોના મોત થયાની આશંકા



વિષ્ણુ પરમાર

તા પ્રતિ. વાવ

વાવથી ૨૦ કી.મી.ના અંતરે કસ્ટમરોડ ઉપર રાછેણા ગામ આવેલુ છે ઉનાળામાં મે મહીનામાં આ કસ્ટમરોડ પરનું તાપમાન ૪૫ થી ૪૮ ડીગ્રી રહે છે ત્યારે રાછેણા ગામમાં ખડૂ નામનું તળાવ આવેલું છે. જે તળાવમાં રાછેણા અને લોદ્રાણી ગામના પશુઓ પાણી પીવે છે. પરંતુ મે માસની કાળઝાળ ગરમી વધુ પડતા તાપમાનથી આ ખડૂ તળાવમાં પાણી ઓછું થતાં જળચર જીવો જેવા કે માછલાં, કાચબા કરચલા જેવા જીવો તરફડીને મોતને ભેટી રહ્યા છે જેથી ખડૂ તળાવનું પાણી દુષિત અને દુર્ગંધ મારી રહ્યું છે. રાછેણા, લોદ્રાણી ગામના પશુઓ આ દૂષિત પાણી પીતા રોગચાળાની ભીતી સેવાઈ રહી છે એક તરફ પાણીની તંગી તો બીજી તરફ ઘાસની અછત અને ત્રીજી તરફ પશુઓમાં રોગચાળાની ભીતી સેવાઈ રહી છે. સત્વરે જવાબદાર તંત્ર જાગૃત બની રાછેણા ગામને શુધ્ધ પાણી તેમજ ઘાસની પૂરતી વ્યવસ્થા કરી આપે તેવી ગ્રામજનોની માંગ છે.

**સૂર્યોદય - ૫.૫૫ સૂર્યાસ્ત - ૭.૧૮**

## તિથિદર્શન

જેઠ સુદ-૧૪ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :ચૌદસ સોમવાર નક્ષત્ર:વિશાખા રાત્રે ૧૧.૦૪ પછી અનુરાધા યોગ :પરીઘ કરણઃ ગર આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### શરીરમેવાયતનં સુખસ્ય, દુખસ્ય ચાપ્યાતન સુખસ્ય યદ્વત્ શરીરેણ કરોતિ કર્મ તેનૈવ, દેહી સમમશ્રુતે તત્

'જેમ શરીર, સુખ- ભોગ ભોગવવાનું સાધન સ્થાન છે તેમ દુઃખ રોગ- આપત્તિઓ પણ ભોગવવાનું સાધન છે. પ્રાણી શરીર વડે જે, જેવાં કર્મ કરે છે તેને પરિણામે જ સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે.'

દરેક જીવને પોતે કરેલાં કર્મોનાં ફળ- પછી એ કર્મ આ જન્મમાં કરેલાં હોય કે પૂર્વજન્મોમાં કરેલાં હોય- જ્યારે તેનાં ફળ પાકે ત્યારે વહેલાં કે મોડાં ભોગવવાં જ પડે છે અને તે ભોગવવા માટેનું સ્થાન -સાધન શરીર છે. પૂર્વજન્મોમાં તમે કોઈ પ્રાણીઓ, જીવને શારીરિક ત્રાસ આપ્યો હોય તો આ જન્મમાં શારીરિક પીડા, રોગો સહન કરવા પડે છે અને ધર્મકાર્ય દ્વારા દાન- પુણ્ય કર્યાં હોય તો સંપત્તિ સાથે શરીર સુખ- ભોગ પણ ભોગવી શકે છે. આમ, શરીરથી સુખ- દુઃખ ભોગવાય, કોઈને માનસિક ત્રાસ આપ્યા હોય તો માનસિક વ્યગ્રતા અને ઉત્પાત ઉચાટ ભોગવવા પડે છે. જેનું મન આત્મામાં સ્થિર થઈ જાય, એટલે કે જીવ પોતાને ઈશ્વરના અંશ સમાન 'આત્મા' ને જુએ ત્યારે શરીર- મન તેને તટસ્થ બનાવી દે છે તેનાં પીડા- દુઃખ- માનહાનિ- સન્માન જેવા કોઈ બનાવ તેને હલબલાવી શકતા નથી. રામકૃષ્ણ પરમહંસ કેન્સરમાં પણ હસતા હતા, નરસિંહ મહેતાનો હાથ દાઝ્યો તોય ખબર ન પડી !

## સતલાસણાની વિદ્યાર્થીની ધો.૧૨ સાયન્સની પરીક્ષામાં ૯૧% ટકા મેળવી ડોક્ટર બનવાની મહેચ્છા



પ્રતિનિધિ રાજપુર

મનહોય તો માળવે જવાય, સિધ્ધી જેને જઈને વરે જે પરસેવે ન્હાય તે ઉક્તિને સતલાસણાની આયેશાબાનું મહંમદરફીક મેમણે સાબિત કરી બતાવી છે. સતલાસણા રહેતી અને નવોદય વિદ્યાલયમાં અભ્યાસ કરતી આયશાબાનુએ ચાલુ સાલે લેવાયેલ ધો.૧૨ સાયન્સની પરીક્ષામાં ૫૦૦ ગુણમાંથી ૪૫૫ ગુપ મેળવી ૯૧ ટકા મેળવી સતલાસણા મેમણ જમાતનું તથા મુસ્લિમ સમાજનું નામ રોશન કરેલ છે. એક મુલાકાતમાં આયેશાબાનુએ જણાવ્યું કે દરરોજ પાંચ કલાક વાંચનની સાથે સાથે નમાઝ પઢતી હતી અને આગળ અભ્યાસ કરીને ડોક્ટર બની દેશની સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી તેની મહેનત પાછળ તેનો શ્રેય તેના ગુરૂ તથા માતા પિતાને આપ્યો હતો.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ઈંગ્લૅન્ડમાં જેમની ધરપકડ કરીને સ્ટીમર મારફતેલઈ જવાતા એ ક્રાન્તિકારી માર્સેલ્સ બંદરે લાગરેલી સ્ટીમરના બારામાંથી દરિયામાં કૂદી પડી તરતા તરતા ફ્રાન્સના કિનારે પહોંચી જનાર વીર વિનાયકરાવ સાવરકરનો જન્મદિન છે.

એમનો જન્મ તા. ૨૮/૫/૧૮૮૩ના રોજ થયો હતો. ૮૩ વર્ષની ઉંમરે પોતાનું દશેસેવાનું કાર્ય પૂરું થાય છે એમ લાગતાં એમણે અનાજ- દવા અને ચા સુધ્ધાંનો ત્યાગ કરી અનશન શરૂ કર્યા અને તા.૨૬/૨/૧૯૬૬ના રોજ આત્મસમર્પણ કર્યું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઇ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો. આ સમય દરમિયાન વ્યર્થ જીદ ટાળવી હિતાવહ.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઇપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુકશાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઇ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુક્શાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઇ શકશો.

**કન્યા**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અને કાર્યક્ષેત્રમાં રહેવું. જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઇ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઇ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે. આનંદ-પ્રમોદમાં વિશેષ લાભ રહે.

**કુંભ**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે. અનૈતિક કાર્યો તરફથી મન ખેંચાય પરંતુ એ પ્રકારના કાર્યોમાં સફળતા નહિંવત મળે તેથી ટાળવા હિતાવહ.

- કનકચંદ્ર સી. વ્યાસ

## અખિલ ગુજરાત ગાડલીયા લુહાર વિકાસ ટ્રસ્ટના મહામંત્રી તરીકે વરણી



તાલુકા પ્રતિનિધી દીઓદર

અમદાવાદ અડાલજ ખાતે આવેલ ત્રિમુખી મંદિર ખાતે તા.૨૦-૫-૨૦૧૮ના રોજ અખિલ ગુજરાત ગાડલીયા લુહાર વિકાસ ટ્રસ્ટના સંગઠનની મીટીંગ મળી હતી.આ સંગઠનમાં ગત વર્ષનો સમય પુરો થતાં નવા સભ્યોની નિમણુંકો કરેલ.

આ પ્રસંગે નવા સભ્યોનું સન્માન શબ્દોથી કરેલ.આ મીટીંગમાં દીઓદરના વતની અને બનાસકાંઠા ગાડલીયા લુહાર સમાજના યુવાન કાર્યકર લુહાર જયંતિભાઈ જે.આઝાદની અખિલ ગુજરાત ગાડલીયા લુહાર વિકાસ ટ્રસ્ટના મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવેલ.તેમની મહામંત્રી તરીકે નિમણુંક થતાં બનાસકાંઠા જીલ્લાના ગાડલીયા લુહાર સમાજમાં ખુશી વ્યાપેલ.

આ પ્રસંગે અમરસિંહ ચૌહાણ મનુભાઈ બી રાણાભાઈ રાજેશભાઈ લોધી વિઠ્ઠલભાઈ અજાણી રમેશભાઈ પી કવરભાઈ મેઘરાજભાઈ ભવાનભાઈ નગીનભાઈ સવાઈજી ઉપસ્થિત રહ્યા હતાં.

## વાસણા (વાતમ) ગામે ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો



મહાદેવ પરમાર

ફોટો-પ્રતિ. રવિયાણા

લાખણી તાલુકાના વાસણા (વાતમ) ગામના સ્વ. પ્રભુભાઈ માંનાભાઈ પરમારની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા તેમના નિવાસ સ્થાને તા.૨૬/૫/૧૮ ને શનિવારની રાત્રે ભોજન પ્રસાદ તથા ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયેલ.

આ પ્રસંગે પધારેલ સંતોમાં રઘુરામ મહારાજ મેરા, બાબુરામ મહારાજ આસેડા, જીવણરામ મહારાજ રવિયાણા, વાસુદેવ મહારાજ વડગામ (રાજસ્થાન) કેવળરામ, વધાભાઈ કોટડા, પરસોત્તમદાસ, સાહિત્યકાર મુરલી બારોટ, થરાદ નગરપાલિકા પ્રમુખ લવજીભાઈ વાણિયા, રીટાયડ પો.સ.ઈન્સપેક્ટર ભવાનભાઈ ડાભાણી ઝાલમોર તેમજ બબાલદાસ રવિયાણા તથા સાધુસંતો તેમજ ગ્રામજનોએ બહોળી સંખ્યામાં હાજર રહી ભજન સત્સંગનો તથા સાધુ સંતોના આર્શીવચન લીધેલ સ્વ.પ્રભુભાઈના પરિવાર તરફથી છગનભાઈ, હસમુખભાઈ પરમાર દ્વારા કાર્યક્રમને અનુરૂપ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્ટેજ સંચાલન દલિત સમાજના મશહુર સાહિત્યકાર મોરલી બારોટે કર્યું હતું.

## આસોદર ગામે પુરુષોતમ માસે રામાયણ કથાનુ વાંચન



શ્રવણ સાધુ

પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામે અધિક પુરુષોત માસ દરમિયાન રામાયણ કથાનુ વાંચન કરવામાં આવે છે.

અતિપવિત્ર અને પાવન નગરી ગણાતા આસોદર ગામમાં શ્રી રણછોડરાયજી ના મંદિરના પટાંગણમાં રામાયણકથાનુ વાંચન સાધુ વિષ્ણુદાસ પ્રતાપ દાસના મુખેથી ભાવિકભક્તો અને શ્રધ્ધાળુઓને તથા પુરુષોતમ માસનુ વ્રત અને ઉપવાસ કરતા સમગ્ર શ્રોતા જનોને ભગવાન શ્રીરામના જીવનચરિત્રનો મહિમા એટલે કે રામાયણકથાનું રસપાન કરાવવામાં આવે છે.અધિક માસ એટલે કે ભગવાનશ્રી વિષ્ણુને પ્રસન્ન કરવાનો શ્રેષ્ઠ મહિનો છે આ મહિનામાં કરવા આવતુ દાન - પુણ્યનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. શ્રી રણછોડ રાયજીના મંદિરમાં રામાયણ કથાના શ્રવણ માટે શ્રોતાજનો ખુબજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે છે કથા વાંચન બાદ અનેક દાતાઓ દ્વારા ફળફળાદિનો પ્રસાદ વહેચવામાં આવે છે. રામાયણ કથાનું રસપાન કરીને શ્રોતાગણ ધન્યતા અનુભવે છે.

## ડીસામાં મુસ્લિમ વકફ બોર્ડ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચોપડાનું વિતરણ



વિનોદ બાંડીવાલા

ડીસા

હાલની કારમી મોંઘવારીમાં ગરીબ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓને મદદરૂપ થઈ શકાય તેવા ઉચ્ચ અને શુભ આશયે ડીસા મુસ્લિમ વકફ કમિટી છેલ્લા દસ વર્ષથી ગરીબ મુસ્લિમ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓને ફુલ નહી ફુલની પાંખડી સમાન મદદરૂપ બનવાના પ્રયાસે વિનામુલ્યે ચોપડા તથા નોટબુકોનું વિતરણ કરે છે અને જેનો લાભ ડીસાના ગવાડી- રાજપુર- મીરાં મોહલ્લા- ડોલીવાસ- શેરગંજ ગાયકવાડ વગેરે પછાત ગણાતા મુસ્લિમ સમાજના વિસ્તારોમાં મુસ્લિમ સમાજના કે.જી.થી લઈ કોલેજ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓને આપવામાં આવે છે. આ સંદર્ભે દર વર્ષની જેમ આ સાલે પણ ડીસા મુસ્લિમ વકફ કમિટી દ્વારા અંદાજે બે થી અઢી હજાર જેટલા વિદ્યાર્થીઓને વિનામુલ્યે ચોપડા- તથા નોટબુકોનું વિતરણ કરાઈ રહેલ છે અને જે લોકોમાં અને ખાસ કરીને ગરીબ મુસ્લિમ સમાજમાં પ્રસંશનીય બની રહ્યું છે. ઉપરોક્ત ચોપડા- નોટબુકોના વિનામુલ્યે વિતરણ વ્યવસ્થામાં ડીસા મુસ્લિમ વકફ કમિટીના

**અનુસંધાન પાના નં.૬**

### શ્રી સમાલ ગોળ દરજી જ્ઞાતિનો વિદ્યાર્થી સન્માન અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

પ્રતિનિધિ ભીલડી

દર વર્ષની જેમ ચાલુ વર્ષે શ્રી સમાલ ગોળ દરજી જ્ઞાતિ વિકાસ મંડળ,દ્વારા વિદ્યાર્થી સન્માન અને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવાનો હોઇ દરેક જ્ઞાતિબંધુઓને જણાવવાનું કે સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તેમનાં સંતાનોની પરીક્ષાની માર્કશીટની નકલ પાટણ મુકામે ડાહ્યાભાઈ અંબારામ દરજી, ડીસા મુકામે ત્રિભોવનભાઈ શંકરભાઈ દરજી, પાલનપુર મુકામે પ્રહલાદભાઈ ડાહ્યાભાઈ દરજી, ભીલડી મુકામે અશ્વિનભાઈ બાબુભાઈ દરજી તેમજ નજીકના કારોબારી સભ્યોને તારીખ ૩૦-૦૬-૨૦૧૮ સુધી મોકલી આપવા જણાવાયું છે.

### ભાજપ સરકાર ગેમ ચેન્જર નહીં પણ નેમ ચેન્જર : જયરાજસિંહ

વડોદરા

કેન્દ્રમાં ભાજપ સરકારને ચાર વર્ષ પુર્ણ થયા. તેનો વિરોધ પ્રદર્શન કરતા કોન્ગ્રેસે સરકારને વિશ્વાસઘાતી લેખાવી હતી.અને હવામાં કાળા ફૂગ્ગા છોડ્યા હતા.

પ્રદેશ કોંગ્રેસ ના પ્રવક્તા જયરાજસિંહ પરમારે ભાજપ સરકારે ૪ વર્ષમાં કશું જ કર્યુ નથી નો આક્ષેપ કરી કોન્ગ્રેસની યોજનાઓને જ નામ બદલી અમલમાં મુકે છે. મનરેગા યોજનાને નિષ્ફળ ગણાવનાર ભાજપ સરકાર દ્વારા આ જ યોજના અમલમાં મુકવામાં આવી છે. આમ ભાજપ સરકાર ગેમ ચેન્જર નહી. પણ નેમ ચેન્જર છે એમ જણાવ્યુ હતુ.

### મગદલ્લામાં સમરકેમ્પ લાઈફ ડેવલોપમેંટ શિબિર સંપન્ન



વસંત બારોટ

સુરત

ડુમસ - મગદલ્લારોડ પર આવેલ શ્રી નાગેશ્વરતીર્થમાં ચાલી રહેલ સમરકેમ્પ લાઈફ ડેવલોપમેન્ટ યુવા શિબિરમાં સાતમાં દિવસે ૧૦ રાજ્યોથી આવેલ ૨૦૦ થી વધુ શિબિરાર્થીઓને સંબોધન કરતા જૈનાચાર્યશ્રી રશ્મિરત્નસુરિજીએ જણાવ્યું કે યૌવન નામનું પંખી સાધનાના ગગનમાં તો જ ઉડી શકે જો એની પાસે જ્ઞાનની સાચી આંખ હોય અને આચરણની સાચી પાંખ હોય મોક્ષ તરફ ઉડ્ડાયન ભરવા જ્ઞાન અને આચરણ બંને જરૂરી છે પુજ્ય ગુરૂદેવશ્રીની પ્રેરણાને પામી માતા - પિતાને રોજ વંદના કરવા, રોજ પ્રભુ પુજા, સામાયિક કરવી, ૫૦૦ એકાસણા કરવા આદિ સંકલ્પો કર્યા હતા. રવિવારે ભવ્ય ઈનામી મેળાવડો અને સમર્પણ સમારોહ યોજાયો હતો. રાજહંસ પરિવારે આ સંપૂર્ણ શિબિરનો લાભ લીધો હતો.

### વડોદરાના લક્ષ્મી નારાયણ મંદિરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન



મનીષ જોષી

વડોદરા

વડોદરાના માંજલપુર વિસ્તારના લક્ષ્મીનારાયણ મંદિરમાં સામાન્ય દિવસોમાં દર ગુરૂ અને શુક્રવારે દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળતી હોય છે. હાલમાં પુરુષોત્તમ માસ ચાલી રહ્યો હોવાથી તા. ૧૩ જુન સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. જેમાં દર રોજ સાંજે ૬ કલાકે વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ તેમજ દર ગુરૂ અને રવિવારે સમુહ ૧૦૦૮ તુલસી અર્ચના થઈ રહી છે.

**અનુસંધાન પાના નં.૬**

## અધિકમાસનું કથામૃત

ઘણા વર્ષો પહેલાની આ વાત છે, એક રાજા હતો એ રાજાનો એક પ્રધાન હતો. આ પ્રધાનને ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યે અપાર શ્રધ્ધા હતી. તે સતત તેની ભક્તિ કરતો અને કંઈપણ સારૂ થાય કે ખરાબ થાય તો પણ એ એક કહેતો કે,"ભગવાન શ્રી કૃષ્ણની કૃપાથી સારૂ થયું." ક્યારેક આ અંગે રજા તેને ટકોર કરે તો પણ તે કહેતો "ભગવાન શ્રી કૃષ્ણ તો ખૂબ જ દયાળુ છે અને તેઓ જીવમાત્રનું કલ્યાણ જ કરે છે અને મને તેમના ઉપર ખૂબ જ શ્રધ્ધા છે."

એક વાર કંઈક કારણ બનતા રાજાના પગની ટચલી આંગળી કપાઈ ગઈ અને લોહી વહેવા લાગ્યું. એટલે તત્કાલ રાજ વૈદ્યને બોલવવામાં આવ્યા. તેમણે આવી અને રાજાને સારી રીતે પાટો બાંધી આપ્યો. ત્યારે રાજાએ પ્રધાનને કહ્યું, "પ્રધાનજી, આજે અચાનક જ મારા આ પગની આંગળી કપાઈ ગઈ" પ્રધાન તરત જ બોલી ઉઠ્યા, 'વાહ..રે.. વાહ ભગવાન શ્રી કૃષ્ણની કૃપાથી બધું સારૂ થયું." આ સાંભળી રાજાનો પિતો થયો તે બોલી ઉઠ્યો, "મારા પગની આંગળી કપાઈ ગઈ એમાં તને એમ લાગે છે કે, સારૂં થયું..? તરત જ રાજાએ પોતાના સિપાહીઓને આજ્ઞા આપી કે, આ પ્રધાનને અંધારી કાળી કોઠરીમાં પૂરી નાખો."રાજાનો હુકમ થયો એટલે તુરત જ પ્રધાનને કાળી કોઠરીમાં પૂરવામાં આવ્યા. ત્યારે પ્રધાનજી ફરી એમ જ બોલ્યા કે, "ભગવાન શ્રી કૃષ્ણની કૃપાથી સારૂં થયું."

આ ઘટના થોડાક દિવસો પછી એક દિવસ એ રાજા પોતાના સૈનિકોને સાથે લઈ અને શિકાર કરવા નિકળ્યા, એક હરણનો શિકાર કરવાની ઈચ્છાથી યુક્ત એ રાજા પોતાના સૈનિકોથી વિખુટો પડી અને જંગલમાં ભૂલો પડી ગયો. એ વાતનું એને જ્ઞાન થયું ત્યારે તે ખૂબ જ થાકી ગયો હતો અને પાણીની તરસથી તે પીડાતો હતો, તેને ભૂખ પણ લાગી હતી. તે એક ઝાડના થડ પાસે બેઠો ત્યાં કેટલાક જંગલી લોકો આવ્યા, તેમણે આ રાજાને જોયો એટલે કંઈક અવાજ કરી નાચવા લાગ્યા. ત્યાર બાદ એ રાજાને પકડી અને પોતાના સરદાર પાસે લઈ ગયા અને પછી તેને પીવા માટે પાણી અને ખાવાનું આપવામાં આવ્યું પછી તેને શુધ્ધ જળથી સ્નાન કરાવી અને એ જંગલી લોકોની દેવીના મંદિરમાં લઈ જવામાં આવ્યો. એટલે રાજા પરિસ્થિતિને પામી જઈ અને સમજી ગયો કે હવે તેની આ જંગલી લોકો બલી ચડાવી દેશે. તેથી તે ખૂબ જ ગભરાયો પરંતુ થાય શું..?

એક બાજુ જંગલી નગારા વાગી રહ્યા હતા, બીજી બાજુ ચિત્ર-વિચિત્ર અવાજો સાથે જંગલી લોકો નાચી રહ્યા હતા. રાજા તો સમજી જ ગયો આજે આપણા પ્રાણ હરિ લેવાશે તેની દેવીમાંની મૂર્તિ સમક્ષ ઉભો રાખવામાં આવ્યો એટલે પૂજારી હાથમાં તલવાર લઈ પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયો અને જ્યાં તે રાજાનો માથું કાપવા જાય છે ત્યાં જ અચાનક તેની નજર રાજાના પગ પર પડી. પગની ટચલી આંગળી કપાયેલી જોઈ એ રાડ પાડી ઉઠ્યો, "આ પુરૂષ નરબલિ માટે કામ નહીં આવે, કારણ કે તેનું શરીર ખંડિત છે, કાપાયેલું છે તેથી કપાયેલી આંગળીવાળા આ પુરૂષ નરબલિ માટે અયોગ્ય ગણાય. માટે આ પુરૂષને છોડી મૂકો. એટલે જંગલીઓના સરદારે એ રાજાને છોડી મૂકવા આજ્ઞા કરી." રાજાને પ્રધાનના શબ્દો યાદ આવ્યા.

ત્યાંથી મુક્ત થયેલો રાજા માંડ માંડ પોતાના રાજ્યની હદમાં પહોંચ્યો અને પછી પોતાના રાજ્યમાં પહોંચતા જ તે કોટડીમાં ગયો અને ત્યાંથી પ્રધાનને મુક્ત કરાવી અને તેને પગે લાગવા માંડ્યો પ્રધાન કહે, રહેવા દો મહારાજ, તમે મને પગે લાગો એ શોભતું નથી. પરંતુ થયું શું એ તો કહો..?

પ્રધાનજી મારા પગની આંગળી કપાઈ ગઈ ત્યારે તમે કહેલું કે, ભગવાન શ્રી કૃષ્ણની કૃપાથી જે કંઈ થયું તે સારૂ થયું. તમે કહેલા શબ્દો સાચા પડ્યા."રાજા બોલ્યો" હું તો બચી ગયો અને સારૂં થયું, પરંતુ મેં તમને અંધારી કાળી કોઠરીમાં પૂર્યા ત્યારે પણ તમે કહેલું કે, ભગવાન શ્રી કૃષ્ણની કૃપાથી સારૂ થયું તો તમારે તો કાળી કોઠરીમાં પૂરાવું પડ્યું તેમાં શું સારૂ થયું..? ત્યારે પ્રધાન મંદ મંદ સ્મિત સાથે બોલ્યા, હું "મહારાજ રહ્યો તમારો પ્રધાન, તમે શિકરામાં નિકળ્યા ત્યારે હું જો મૂક્ત હોત તો તમારી સાથે શિકાર માટે નિકળ્યો હોત કારણ કે, મારો ઘોડો પણ તમારા ઘોડાની સાથે સાથે જ ચાલનારો છે હવે આપણે બન્ને આપણા રસાલાથી છૂટા પડી ગયા હોત અને પછી એ જંગલી લોકોએ આપણને પકડ્યા હોત તો તમે તો બચી જાત પણ મારૂ શરીર અખંડિત હતું તેથી મારી તો તરત જ બલિ ચડાવાઈ ગઈ હતો..! ખરૂ ને..! ?

ત્યારે રાજા બોલ્યા, "તમારી વાત ખરી છે અને તમારી શ્રધ્ધા પણ ખરેખર સાચી છે. ભગવાન શ્રી કૃષ્ણ જે કંઈ કરે છે તે જીવમાત્રના કલ્યાણ માટે જ કરે છે.

**આજનું ભજન**

દિલને વિશાળ તું બનાવ આકાશ એ સમજાવે.
મનની મોટાઈ તને મોટો બનાવશે,
દોષો સકલના તું દીલમાં છુપાવશે,
થઈ જશે તું તો ભગવાન આકાશ...
સુખમાં ફૂલીને વૃથા ફાળકો બને છે તું,
થઈને ગમાની સદા શાનો ફરે છે તું,
સુખમાં સદાય રહેનાર આકાશ..
દુઃખમાંહી દીન બની આસું વહાવે તું,
થઈને હતાશ સદા હૈયે રડે છે તું,
દુઃખના દિવસ છે બે ચાર આકાશ..
વાયુને મેઘ બધા વ્યોમે વિચારતા,
તોય જરીક એ આભને અડકતા,
થઈ જા અનંતને અપાર આકાશ..

**કનકચંદ્ર સી.વ્યાસ**

**સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ**

## ધાનેરાની ડી.બી.પારેખ હાઈસ્કૂલમાં ગુરુજી સન્માન સમારોહ યોજાયો



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાની ડી.બી.પારેખ હાઈસ્કૂલ ખાતે યોજાઈ ગયેલા સન્માન અને સત્કારના રૂડા કાર્યક્રમે ડી.બી. પારેખના પૂર્વ શિક્ષકોનું બહુમાન કરી એક શિસ્ય તરીકેની ખરી ફરજ આ શાળાના પૂર્વ વિદ્યાર્થી ઓ એ નિભાવી હતી.

ધાનેરા ખાતે જ્યારે શિક્ષણના મંદિર ની જરૂર હતી એ સમય ધાનેરાના જૈનબંધુ દ્વારા ૧૯૫૭ માં ડી.બી. પારેખ હાસ્કૂલની શરૂઆત કરવામાં આવી અને આ શાળા માં ધાનેરા તાલુકાના અનેક વિદ્યાર્થીઓએ પોતાના જીવનનું ઘડતર કર્યું. બસ આજ રીતે આ શાળામાં વર્ષ ૧૯૯૫માં અભ્યાસ કરતા ધોરણ આઠ ના વિદ્યાર્થીઓએ સાથે મળી ભેગા થવાનું નક્કી કર્યું અને જેમને નાનાપણમાં શિક્ષણ પૂરું પાડ્યું છે આવા શિક્ષકોના દર્શન કરી તેમનું બહુમાન કરવાનું નક્કી કર્યું.

સતત એક વર્ષની મહેનત બાદ આજે એક જગ્યા પર ગુજરાત તેમજ ભારતના ખૂણે ખૂણેથી આજે પોતાના વતન એ વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા હતા અને આ શાળા ને ૨૦ વર્ષ અગાઉ છોડીને ગયેલા શિક્ષકોને પણ માનભેર બોલાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યથી ગદગદ થયેલા વયોવૃધ્ધ શિક્ષકોએ પણ પોતાના પૂર્વ વિદ્યાર્થીઓના કાર્યની સરાહના કરી હતી.

# થરાદમાં જૈનાચાર્યો પધારતાં વાજતેગાજતે ભવ્ય નગર પ્રવેશ

### ત્રિસ્તુતિક જૈનસંઘના ગચ્છાધિપતિ એ ગુરુ મંદિર પર વાસક્ષેપ કર્યો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

રાજસ્થાનના ભાંડવપુર મુકામે ગુરૂવરની સમાધિનાં દર્શન કરવા જઇ રહેલા થરાદ ત્રિસ્તુતીક જૈનસંઘના વર્તમાનાચાર્ય મહારાજ સાહેબ આદીઠાણાએ શનિવારે થરાદમાં પ્રવેશ કરતાં તેમનું ભવ્ય સ્વાગત સામૈયુ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગચ્છાધિપતિ એ ગુરુ મંદિર પર વાસક્ષેપ કર્યો હતો.

પૂર્ણ સમ્રાટ ગુરુદેવ શ્રીમદ વિજય જયંતસેન સૂરિશ્વરજી મહારાજના પટ્ટધર પુ.ગચ્છાધીપતિ શ્રીમદ્ વિજય નિત્યસેન સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય આચાર્યદેવ શ્રીમદવિજય જયરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠાણાનો શનિવારે થરાદ નગરમાં ભવ્ય પ્રવેશ થતાં થરાદ ત્રિસ્તુતિક જૈન સંઘ દ્વારા વાજતે ગાજતે ભવ્ય નગરપ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બંને ગચ્છાધિપતિ ઓને કામળી ઓઢાઢવાનો ચડાવો થરાદના કંકુબેન ચીમનલાલ પરિવારના શૈલેષભાઈ દેસાઈ દ્વારા લેવામાં આવ્યો હતો. ત્યારબાદ ગચ્છાધિપતિઓ રાજસ્થાનના ભાંડવપુર મુકામે પૂજ્ય ગુરૂદેવશ્રીની સમાધીના દર્શન કરવા માટે વિહાર કર્યો હતો. રસ્તામાં દુધવા હાઈવે પર આવેલા કંકુ ચીમન વિહાર ધામમાં દેસાઈ પરિવાર દ્વારા મહારાજ સાહેબોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તે પૂર્વે થરાદ નગરના મોટા મહાવીર જિનાલયમાં બની રહેલા ભવ્યાતિભવ્ય મંદિરના ગુરુ મંદિર પર ગચ્છાધિપતિ મહારાજસાહેબે વાસક્ષેપ પણ કર્યો હતો.આ પ્રસંગે બહોળી સંખ્યામાં થરાદના જૈન પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયભરમાં તળાવો, ચેકડેમો અને નદીઓના વહેણ ઉંડા થવાથી સિંચાઇ ક્ષેત્રે મોટો ફાયદો થશે - પરબતભાઇ પટેલ

### પાલનપુર અને અમીરગઢ તાલુકાના ગામોમાં જળ સંચયના કામોનું નિરીક્ષણ કરતાં રાજ્ય મંત્રી



પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના કુશ્કલ અને અમીરગઢ તાલુકાના ઢોલીયા ગામમાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત ચાલતા તળાવો ઉંડા કરવાના કામોનું સિંચાઇ અને પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઇ પટેલે નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રી પરબતભાઇ પટેલે જણાવ્યું કે તા.૧ લી મે થી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં વિરાટ પાયે જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન થકી રાજયભરમાં તળાવો, ચેકડેમો, નદીઓના વહેણ તથા ડેમની સપાટી ઉંડા કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. મંત્રીએ કહ્યું કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને એન.જી.ઓ.ની ભાગીદારીથી વિશાળ પાયે જળસંચયના કામો કરવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે આ અભિયાન તા. ૩૧ મે સુધી અવિરતપણે ચાલશે.

મંત્રી પરબતભાઇ પટેલે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નર્મદા બંધની ઉંચાઇ વધારી ગુજરાતમાં પાણીની કાયમી અછત દૂર કરી છે. તેમણે લોકોને અનુરોધ કરતાં જણાવ્યું કે સારા કામમાં સરકારની સાથે રહી સૌના સાથથી સૌનો વિકાસ કરીએ. મંત્રીશ્રીએ કહ્યું કે ખેડુતોના ભલા માટે આ સરકાર કામ કરી રહી છે. રાજયભરમાં તળાવો, ચેકડેમો અને નદીઓના વહેણ ઉંડા થવાથી સિંચાઇ ક્ષેત્રે ખેડુતોને બહુ મોટો ફાયદો થશે.

મંત્રી પટેલે પાણીનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે જળ વિના જીવસૃષ્ટિનું અસ્તિત્વ શક્ય જ નથી ત્યારે કોઇપણ જીવસૃષ્ટિના અસ્તિત્વને ટકાવી રાખવા માટે પાણીના મહત્વને સમજી તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ. તેમણે કહ્યું અત્યારે સમગ્ર રાજયમાં ચાલી રહેલા

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં રહીશોએ અંબિકાનગરના નગરપાલિકાના રોડનું કામ અટકાવતાં ખળભળાટ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

રવિવારે નગરપાલિકા અંબિકાનગર ભાગ બે વિસ્તારમાં સીસી રોડની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે કામગીરી અડધી પૂર્ણ થવા પામી હતી. પરંતુ આગળ વધતાં રસ્તો એક રહીશની માલિકીના ખાનગી પ્લોટમાં બેથી ત્રણ ફૂટ બનાવવાની તજવીજ હાથ ધરવામાં આવતાં અન્ય રહીશોમાં રોષની અને આક્રોશની લાગણી ફેલાવા પામી હતી.રવિવારે સાંજના સુમારે કામગીરી ચાલુ હતી આ વખતે થરાદ નગરપાલિકાના કોંગ્રેસના સદસ્ય અને પૂર્વ ઉપપ્રમુખ દીપક ઓઝા તથા કિશોરભાઈ ત્રિવેદી અને અન્ય રહીશો એકઠા થઈ જવા પામ્યા હતા તેમણે નગરપાલિકા દ્વારા રોડ વચ્ચે આવતું દબાણ દૂર કરાવ્યા વગર કોઇની માલિકીના પ્લોટમાં રોડ કઈ રીતે હાથ ધરવામાં આવ્યો છે તેમ કહી હોબાળો મચાવી રોડની કામગીરી અટકાવી દીધી હતી.તેમજ પાલિકાએ રોડ કરવો હોય તો કોઇના પ્લોટમાં ન બને તે રીતે ૨૦ ફૂટનો ચોખ્ખો રસ્તો કાઢી બનાવવામાં આવે તેવી માંગણી કરી હતી. આ ઘટનાથી ચકચાર સાથે ખળભળાટ મચવા પામ્યો હતો.

# થરા પાલીકા શૌચાલય ગેરરીતીની એસી.બી. તપાસના ચક્રો ગતિમાન : માહિતી છુપાવવા ધમ પછાડા

### ઓખા પાલીકા કરતાં મોટી ગેરરીતી બહાર આવે તેવી ચર્ચા


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કેન્દ્ર રાજય સરકારના સ્વચ્છતા અભિયાન થકી લોકોના સુખાકારીને આરોગ્યની જાળવણી થાય તેવા પ્રયાસો અંતર્ગત લોકો જાહેરમાં કચરો ગંદકી કે શૌચક્રીયા ન કરે તે માટે તમામ પ્રયત્નો ગ્રાન્ટ ઈશ્યુ કરીને થઈ રહ્યા છે તાલુકા નગર કક્ષાએ વ્યક્તિગત શૌચાલય બનાવવાના અભિયાનને કેટલાક લોકોએ કમાણીનું સાધન બનાવી દીધું રૂા.૧૨,૦૦૦/- વ્યક્તિગત શૌચાલયના લુંટવામાં પાલીકા તાલુકા પંચાયતોમાં રીતસરની હોડજામી બનાસકાંઠા જિલ્લા મ્યુનીસયલ અધિકારીના તાબાના કાંકરેજ તાલુકાના થરાનગર પાલીકા શૌચાલય ગેરરીતી પર્દાફાશ કરવા નગરના જાગૃત નાગરીક વિપુલકુમાર દેવચંદભાઈ પ્રજાપતિએ કમર કસી છે તે આ ગેરરીતીમાં પાલીકાના ચીફ ઓફીસર (ઈન્ચાર્જ) જે તે સમયે રહ્યા હોય તે કોન્ટ્રાક્ટર - એકાઉન્ટન્ટ ઈજનેર સહીતની મીલી ભગતથી રાજયમાં સૌથી મોટું શૌચાલય કૌભાંડ છે તેના તમામ પુરાવા સાથે તાલુકા ફરીયાદ નિવારણ કાર્યક્રમથી માંડીને ઉચ્ચકક્ષા સુધી રજુઆત કરવા છતાં પાલીકા દ્વારા જિલ્લા મ્યુનિસીપલ અધિકારી - બનાસકાંઠાને

અનુસંધાન પાના નં.૬

### રખેવાળના અહેવાલનો પડઘો

# થરાદ એસ ટી ડેપોમાં કપચી નાખી પાણી છાંટાતા રાહત

### કોન્ટ્રાક્ટરની બેદરકારીથી મુસાફરો પરેશાની ભોગવી રહ્યા હતા


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં નવા બની રહેલા એસ.ટી.ડેપોની ચાલી રહેલી પુરજોશમાં કામગીરી વચ્ચે કોન્ટ્રાક્ટર દ્વારા ડેપો ના તળીયા પર ધૂળની પુરાંત કરાઇ હતી.જેના પર બસો પસાર થવાના કારણે ઉડતી ધુળથી ડેપોમાં બેઠેલા તથા અવર-જવર કરતાં મુસાફરો ધૂળથી ભરાતાં ભારે હાલાકીના કારણે તેમનામાં રોષની લાગણી ફેલાવા પામી હતી.વળી ઉડતી ધૂળના કારણે કશું જોઈ પણ ન શકાતું હોઇ બે બસો વચ્ચે અથવા તો મુસાફરો સાથે અકસ્માત થવાનો પણ પુરો ભય ઉઠવાની દહેશત વચ્ચે એસટી ડેપો દ્વારા સત્વરે પગલા લઇ તાત્કાલિક ધોરણે હટાવવામાં આવે અથવા તો પાણી છાંટીને તેને દાબી દેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.આમ પ્રજાની મુશ્કેલીઓને વાચા આપતા આ સમાચાર ઉત્તરગુજરાતના પ્રહરી એવા રખેવાળ દૈનિકમાં શનિવારે પ્રસિધ્ધ થયા હતા.આથી કોન્ટ્રાક્ટર દ્વારા સાંજે માટી પર કપચી પાથરવામાં આવી હતી. ત્યાર બાદ પાણીનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. જેના કારણે માટે ઉડતી ધુળ બંધ થતા ડેપોમાં અવર-જવર કરતા મુસાફરોમાં રાહતની લાગણી ફેલાવા પામી હતી.

# થરાદ-ડીસા હાઇવે પર ડમ્પર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

શનિવારની સાંજે થરાદ-ડીસા હાઈવે પર આવેલ આઈ.ટી.આઈ કોલેજ પાસે એક ટ્રેકટર અને ડમ્પર વચ્ચે ધડાકાભેર અકસ્માત થવા પામ્યો હતો. જેમાં ટ્રેકટરની ટ્રોલી ડમ્પર સાથે અથડાઈને પલટી ખાઈ ગઈ હતી. જોકે દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. પરંતુ થરાદ પંથકમાં માં અકસ્માતનો સીલ સીલો યથાવત રહેવા પામ્યો હતો.

### નાંણી એરફોસમાં ઘાસચારા વિના ટળવળતી ગૌમાતાઓને

# ડીસા ગોપાલસેના દ્વારા રોજની એક ગાડી લીલો ઘાસચારો પૂરો પડાશે


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા નજીકના નાંણી એરફોર્સમાં રહેલી હજારો ગાયો છેલ્લા કેટલાક દિવસોથી ઘાસચારા વિના ટળવળતી હતી જેની મિડીયાના માધ્યમથી ગૌભક્તોને અપીલ કરવામાં આવતા ગૌમાતાના વહારે અનેક સંસ્થાઓ સેવાભાવી કાર્યકરો જોડાયા હતા. જેમાં રબારી સમાજના યુવાનો સંગઠન ગોપાલ સેના પણ ગૌમાતાઓને વહારે આવતા નાંણી એરફોર્સમાં રહેલી ગાયો માટે લીલો ઘાસચારો પૂરો પાડવામાં આવી રહ્યો છે. સોસીયલ મિડીયાના મેસેજના માધ્યમથી ગોપાલસેના દ્વારા આ ગાયોને રોજેરોજ લીલો ઘાસચારો પુરો પાડવાનું અભિયાન હાથ ધર્યું છે. જેમાં રવિવારના રોજ ગોપાલસેનાના કાર્યકરો દ્વારા નાંણી એરફોર્સમાં રહેલી ગાયોને લીલો ઘાસચારો ભરેલી ટ્રકો લઈ નાખવામાં આવી હતી. ગોપાલસેનાના માધ્યમથી ડાભોટ નિવાસી હાલ ડીસા રહેતા મયજીભાઈ રબારીની ધર્મપત્નિ ભીખીબેનની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિએ ગૌમાતાને દાન કરતા લીલો ઘાસચારો લાવી નાંણી એરફોર્સમાં રહેલી ગાયોને દાન કર્યુ હતું.

# ડીસામાં રોહિત સમાજ દ્વારા માર્ગદર્શન સેમિનાર યોજાયો


ભરત સુંદેશા

રોહિત સમાજ દ્વારા ગતરોજ શૈક્ષણિક વિકાસના હેતુથી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસાની ડી.એન.જે.આદર્શ હાઈસ્કુલ ખાતે રોહિત સમાજ શૈક્ષણિક વિકાસ સમિતિ દ્વારા યોજાયેલ સેમિનારમાં બહોળી સંખ્યામાં રોહિત સમાજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માંડલા ખાતે અધિકમાસે રામકથાનું આયોજન


અશોક પ્રજાપતિ

પ્રતિનિધિ માંડલા

કાંકરેજ તાલુકાના માંડલા ગામે અધિક માસ નિમિત્તે રામજી મંદિરના પુજારી વાસુદેવજી વૈષ્ણવ દ્વારા પૂ.મોરારી બાપુની ગૃહસ્થી રામાયણનું પઠન કરવામાં આવે છે. પોતાની આગવી છટ્ટાથી કથા દ્વારા વિવિધ દ્રષ્ટાંત પુરા પાડી સમાજ જીવનને ઉપયોગી ભાથુ પીરસી અનોખા ભક્તિસભર દ્રશ્યોનું સર્જન થાય છે. રામાયણજીની આરતી, પોથીપૂજા, પ્રસાદ જેવા વિવિધ કાર્યક્રમો થકી કથાનું વિષય વસ્તુ પીરસી શ્રોતાઓને પીરસવામાં આવે છે.

આ પ્રસંગે પૂર્વ સરપંચ રેવાભાઈ પટેલ, અણદાભાઈ પટેલ, હેમરાજભાઈ પટેલ, રસિકભાઈ સોની, શામજીભાઈ દવે, કાન્તિભાઈ પ્રજાપતિ, અમથાપુરી ગૌસ્વામી, પરમાભાઈ પટેલ, રત્નાભાઈ પટેલ, વશરામભાઈ પટેલ તેમજ મહિલાઓની વિશેષ ઉપસ્થિતિમાં રામકથાનું સુંદર આયોજન કરાયું છે.

# ડાંગીયા(મડાણા) એસ.આર.પી.ગ્રુપ-૩ની રાજ્ય મંત્રીએ મુલાકાત લીધી



પાલનપુર

જળ સંચય અભિયાન હેઠળ ચાલતા કામોના નિરીક્ષણના પ્રવાસ દરમ્યાન સિંચાઇ અને પાણી પુરવઠા રાજય મંત્રી પરબતભાઇ પટેલે ડાંગીયા (મડાણા) એસ.આર.પી.ગ્રુપ-૩ની મુલાકાત લઇ રાજય અનામત દળના જવાનોને મંત્રીશ્રી મળ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ શહીદવીર અલારખા એચ. ઉનડજામના સ્ટેચ્યુને પુષ્પાજંલિ અર્પણ કરી વીર જવાનોને યાદ કર્યા હતા. તેમણે પોલીસની કામગીરીની સરાહના કરતાં કહ્યું કે પોલીસ વિભાગમાં એસ.આર. પી.ના જવાનો સમાજ માટે પ્રેરણાદાયી કામગીરી કરે છે. તેમણે જણાવ્યું કે પોલીસના જવાનો શિસ્તપ્રેમી હોવાથી તેમાંથી સમાજ પ્રેરણા મેળવતો હોય છે. અનુસંધાન પાના નં.૬

# અરણીવાડા ખાતે મનકી બાત કાર્યક્રમ યોજાયો


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના અરણીવાડા ખાતે પૂર્વ પ્રમુખ તા.પ.કાંકરેજ મફાજી સોલંકીના ફાર્મ હાઉસ ખાતે મનકી બાત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ બુકોલી શક્તિપીઠ દ્વારા રાખવામાં આવ્યો હતો. તેમાં શક્તિપીઠના કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા,તેમાં મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો હાજર રહ્યા હતા અને આવનારી લોકસભા ચૂંટણી માટે પૂર્ણ તૈયારી કરવા ચર્ચાઓ થઈ હતી. તેમાં અમરસિંહ સોલંકી, જલાભાઈ દેસાઈ, આંબાજી સોલંકી, ભરતભાઇ રાજુભાઇ દેસાઈ, શ્રવણસિંહ ડાભી, પાંચાભાઈ દેસાઈ હાજર રહ્યા હતા.

# વડગામના મુમનવાસ ગામે મનકીબાત કાર્યક્રમ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગતરોજ તા.૨૭ મી મે ૨૦૧૮ રવિવાર સવારે વડગામના મુમનવાસ ગામે શારદાબેન સેનમાની અધ્યક્ષતામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો મનકી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો. જેમાં કમલેશભાઈ પ્રજાપતિ, હિતેશભાઈ પ્રજાપતી, આશિફભાઈ મનસુરી, ઈશ્વરભાઈ શીવાજી ઠાકોર, અશોક નાઈ, કમલેશ વ્યાસ વગેરે ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ૨૮ ગામ મોદી સમાજના પ્રમુખ તરીકે બીજીવાર વરણી



પ્રતિનિધિ ભીલડી

પાટણ ખાતે મેલડી માતાજીના સાનિધ્યમાં બનાસકાંઠા - પાટણ મોદી સમાજના ૨૮ ગામના આગેવાનોની મીટીંગ યોજાઈ હતી. જેમાં ૨૮ ગામ મોદી સમાજના પ્રમુખ તરીકે નવી ભીલડી સરપંચ મહેશભાઈ નાનુભાઈ મોદીની સર્વાનુમતે બીજી ટર્મ માટે વરણી થઈ હતી. ઉપસ્થિત સમાજના આગેવાનો એ વરણીને વધાવી લીધી હતી. ભીલડીમાં દાતા તરીકે મહેશભાઈ મોદી હમેશા તત્પર રહે છે. તેમના પરિવાર દ્વારા ભીલડી ગૌશાળા માટે એક વાન આપેલ છે. જ્યારે ભીલડીની પ્રજાને દવાખાને જવા માટે એમ્બ્યુલન્સ અર્પણ કરેલ છે.

# થરાદ સંઘના મુનિશ્રી ચારિત્ર્યરત્ન મહારાજનું ચાતુર્માસ પાટણ મુકામે થશે



પ્રતિનિધિ થરાદ

પૂણ્ય સમ્રાટ ગુરુદેવ શ્રીમદ વિજય જયંતસેન સૂરિશ્વરજી મહારાજના પરમ શિષ્ય તથા પુ.ગચ્છાધીપતિ શ્રીમદ્ વિજય નિત્યસેન સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય આચાર્યદિવ શ્રીમદવિજય જયરત્ન સૂરીશ્વરજી મહારાજ ના શિષ્યરત્ન (નારોલીવાળાના નામથી ઓળખાતા) એવા મુનિશ્રી ચારિત્ર્યરત્ન મહારાજનું આગામી ચાતુર્માસ પાટણ મુકામે યોજાનાર છે. થરાદ તાલુકાના નારોલી ગામના મુનિરાજશ્રી ચારિત્ર્ય મહારાજ જૈન ધર્મ ઉપરાંત ધર્મગ્રંથો અને રાજકીય તથા સામાજીક જ્ઞાનનું પણ બહોળું ભાથુ ધરાવેછે.તેમના ધાર્મિક પ્રવચનો સાંભળવો એ પણ એક અમુલ્ય લ્હાવોછે.પાટણ મુકામે યોજાનાર મુનીશ્રીના ચાર્તુમાસમાં બહોળી સંખ્યામાં ઉમટવા જૈનસમાજ થનગની રહ્યો છે.શનિવારે થરાદ પધારેલા મુનીરાજના થરાદના પત્રકાર હાજાજી રાજપુત અને વિષ્ણુ દવેએ આશિર્વાદ લીધા હતા.મહારાજે નગરના તમામ ધર્મપ્રેમીજનોને પણ યાદ કરી તેમની કુશળતાની કામના કરી હતી.

# એક્સપ્રેસ વે પર ડમ્પર-કાર વચ્ચે અકસ્માત : છનાં મોત

અમદાવાદ

આણંદ જિલ્લામાં અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે પર આડસ ગામ પાસે એક ડમ્પર અને કાર વચ્ચે સર્જાયેલા જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાતાં છ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા. ડમ્પર અને કાર વચ્ચેના અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર ખોરવાઇ ગયો હતો અને ટ્રાફિક ચક્કાજામ થઇ ગયો હતો. ઘટનાની જાણ થતાં હાઈવે પોલીસ પણ દોડી આવી હતી અને સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જો કે, ડમ્પર અને કાર વચ્ચેના અકસ્માતમાં એકસાથે છ લોકોના મોતના સમાચાર જાણી સૌકોઇમાં અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી, બીજીબાજુ, સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આણંદ જિલ્લાના વિસ્તારમાં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અડાસ ગામ નજીક આજે એક ડમ્પરચાલક આણંદથી રોંગ સાઈડમાં હાઈવે પર આવી રહ્યો હતો ત્યારે સામેથી પૂરપાટઝડપે આવી રહેલી કાર સાથે તેનો જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો. ડમ્પરની જોરદાર ટક્કરને પગલે કારનો ખતરનાક રીતે ભુક્કો બોલી ગયો હતો. ડમ્પર અને કાર વચ્ચે સર્જાયેલા

અનુસંધાન પાના નં.૬

# તંત્રી સ્થાનેથી ...

## આફતના સમયે ધીરજ નહીં ગુમાવવી જોઈએ

## સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ સાથે માનવીય અભિગમ અપનાવવો જરૂરી

રાજયના ગ્રામ્ય વિસ્તારો અને શહેરોમાં આવેલી સરકારી હોસ્પિટલોમાં ડૉક્ટરો અને સ્ટાફની અનિયમિતતા અને નિષ્ક્રિયતાના પરિણામે દર્દીઓને સહન કરવું પડતું હોય છે.ખાસ કરીને વર્તમાન સંજોગોમાં અમદાવાદની સિવીલ હોસ્પિટલ વારંવાર ચર્ચામાં આવતી હોય છે. અને તેમાંય ખાસ કરીને બાર મહિનામાં બે ચાર વખત સિવીલ ડૉક્ટરોની હડતાળ હોય છે. તેમના પ્રશ્નોને સરકાર વાચા આપતી નથી. તેના કારણે દર્દીઓ ભોગ બનતા હોય છે. સમયસર હોસ્પિટલમાં ડૉક્ટર કે સ્ટાફ હાજર ન રહે તો તેમની વિરૂધ્ધ ક્યારેય કોઈપણ જાતના પગલાં ભરવામાં આવતા નથી અને જો એકાદ ડૉક્ટર સામે પગલાં ભરવામાં આવે તો તમામ ડૉક્ટરો હડતાળનું રણશીંગુ ફુંકતા હોય છે. આના કારણે આર્થિક રીતે નબળા અને પિડાતા દર્દીઓની હાલત ગંભીર બનતી હોય છે. ત્યારે તાજેતરમાં અમદાવાદની સિવિલમાં એક આધેડને ગંભીર હાલતમાં ઘવાયા બાદ રાત્રે તેનું મોત થતાં દર્દીના કેટલાક સંબંધીઓએ ડૉક્ટરને અપશબ્દો બોલીને માર માર્યો હોવાની ફરિયાદ પોલીસમાં ડૉક્ટર તરફથી દર્દીના સંબંધી વિરૂધ્ધમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આક્ષેપ એવો છે કે સાંજે સાડા પાંચ વાગે ગંભીર રીતે ઘવાયેલા એક આધેડને હોસ્પિટલની અંદર સારવાર અર્થે લાવવામાં આવેલ. આ દર્દીને હાથ પગે ફેક્ચર હતા અને કપાયેલી નસોમાંથી લોહી નિતરતું હતું. જેથી રાત્રિ દરમિયાન દર્દીઓના સંબંધીઓએ ભારે હોબાળો મચાવી દીધો હતો.

જો કે સિવીલના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા ડૉ.ધ્રુમીલ મઝમુદારે ફરિયાદ નોંધાવી હતી કે તે પોતે રાજેશ સોલંકીના યુનિટમાં કામ કરે છે ત્યારે ગત બુધવારે સાંજે ૫:૨૧ કલાકે ઓઢવથી ૫૦ વર્ષના દર્દીને ઓઢવથી ઓ.ટી.માં લાવવામાં આવેલ. દર્દીના ડાબા હાથ અને પગમાં ફેક્ચર હતું. નસો કપાઈ જવાથી લોહી નિકળતું હતું અને દર્દીની સારવાર ચાલુ કરી ત્યારે રાત્રિના સાડા બાર વાગે દર્દીના સબંધીઓ દોડી આવ્યા હતા અને સારવાર બાબતે બોલાચાલી કરી હોવાનું કહેવાય છે. જ્યારે દર્દી બેભાન હાલતમાં હતો. પેશન્ટના સંબંધીઓ પૈકી ચાર જણાએ ઓ.ટી.માં ડૉ.શૈનુજને ગાળો બોલી ધક્કો મારી ધમાલ મચાવી દીધી હતી.

સિવીલમાં આ રીતના બનાવો અનેક વખત બન્યા હોવા છતાં દર્દીઓ અને ડૉક્ટર વચ્ચે માનવીય અભિગમના અભાવના પરિણામે હોસ્પિટલમાં હોબાળો થયા વિના રહેતો નથી. આના કારણે અન્ય દર્દીઓની સ્થિતિ પણ ગંભીર બનવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. સિવીલ સહિત રાજયની કોઈપણ સરકારી હોસ્પિટલોમાં ડૉક્ટરોએ માનવીય અભિગમ અપનાવવો જોઈએ અને દર્દીની પરિસ્થિતિનું નિવારણ કેવી રીતે લાવવું તે અંગે પણ ડૉક્ટર ટીમે વિચારવું જોઈએ. આ બાબતે રાજ્ય સરકારે પણ હોસ્પિટલોમાં ચાલતી કામગીરી સંદર્ભે નજર રાખવી જોઈએ.

## અલંકિતે ઈ-રાહી મોબાઈલ એપ્લીકેશન અને ડેસ્કટોપ સોલ્યુશન રજુ કર્યુ



ભારતના અગ્રણી જીએસટી સોલ્યૂશન પ્રોવાઈડટર અલંકિત લિમિટેડ એ કિલક ઓફ બટન સાથે ઈ-બિલ્સ જનરેટ (નિર્માણ) કરતા સરળ અને કોસ્ટ ઈફેટિવ (ઓછી પડતર) ઈ-રાહી મોબાઈલ એપ્પ અને ડેસ્કટોપ સોફટવેરની રજુઆત કરી છે. આ એપ્લીકેશન ગૂગલ પ્લે-સ્ટોર પર ઉપલબ્ધ છે અને ઝડપથી તેનું આઈઓએસ વર્જન પણ રજુ કરવામાં આવશે. ઈ-રાહી દ્વારા યુઝર ઈ-વે બિલ્સ જનરેટ કરી શકે છે, તેને એડિટ કરી શકે અને એસએમએસ, વ્હોટસએપ કે ઈ-મેલ દ્વારા બીજા સાથે શેર કરી શકાય અને જરૂર હોય ત્યારે હાર્ડ કોપી પ્રિન્ટ કરી શકે તેવા ફિચર્સ ધરાવે છે જે બજારમાં ઉપલબ્ધ અન્ય કોઈ એપ્લીકેશનમાં નથી. અલંકિતના વ્યાપક બેક-એંડ મિકેનિઝમ સાથે એકીકૃત, એપ્લીકેશન અને સોફટવેર એકસેલ ફોર્મેટમાં એકથી વધારે બિલોની એન્ટ્રી કરી સેવ કર્યા વગર યુઝરને એક કોન્સોલિડેટેડ ઈનવોઈસ રિપોર્ટ તૈયાર કરી જીએસટી માટે ફાઈલિંગ કરવા સુવિધા આપે છે. ઈ-રાહીને અલંકિતના મુનીમ જી (કલાઉડ આધારિત કોમ્પલાયન્સ સોફટવેર) સાથે ખૂબ ઝડપથી એકીકૃત કરવામાં આવશે, તેનાથી ટ્રાન્ઝેકશનનું વિવિરણ અપલોડ કરવાની જરૂર રહેતી નથી. ઈ-રાહીને પ્રથમ ૧૦૦૦ બિલો માટે રૂ.૧૦૦૦ શરૂઆતી કિંમત રજુ કરવામાં આવ્યું છે અને ૧૦૦૦ કરતા વધારે બિલ જનરેટ કરનાર માટે પ્રતિસ્પર્ધી કિંમતવાળું પેકેજ રજુ કરવામાં આવ્યું છે, જેમાં પ્રત્યેક ૫૦૦ બિલો બલ્કમાં (જથ્થાબંધના આધારે ) માટે પ્રત્યેક બિલ રૂ.૦.૯૦ કિંમત છે.અલંકિત ઈન્વોઈસ ક્રિએશન, ઈ-વે બિલ જનરેશન, રિટર્ન ફાઈલિંગ અને તે બધાને ઈન્ટ્રીગ્રેટ (એકીકૃત) કરવાની પ્રક્રિયાને ઓટોમેટિક બનાવતી ઈફેકટિવ ટેકનોલોજીકલ એપ્લીકેશન માટે અનુકુળ વાતાવરણ બનાવી સરળ કમ્પલાયન્સ એન્વાયરમેન્ટનું નિર્માણ કરી ભારતમાં ડિઝિટલ પરિવર્તન કરવા માટે પ્રતિબદ્ધ છે. અમારી અનોખી એપ્લીકેશન દ્વારા વધારે સંખ્યામાં ઈ-વે બિલ્સ સહજતાથી જનરેટ કરી શકાય છે. ઈ-રાહીનું લક્ષ્ય ડિઝિટાઈઝેશનનો વિકાસ કરવાનું, ટ્રાન્ઝીસ્ટ ટાઈમ વિશેના પશ્નોનું સમાધાન કરવાનું અને પરિવહન ઉધોગને જીએસટીના ફ્રેમવર્કમાં લાવવા માટે સરકારની મદદ કરવાનું છે.'આ એપ ઈવે-બિલ્સ જનરેટ કરવા યુઝરનો એકસેસ (પહોંચ) સરળ બનાવવા સાથે તેને એસએમએસ કે ઈ-મેલ કરવાની સુવિધા આપે છે. બિલને ડિવાઈસ પર સેવ કરી સંબધિત વ્યકિતને વ્હોટએપ દ્વારા મોકલી શકાય છે. એપ યુઝરને એક ક્રેડેન્સિયલનો ઉપયોગ કરી સરે એકસેસ આપે છે અને મોબાઈલનો આઈએમઈઆઈ નંબર રજીસ્ટ્ર કરવાની ઝંઝટભરી પ્રક્રિયામાંથી મુકિત આપે છે. વધુમાં, એપ્પ એચએસએન કોડસના ઓટો ડિટેકશનની સાથે-સાથે એપનો ઉપયોગ કરી સાચો એચએસએન કોડ શોધવાનો વિકલ્પ પણ આપે છે. આગામી સમયમાં તે યુઝર્સને એક લોગઈન દ્વારા મલ્ટી જીએસટીઆઈએન માટે ઈ-વે બિલ જનરેટ કરવાની સુવિધા આપે છે.ઈ-રાહી સાથે અલંકિત એ તાજેતરમાં એક અલંકિત ચેટબોટની શરૂઆત કરી છે, જે યુઝર દ્વારા વારંવાર પુછવામાં આવતા પશ્નોનો સમાધાન આપતું સરળ અને વ્યાપક માધ્યમ છે. વર્તમાનમાં, ચેટબોટ દૈનિક ૪૦૦-૫૦૦ પુછપરછના જવાબો આપે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# આનંદ...

એકવાર શિષ્ય પોતાના ગુરૂને પૂછે છે કે, આનંદ એ શું છે..? આનંદ ક્યાંથી આવતો હશે..? આ બાબતે ગુરૂ આનંદની પરીભાષા સમજાવતાં કહે છે કે, આનંદ એ કંઈ બહારની વસ્તુ નથી કે બીજે ક્યાંકથી આવતી હોય..! આનંદ એ અંદરના હૃદય કમળમાંથી નીકળતો હોય છે.

ગુરૂ શિષ્યને કહે છે કે, વત્સ, આનંદ એ જ બ્રહ્ન સ્વરૂપ જ છે. રામ અને કૃષ્ણ શબ્દ તો બહુ મોડા આવ્યા. આનંદ ને જપરમાત્મા કહ્યો છે.. તે જ ભગવાન છે. જેમ આકાશની પાર કશું નથી એમ ભગવાનની પાર કશું નથી. વળી ગુરૂ કહે છે કે, ખરૂ કહું તો તું પોતે જ બ્રહ્ન છે, એટલે તું પોતે આનંદ સ્વરૂપ જ છો. ભ્રમણા ઉભી થાય કે આનંદ બીજે ક્યાંકથી આવે છે. આ બીજો છે તેવો ભ્રમ થશે ત્યારે જ એવું થાય કે આનંદ હવે ક્યાંક બીજે હશે. મૂળ શોધ આનંદની જ છે. ભગવાનને કોઈક માને કે ન માને પણ બધા જીવ આનંદને જરૂર શોધી રહ્યા છે, પણ એવું નથી. હકીકતમાં આનંદ એ તમે જ છો.

"મને દેખત આવે હાંસી,<br>
પાની મે મીન પ્યાસી.<br>
કસ્તુરી મૃગ નાભી મે,<br>
કસ્તુરી શોધે જગ માંહી"

કહેવાય છે કે અમુક પ્રકારના મૃગની નાભિમાં જ સુગંધ મુકેલી હોય છે. કુદરતની રચના જ અપરંપાર છે. જે જે બનાવ્યું તે તે ખુબ ગહરી રીતે આબેહુબ બનાવ્યું છે. આ મૃગની નાભિમાં જ આ કસ્તૂરી મૂકેલી છે પણ તે મૃગને એવું થાય છે કે સુગંધ બીજે ક્યાંકથી આવે છે.. એટલે તેને શોધવા માટે તે મૃગ આખા જંગલમાં દોટ મુકે છે. પણ તેને કસ્તૂરી મળતી નથી. પાણી વગર માછલી રહી ન શકે. અને પાણીમાં જ રહેતી હોવા છતાં તે માછલી પાણી પીધા વગર રહી જાય તો... એવી જ રીતે ગુરૂ શિષ્યને કહે છે કે, ભગવાન તારી અંદર જ છે.. આનંદ તારી અંદર જ છે. તું શુ કામ બહાર તેને શોધવા નીકળે છે..!

એટલે જ કોઈકે કહ્યું છે ને કે,

"મથી જો ને માંહ્ય, તારે કરવું નથી કાંય." ને વળી,"હું હુતો તે લગી હરી હતા, હું ગયો ત્યારે જ હરી ગયા હેરાઈ.." આ એટલે જ કહી શકાય કે તારી અંદર જ હરી છે..વધારે ઝીણવટ પૂર્વક કહેવું હોય તો તું પોતે જ હરી છો. આ અભ્યાસ અને સાચા ગુરૂની નીકટ રહીએ તો સમજાય તેવી વસ્તુ છે. બાકી ફોગટનું શું જાણે પેલા સંસારી.." તેના જેવું થાય.

સંસારીનું મન કામનામાં, અહંકારમાં, વાસનામાં લચ્ચુ પચ્ચું સદા રહેતુ હોય તે શું જાણે સાચા આનંદની મોજ.

શ્રીમદ ભગવત ગીતામાં પણ કહ્યું છે કે, હે અર્જુન આ વસ્તુ નિરંતર અભ્યાસ અને વૈરાગ્યથી દૃઢ થાય તેમ છે. તું તારામાં જ આનંદને શોધીશ તો મળશે. આમ બહાર ભટકવાથી કશું મળે તેમ નથી.

આપણને એવું લાગે કે આ મારો પુત્ર મને આનંદ આપશે, મારી પત્ની મને આનંદ આપશે, મારી એફડી પાકશે તે દિવસે આનંદ મળશે. પણ એફડી ત્યારે જ પાકશે કે તે દિવસે તો તમે પણ ભેગેભેગા પાકી ગયા હશો. પછી તો તે પૈસા કફ કાઢવાના કામમાં આવે. વળી વીમાની રાહ જોઈને બેઠા હોઈએ કે વીમો પાકી જાય પછી તો મજા. પણ એવી ખબર છે કે વીમા જોડેજોડ તું પણ પાકી જઈશ.

એટલે જ કહ્યું છે કે તું અત્યારથી જ મોજમાં રહે.. આનંદમાં રહે..

મોજમાં રહેવું, મોજમાં રહેવું,<br>
અગમ અગોચર અલખધણીની<br>
ખોજમાં રહેવું રે..<br>
રામ ભજે તેને રોજ દિવાળી<br>
હોય રોજ રંગના ટાણા રે...<br>
હરી ભજે તેની કોઠીએ કોઈ દી,<br>
ખૂટશે ન દાણા રે...

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

મોજમાં રહેવું, મોજમાં રહેવું.

પરમાત્માને એકલું રહેવું ગમ્યું નહી ત્યારે અનેક રૂપે અવતર્યો. આ બધુ દેખાય તે પરમાત્માનું આનંદઘન સ્વરૂપ જ છે. જ્યારે એકમાંથી બે બન્યા તે આનંદની અભિવ્યક્તિ જ છે. ગાયમાંથી વાછરડું જન્મે તે આનંદની અભિવ્યક્તિ ને માતા પુત્રને જન્મ આપે તે પણ આનંદની અભિવ્યક્તિ જ છે. ને.. અરે અરે... આખા બ્રહ્માંડની રચના થઈ ગઈ તે પણ આનંદની અભિવ્યક્તિ જ છે.કુતરૂ પેલા ઉકરડા ઉપર પડેલા હાડકાને ખાતું હોય ત્યારે તેને એવું લાગે કે હાડકામાંથી લોહી આવે છે.. અને તેને હાડકુ ચૂસવાનો આનંદ આવે છે. પણ તેને ક્યાં ખબર છે કે તે લોહી પોતાનું જ છે. એક સાકરનો ટુકડો મીઠાશને શોધવા નીકળ્યો હોય તેવું લાગે. ક્યાં જન્મે તેને મીઠાશ મળશે..? હકીકતમાં પોતે જ મીઠાશ છે એવી એને ક્યાં ખબર છે.!

મારામાં જે આનંદ છે તેને શોધવા નીકળવું તેનું નામ જ ભવાતવી છે. જેમ ગાડીમાં બેઠા હોઈએ એટલે ઝાડ દોડતો લાગે. પણ ઝાડ દોડતા નથી તમે જ દોડો છો. આકાશમાં રાત્રે ચંદ્ર દોડતો હોય તેવું લાગે પણ ચંદ્ર દોડતો નથી, વાદળ દોડે છે. વાદળની ગતિ આપણને ચંદ્ર ઉપર દેખાય છે.

જીવન આનંદ આપવા માટે જ છે. આનંદનું પ્રદાન કરવું એ જ જીવન છે. મીઠાની પૂતળીનું સ્વરૂપ ખારાશ હોય અને સાકરની પૂતળીનું સ્વરૂપ મીઠાશ જ હોય તેવી રીતે તમારૂ અસલ સ્વરૂપ આનંદ જ હોય. અને એ તમે પોતે જ છો.

અમુકને થોડુંક દુ:ખ આવે ને અકળાઈ જાય છે..તેનો હરખ અચાનક ક્યાંક અલોપ થઈ જાય છે. પણ આપણે કોઈ દિવસ નરસિંહ, મીરાં.. વગેરે સંતોનું જીવન ચરિત્ર તપાસ્યું છે ખરૂ..? કેટલાયે કષ્ટો એમને વેઠ્યા છે, પણ કોઈ દિવસ અંદરના હરખને છોડ્યો નથી.

એટલે જ નરસિંહ બોલી શકે કે, "ભલું થયું ભાંગી જંજાળ સુખેથી ભજશું શ્રી ગોપાલ" આ ત્યારે જ બોલાય કે જેઓએ નખશિખ શ્રી હરીને પામી લીધા હોય. મીરાં પણ કહે છે ને કે, રાણાને કહજો કે ફરી ઝેર મોકલે.. ઝેરને જીરવવા હરી મારો આવશે."

જે જે સંતો થઈ ગયા તેઓએ સુખ કરતાં દુ:ખને વધું જોયું છે. પણ તે જ દુ:ખને અપાર સુખ માનીને જીવનને હર્યુભર્યું બનાવ્યું છે, આવા જ લોકોના ગાન હજૂ પણ ગવાય છે.

અને અંતમાં,

બે ઘડી હસી લેજો.. કોણે ખબર આ જીંદગી ક્યારે કરમાઈ જાય. ખુશ વ્યક્ત કરેલી હશે તો જીવનપર્યત લોકો યાદ કરશે, નહીંતર માત્ર બારેક દિવસ રોઈને ભૂલી જશે."

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ**
**(તા.કાંકરેજ)**

# 'વિશ્વાસનું એવરેસ્ટ' : પદ્મશ્રી અરૂણિમા સિન્હા !



ભારતના વૂમન પાવરનો ફયુચરમાં જ્યારે પણ ઉલ્લેખ થશે, ત્યારે અરૂણિમા સિન્હાનું નામ તેમાં અગ્રિમ સ્થાને મૂકાશે.

એક રેલવે દુર્ઘટનામાં કેટલાકં અનિષ્ટ તત્વો સાથે થયેલી ઝપાઝપી દરમિયાન, ચાલુ ટ્રેનમાંથી બહાર ફેંકાયેલી એક યુવતી પોતાના બંને પગ કપાઈ ગયા પછી પણ વિશ્વના સૌથી ઉંચા પર્વતશિખર એવરેસ્ટ પર આરોપણ કરવાની ઝંખના સેવે, એટલું જ નહીં, એ ઝંખનાને સાકાર કરી બતાવે એ ઘટના એકવીસમી સદીનો ચમત્કાર જ ગણાય!

એ સાહસિક યુવતી એટલે અરૂણિમા સિન્હા. પોલીસ ડિપાર્ટમેન્ટમાં હેડ કોન્સ્ટેબલ તરીકેની જોબ માટે ઈન્ટરવ્યૂ આપવા જવા માટે, તા.૧૧ એપ્રિલ, ૨૦૧૧ ના દિવસે લખનૌના ચારબાગ રેલવે સ્ટેશનથી દિલ્હી તરફ જતી પદ્માવતી એક્સપ્રેસટ્રેનમાં અરૂણિમા સિન્હા પ્રવાસ કરી રહી હતી. ટ્રેન બરેલી સ્ટેશન પહોંચે તે પહેલાં, દારૂ પીધેલા ચાર-પાંચ યુવાનોએ અરૂણિમાના ગળાની ચેઈન ખેંચવા કોશિશ કરી. એથ્લેટ્સમાં પારંગત અને રમતવીર સાહસિક અરૂણીમા સિન્હાએ તે યુવાનોનો પ્રચંડ પ્રતિકાર કર્યો. નરાધમ યુવાનોએ અરૂણિમા સિન્હાને ચાલુ ટ્રેનમાંથી ધક્કો મારીને બહાર ફેંકી દીધી. એ ગંભીર દુર્ઘટના પછીની સારવાર દરમિયાન અરૂણિમા સિન્હાના બંને પગ કાપવા પડ્યા હતા. બંને પગ ગુમાવ્યા પછી પણ ખેલકૂદની ખુમારીને કારણે અરૂણિમા સિન્હાએ એવરેસ્ટ આરોહણનું ખ્વાબ જોયું અને એક ખ્વાબ સિદ્ધ પણ કરી બતાવ્યું ! આ સિદ્ધિએ અરૂણિમાને વુમન પાવર ક્ષેત્રે પૂરા વર્લ્ડની મિસાલ બનાવી દીધી !

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સન્માનિત પદ્મથી અરૂણિમા સિન્હાના અંગ્રેજી ભાષામાં લખાયેલા આત્મવૃત્તાંત 'મ્હિ દ્બહ્ક્ષહ્રૈહ ્હ ંરી દ્બેહ્ક્ષહ્રૈહ'ના ગુજરાતી ભાષામાં થયેલા અનુવાદ 'વિશ્વાસનું એવરેસ્ટ' નું ગૂર્જર પ્રકાશન-અમદાવાદ તરફથી પ્રકાશન થયું છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલી અત્યાર સુધીની તમામ આત્મ કથાઓમાં 'વિશ્વાસનું એવરેસ્ટ' આગવી ભાત પાડતી અને નારીશક્તિનો મહિમા કરતી થ્રિલર ઓટોબાયોગ્રાફી છે. સુધા મહેતા દ્વારા અનૂદિત આ આત્મકથાનો લોકાર્પણ સમારોહ તારીખ ૨૦ માર્ચ-૨૦૧૮ ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાતના ગવર્નર ઓ.પી. કોહલીના વરદ હસ્તે સંપન્ન થયો હતો. શ્રી રામકૃષ્ણ આશ્રમ-રાજકોટના અધ્યક્ષ સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજીની પાવન ઉપસ્થિતિમાં અને ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા 'ગાંધીનગર સમાચાર' ના તંત્રી કૃષ્ણકાંત જહાના અતિથિવિશેષ-પદે આવો અનોખો સમારોહ યોજાયો હતો. ગૂર્જર પ્રકાશનના સંચાલક મનુભાઈ શાહે ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. તમામ મહેમાનોએ અરૂણિમાં સિન્હાની સાહસિકતાને બિરદાવી હતી.

પદ્મથી અરૂણિમા સિન્હાને પ્રતિભાવ સાથે એવરેસ્ટ આરોહણની ઘટનાને રોમાંચક સ્મરણો સહિત વ્યક્ત કરી હતી. સભાગૃહમાં ઉપસ્થિત અનેક સાહિત્યકારો, પત્રકારો ઉપરાંત સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણી મહાનુભાવોએ પદ્મથી અરૂણિમા સિન્હાને રૂબરૂ મળીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

# ગુણવાન પુણ્યાત્માઓની (અનુપબૃહણા) અનુમોદના ઉત્તમ દ્રવ્યોથી કરવી જોઈએ

**ગતાંકથી ચાલુ**

**પ્રભાવનામાં કઈ વસ્તુઓ આપી શકાય :**

**૧. ધાર્મિક ઉપકરણો :**સુતરની નવકારવાળી, સાગ, સીસમ, સુખડના સાપડા, સ્થાપનાચાર્યજી, પેટી ચરવળાની દાંડી.

દેશીદશીનો ચરવળો, દેશી ઉનનું કટાસણું, ખાદીની મુહપત્તિ, અનબ્લીચ ખાદીની અથવા હાથ બનાવટના કાપડની બનેલ ધોતી, ખેસ, સાડી, પુજાનો રૂમાલ, નેપકીન, હાથરૂમાલ, થેલી, વટવો, નળે બાંધવાની કોથળી, માદરપાટનું ગળણું વિ.

પૂજા માટે પિત્તળની થાળી, વાટકી, દીવી, દીવો, ધુપીયું, દેશી પદ્ધતિથી કેમીકલ વગર બનાવેલ ધુપ, સોના, ચાંદીના વરખ, સુખડ, બાદલું, દેરાસર મુકવાની બદામ ખાદીનાં મુલાયમ અંગલુછણાં, પિત્તળની ડબ્બીઓ, પિત્તળની પૂજાપેટી, પીત્તળ અથવા ચાંદીનો નાનો અરીસો, પંખો.

પિત્તળના સાગ-સીસમના પાટલા, બાજોઠ, (પ્લાયુવડ એલ્યુમિનીયમનો નિષેધ), લાકડાનું ઢીંચણીયું.તાંબા, પિત્તળ, કાંસાના વાસણો, થાળી, વાટકા, ગ્લાસ, ડબ્બા, દેગડી, તપેલી, ડોલ, પરાત, કથરોટ વિગેરે.ઉકાળેલું કે સાદું પાણી રાખવાની તાંબાની બોટલ, ઘડો, કુંજો.ઉપરની વસ્તુઓની પ્રભાવના એક બે વખત થઈ ગઈ હોય અને દરેકના ઘરમાં એ વસ્તુઓ એકથી વધારે સંખ્યામાં હોય તો ઉચિત બહુમાન ભાવ ટકી રહે તે રીતેનો ઉપયોગ કરવો.

અસલ દેશી પદ્ધતિથી જયણાપુર્વક બનાવેલ દેશી, ગોળ, દેશી ખાંડ, દેશી ગાયનું ઘી, ઘરે બનાવેલ શુદ્ધ ઘીની મીઠાઈઓ જેમ કે મોહનથાળ, પેંડા, બરફી, મૈસુર, ઘેબર, કાજુકતરી, બદામ કતરી, બુંદી લાડુ, મગજ, ખજુરપાક, ગગન, સોનપાપડી, ઘારી, કલાકંદ, ખોપરાપાક, અડદીયાપાક, સુંઠપાક, ગુંદપાક વિગેરે.

ભક્ષ્ય વસ્તુઓથી જયણાપુર્વક બનેલ ગુલકંદ ચ્યવનપ્રાસ.

ડ્રાયફ્રુટસઃ કાજુ, દ્રાક્ષ, બદામ, પીસ્તા, અખરોટ, જરદાળુ.

દેશી શરબતો : ગુલાબ, ખસ, ભીંડી, કોકમ, વરીયાળી, ગુલકંદ, કેરીનો બાફલો તથા દેશી ગોળનું શરબત !

શ્રીફળ : ટોપરાના ગોળા, ટોપરાની વાટકી, સુંઠ, પીપરમુળ, ગુંદ.

બહારના પ્રાયઃ અભક્ષ્ય ઈલેકટ્રોનિક પાવડર તથા ગ્લુકોઝને બદલે દેશી ગોળમાંથી બનાવેલ ગ્લુકોઝ!

તલની ચિક્કી : ડ્રાયફ્રુટ ચીક્કીઃ ચણા-મમરા, સીંગની ચિક્કી, ટોપરાની ચિક્કી, દેશી પતાસા, દેશી ખડી સાકર !

ખજુર, ખારેક, તજ, ઈલાયચી, જાયફળ, લવીંગ.

ચીકુ, સફરજન, સંતરાં, મોસંબી, કેરી વિગેરે દેશી ફળો !

સોના ચાંદીના સિક્કા (ફોટા અને નામ વગરના પ્લેઈન)

ભક્તિઃ બહુમાન ઉત્તમ સામગ્રીથી કરાય રૂપિયાના સિકકા કે નોટની પ્રભાવના પ્રાયઃ ઉત્તમ વસ્તુમાં ન ગણાફ. સોના ચાંદીની ગીની ઉત્તમ વસ્તુ ગણાય.આપણે શ્રેષ્ઠ, ઉત્તમ સામગ્રીની પ્રભાવનાને સમર્થન આપવું જોઈએ. આપણો આશય અનાર્ય અભક્ષ્ય વ્યવસ્થાને તોડવાનો હોવો જોઈએ.

**ધાર્મિક પુસ્તકો :** પુ.મહાત્માઓનાં બાળકોને જયણા ધર્મનું પાલન થાય તેવાં, બાળકોને ગમે તેવી ચિત્રો સહિતની વાર્તાઓ, કથાઓ, શાસનરક્ષામાં ઉપયોગી થાય તેવાં પુસ્તકો તથા હસ્તલીખીત બે પ્રતિ.પાંચ પ્રતિક્રમણ તથા ચૈત્યવંદન-સ્તવન સજ્જાય, થોય તેમજ પરમાત્મ ભક્તિની સ્તવનાવલી વિગેરે.

**ખાસ નોંધ :** ઉપરની વસ્તુઓ જે કાળે અભક્ષ્ય થાય તે કાળે તે સમયે તે વસ્તુ ન અપાય.

ઉપરાંત (ચરબી વગરના સાબુ-આયુર્વેદિક સ્નાન પાવડર, લાકડાના રમકડાં, ગૌમુત્ર ફીનાઈલ, ફલોર કલીનર (કીડી મંકોડા, વાંદા, મચ્છર મરે નહીં પણ એની વાસથી દુર ભાગી જાય છતાં જયણાપૂર્વક વાપરવું) વાસણ માંજવાનો દેશી લીકવીડ, પાવડર, કપડાં ધોવાનો પાવડર, તલનું તેલ, સીંધવ મીઠું, દંતમંજ, સ્નાન માટેનો ખાદીનો રૂમાલ, ખાદીનાં આસન, શેતરંજી, ચાદર વિગેરે અને શક્તિવર્ધક આયુર્વેદિક ચ્યવનપ્રાશ વિ.ઔષધો.

નોંધઃ ઉપરની વસ્તુઓ ઉત્તમ નથી પણ વર્તમાનમાં જાતજાતની પ્લાસ્ટીક તેમજ ઈલે.આદિની હિંસક અને શારીરિક રીતે હાનિકારક સામગ્રી તથા સ્કૂલના નાસ્તિક શિક્ષણને ઉત્તેજન મળે તેવી સામગ્રી અને મહાહિંસક હોય તેવી વસ્તુઓને બદલે વધુમાં વધુ દયા, કરૂણા જળવાય તેને લક્ષમાં રાખી ઉપરની વસ્તુઓ તથા પ્રભાવના માટે જણાવેલ ઉત્તમ વસ્તુઓ લગ્ન આદિ સાંસારિક પ્રસંગે ભેટ તરીકે આપી શકાય.

જેમના ગુણોની અનુમોદના થાય છે તે ગુણી આત્માઓ તે ગુણના બહુમાન લેવા દ્વારા પણ ગુણોની ઉપરની ભૂમિકાને પ્રાપ્ત કરે છે. અન્ય મહાનુભાવો ગુણીજનોના ગુણોની અનુમોદના કરીને કર્મ ખપાવે છે. આવા ગુણના ધારક પુણ્યાત્માઓની અનુમોદના, પ્રભાવના ઉત્તરોત્તર સંસ્કૃતિ-સંસ્કાર અને ધર્મમાં વૃદ્ધિ કરે તેવી હોવી જોઈએ.

**-સેવંતી સંઘવી (થરાદ)**

### શિક્ષક કભી સામાન્ય નહીં હોતા

# ગરીબ વિધાર્થીઓની સુખ - સગવડ વધારવા ચિંતા કરતા સરકારી શાળાના શિક્ષક - પ્રાચાર્ય

**વિધાર્થીઓને શૈક્ષણિક કીટ પુરી પાડવા ટહેલ નાખતા વંશજી : બનાસકાંઠાના થાવર પગાર કેન્દ્ર શાળાને અનુપમ એવોર્ડ પણ એનાયત**





રાજસ્થાનની સરહદને અડીને આવેલા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં પહોંચો એટલે રણપ્રદેશ જેવી જ અનુભૂતિ થયા વગર ના રહે એવી તીખી ગરમીનો સામનો કરવો પડે. આ વિસ્તારમાં ચૌધરીઓની તવંગર વસ્તી સાથે ખેત મજૂરી કરતી ભીલ સહિતની આદિવાસીઓનો વર્ગ પણ વસે છે. આ વિસ્તારમા બાજરી સહિતનો પાક લેવાય છે. ત્યારે ખેત મજૂરી કરતો ગરીબ વર્ગ તનતોડ મહેનત કરે છતા પુરતુ કમાઈ શક્તો ન હોવાથી તેના બાળકોને પણ મજૂરી કામમાં જોતરતા હોય છે. તેને કારણે આ બાળકો - દેશના ભાવિ નાગરીકોના શિક્ષણ પર મોટી અસર થાય છે. આવા વર્ગને માટે રોજી મહત્વની છે.... આવા વિધાર્થીઓને ભણવા તરફ કેમ વાળવા ? એ પ્રશ્ન પાલનપુરની જિલ્લા શિક્ષણ તાલીમ ભવનમાં બેસીને પ્રાચાર્ય ડો. જી .એન . ચૌધરી કરતા રહે છે.

છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી મધ્યાહન ભોજન યોજના આવા વિધાર્થીઓ




માટે આશીર્વાદરૂપ છે. એટલે એક વખતનું ભોજન મળતુ હોવાથી બાળકોને શાળામા મોકલવામાં આવતા હોય છે. પણ જરૂર પડે ત્યારે મા - બાપ મજૂરી કરવા લઈ જતા હોય છે. આ વાતની જાણ ધાનેરા તાલુકાના થાવર પગાર કેન્દ્રના સીઆરસી વશરામ નાનજીભાઈ પટેલ "વંશ" ના ધ્યાનમા આવી..પણ કઈ રીતે ? એ તેમના જ શબ્દોમાં જાણીએ.

છેલ્લા એક વર્ષથી સી. આર.સી કો.ઓર્ડિનેટરની કામગીરીમાં વિવિધ સરકારી શાળાઓમાં જવાનુ થાય છે. ત્યાં અભ્યાસ કરતાં બાળકો સાથે વાર્તાલાપ કરવાનો થાય , એમાં પણ એમના પુસ્તકો સાથે મેળાપ તો ખરો એટલે એમની આર્થિક, સામાજિક પરિસ્થિતિ વિશે પણ જાણવા મળે .બીજી તરફ અન્ય શિક્ષકો સાથે ચર્ચા થતા શિક્ષણના ઘણા બધા પ્રશ્નોમાં એવો પણ પ્રશ્ન ખરો કે કેટલાક બાળકોના માતા - પિતા માત્ર મજૂરી પર જીવન નિર્વાહ ગુજારતા હોય અને પરિવારમાં ત્રણ ચાર બાળકો હોય એટલે એમની તમામ શૈક્ષણિક જરૂરિયાત માતા પિતા પૂરી પણ ન કરી શકે. સરકાર દ્વારા મફત પાઠ્ય પુસ્તક અને ગણવેશ સહાય તો અપાય પણ અન્ય જરૂરિયાત જેવી કે નોટબુક, પેન, પેન્સિલ, કંપાસ બોક્ષ, સ્કૂલ બેગ, કલર વગેરે આવા આર્થિક પછાત બાળકો પૂરી ન થાય માટે સંકોચ અનુભવે અને કયાંક શાળામાં અનિયમિત આવે કે ભણવાનુ પણ છોડી દે. એટલે એક યુવા શિક્ષક તરીકે સતત ચિંતિત રહેતો. કેમ કરી આવા બાળકોની શિક્ષણની જ્યોત પ્રજ્વલ્લિત રાખવી ? થાવર કેન્દ્રમાં જ ૬૦૫ વિધાર્થીઓ રજીસ્ટર છે. .." આટલુ કહી સંવેદનશીલ હદયી 'વંશ'જી થોડી વાર રોકાય છે. એટલે છવાય છે તપ્ત ગરમીમાં મૌનની ચાદર..

પછી કહે છે..."મારી પત્ની મોહીનીએ મને દીકરાનો જન્મ દિવસ જુદી રીતે ઉજવવા સુઝાવ આપ્યો હતો..મને કહે શિયાળો છે એટલે આપણા લાલાની વર્ષગાંઠે દરેક ગરીબ બાળકોને સ્વેટર આપીએ તો કેમ.? મને ખુબ ગમ્યુ એટલે એ વાત તરત વધાવી લીધી અને અમલમા પણ મુકી.. બાળકો ખુશ થયા.અને સ્કૂલમાં સંખ્યા પણ વધી પણ આનાથી કોઈ કાયમી ઉકેલ થોડો થવાનો ?

એની ચિંતામાં મનન કરતા વંશજી સરકારી કામે પાલનપુર ગયા ત્યારે પ્રાચાર્ય ડૉ. જી.એન. ચૌધરીને મળ્યા. બંનેના સંવાદમાં ગરીબ વિધાર્થીઓની ચિંતા મુખ્ય હતી.વંશજીએ પ્રાચાર્યના વિચારોમાંથી પ્રેરણા લઈ એક નવતર પ્રયોગ શરૂ કર્યો . ' ટીંપે ટીંપે સરોવર ભરાય ' કહેવત મુજબ આધુનિક સાધનોનો ઉપયોગ કરવાના સોશિયલ મિડીયાના માધ્યમથી એક ફંડ એકઠુ કરીએ અને મહતમ બાળકોને જ્ઞાન યજ્ઞમાં મદદરૂપ થઈએ. ચૌધરી સાહેબે વાત વધાવી લીધી. એટલે અનુપમ એવોર્ડ વિનર થાવર સ્કૂલના વશરામ પટેલે ૧૫ દિવસ પૂર્વે સોશિયલ મિડીયામાં આ પ્રમાણે પોસ્ટ મુકી.....

### જાહેર નિવેદન

મિત્રો, ટૂંક સમયમાં શૈક્ષણિક નવુ સત્ર ચાલુ થશે .ત્યારે કેટલાય વિસ્તાર એવા છે કે જયાં બાળકો અત્યંત ગરીબ કુટુંબમાંથી આવે છે. એમને પુસ્તકો અને ગણવેશ સહાય તો સરકાર પાસેથી મળે છે પણ એમના અભ્યાસ માટે ખૂબ જરૂરી નોટબુક, પેન,પેન્સિલ,કંપાસ બોક્ષ, સ્કૂલ બેગ, (શૈ.કીટ) તથા નેઈલ કટર, વાળમાં નાખવાનું તેલ વગેરે જરૂરી સામગ્રી મળતી નથી.અને તે ખરીદી શકે તેવી વાલીઓની સ્થિતિ નથી. ત્યારે આ સામગ્રીની નાની કીટ તૈયાર કરીને કે પછી ફૂલ નહીં પણ ફૂલ પાંખડી રૂપ એક વસ્તુ આપીએ જેના થકી બાળકોને શિક્ષારૂપી યજ્ઞમાં મદદરૂપ થઈ શકાશે. કારણ...

**શિક્ષાદાન....મહાદાન... ! છે.** મિત્રો આટલા માટે જ ચાણક્યએ ' શિક્ષક કભી સાધારણ નહીં હોતા 'કહ્યુ છે.

આજે સ્કૂલ ફી વધારાના પ્રશ્ને વાલીઓ આંદોલન કરી રહ્યા છે. અને સરકાર તેમને ગુમરાહ કરતી હોય અને શાળા સંચાલકોને છાવરતી હોવાના આક્ષેપ વચ્ચે સરકારી શાળાનો એક શિક્ષક વિધાર્થીના હિત માટે ચિંતિત છે. તે જ રીતે દરેક શાળાનો શિક્ષક છાત્રોના હિત માટે ઝઝુમતો હોય તો..?છે આપની પાસે જવાબ તો મને

' મેઘ - વર્ષા '૧૪, સપ્તગિરિ સોસાયટી નં ૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા. ૩૯૦ ૦૧૧ અથવા મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો તો ગમશે.

**સંવેદના :**દીપ સંગે થઈ રોશની આજ એક ઝૂંપડી મહી, નાના ફુલ સમા બાળકના મુખમંડળે ગુંજે હાસ્યની કિલકારી.

**પ્રિતી ભટ્ટ ' પ્રીત'**
**નવસારી**
**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**




# કડવા લીમડાના મીઠા ગુણ

લીમડાના પાન ભલે કડવા હોય પણ તેના ફાયદા અમૃત જેટલા મીઠા હોય છે. પેટ સંબંધી અનેક સમસ્યાઓથી છૂટકારો મેળવવા લીમડાના પાન અત્યંત ઉપયોગી છે. લીમડાના પાનના રસમાં મધ અને કાળા મરીનો પાવડર મિક્સ કરીને પીવાથી પેટ સાફ થાય છે. આ સિવાય લીમડાના પાનના અનેક ફાયદા છે

દાઝેલી ત્વચા માટે દાઝી ગયા હોવ ત્યાં લીમડાનું તેલ અથવા પાન પીસીને તૈયાર કરવામાં આવેલી પેસ્ટ લગાવવાથી આરામ મળે છે. લીમડામાં એન્ટીસેપ્ટિક ગુણ હોય છે, તેના કારણે ઈજા થઈ હોય ત્યારે તેનું તેલ લગાવવાથી ટેટનેસની બીક નથી રહેતી. આ સિવાય જો તમને શરીર પર અથવા ચહેરા પર ફોલ્લીઓ થતી હોય તો લીમડાના પાન, છાલ અને લીંબોડીને એકસરખા પ્રમાણમાં પીસી લો અને પેસ્ટને ત્વચા પર લગાવો. આનાથી સમસ્યાથી છૂટકારો મળશે. ખીલ માટે લીમડાના પાનને પાણીમાં ઉકાળો અને પાણી ઠંડુ થાય તો તેનાથી મોઢું ધોઈ કાઢો. આનાથી ખીલની સમસ્યા દૂર થશે.

કાન અને દાંતના રોગ કાનમાં લીમડાનું તેલ નાખવાથી કાનનો દુખાવો અથવા કાનમાંથી પાણી નીકળવાની સમસ્યાથી રાહત મળે છે. આ સિવાય લીમડો દાંત માટે પણ અત્યંત લાભકારક છે. લીમડાના દાતણનો નિયમિત ઉપયોગ કરવાથી કીટાણુઓનો નાશ થાય છે અને દાંત ચમકદાર રહે છે. આ સિવાય પેઢા મજબૂત થાય છે. કમળો જોન્ડિસમાં લીમડો ઘણો ફાયદાકરાક સાબિત થાય છે. પિત્તાશયથી આંતરડામાં જતા પિત્તમાં

અનુસંધાન પાના નં.૬ ઉપર



# ડીબીએસ : પાર્કિસન્સ માટે નવી ટેક્નોલોજી

**આરોગ્ય સંહીતા**

પાર્કિસન્સ રોગ નર્વસ સિસ્ટમમાં ધીમે-ધીમે વધતુ એક ડિઓર્ડર છે જેનાથી સમગ્ર શરીરની ગતિવિધિઓ પ્રભાવિત થાય છે. શરૂઆતમાં ધીમે-ધીમે તે વધતુ રહેવાથી સામાન્ય રીતે તેના કોઈ લક્ષણો દેખાતા નથી કે માંડ કોઈ હાથમાં ધ્રુજારી અનુભવાય છે. સામાન્ય રીતે હાથમાં ધ્રુજારીથી જ પાર્કિસન્સ હોવાની પુષ્ટિ થઈ જાય છે પરંતુ તેની સાથે જ હાથની જકડાઈ જવું કે કોઈ શારીરિક ગતિવિધિ મંદ પડવી કે અત્યંત સંવેદનશીલતા જેવા લક્ષણો પણ દેખાઈ શકે છે

લક્ષણોની ઓળખ કઈ રીતે કરવી? તેના લક્ષણો અને સંકેત અલગ-અલગ પ્રકારના લોકો પર અલગ-અલગ પ્રકારના હોઈ શકે છે. પ્રારંભિક લક્ષણો અત્યંત મામૂલી અને ઓળખી ન શકાય એવા હોઈ શકે છે. આ લક્ષણો છે - ધ્રુજારી, ધીમી ગતિવિધિ, સખત માંસપેશીઓ, શરીરની અસાધારણ મુદ્રા અને સંતુલન, સ્વાભાવિક ગતિવિધિઓ પર વિરામ, બોલવામાં બદલાવ, લખાણમાં બદલાવ. શું-શું થઈ શકે છે? પાર્કિસન્સ રોગમાં મગજના કેટલાક સ્નાયુ તંત્ર (ન્યુરોન) ધીમે-ધીમે નબળા કે મૃતપ્રાય થવા લાગે છે. અનેક લક્ષણો એ ન્યૂરોનની ક્ષતિને કારણે વધી જાય છે જે તમારા મગજ સુધી રાસાયણિક સંદેશવાહક એટલે કે ડોપેમાઈન બનાવે છે. ડોપેમાઈનનું સ્તર જ્યારે ઘટી જાય છે ત્યારે તેનાથી મગજની ગતિવિધિઓ અસામાન્ય થવા લાગે છે જેનાથી પાર્કિસન્સના લક્ષણો સામે આવવા લાગે છે. રિસ્ક ફેક્ટર્સ શું છે? ઉંમર : યુવાઓમાં ભાગ્યે જ પાર્કિસન્સ રોગના લક્ષણો હોય છે. સામાન્ય રીતે આ આધેડ કે ઢળતી ઉંમરમાં શરૂ થાય છે અને ઉંમરની સાથે જ આ રોગ પણ વધવા લાગે છે. સામાન્ય રીતે ૬૦ વર્ષ કે તેનાથી વધારે ઉંમરના લોકોમાં આ રોગ વિકસિત થતો જોવા મળ્યો છે.

વારસાગત : પાર્કિસન્સ રોગથી પીડિત લોકોના નજીકના સંબંધીઓમાં આ રોગ થવાની સંભાવના વધારે રહે છે. જોકે જ્યાં સુધી તમારા પરિવારમાં વધારે સંબંધીઓને પાર્કિસન્સ રોગ નથી થયો ત્યાં સુધી તમારામાં તેનો ખતરો ઓછો જ રહે છે. લિંગ : મહિલાઓની તુલનામાં પુરૂષોમાં પાર્કિસન્સ રોગ થવાનો ખતરો વધારો રહે છે. ટોક્સિનની ચપેટમાં આવવું : હર્બિસાઈડ્સ કે પેસ્ટીસાઈડ્સ જેવા ઝેરી રસાયણોના સંપર્કમાં આવવાથી તમને પાર્કિસન્સ રોગનું જોખમ થોડુ વધારે રહી શકે છે.

ઈલાજ ડીપ બ્રેન સ્ટિમ્યુલેશન (ડીબીએસ)માં સર્જન તમારા મગજના એક ખાસ ભાગમાં ઈલેક્ટ્રોડનું પ્રત્યોરોપણ કરે છે. આ ઈલેકટ્રોડ્સ તમારા કોલરબોન નજીક તમારી છાતીમાં ઈમ્પ્લાન્ટ કરાયેલ જનરેટર સાથે જોડાયેલ હોય છે જેનાથી તમારા મગજ સુધી ઈલેકટ્રિકલ પલ્સ મોકલવામાં આવે છે અને તમારા પાર્કિસન્સના રોગના લક્ષણોને ઘટાડી શકાય છે. એડવાન્સ સ્ટેજમાં અપાય છે ડીપ બ્રેન સ્ટિમ્યુલેશન હંમેશા એડવાન્સ સ્ટેજમાં પહોંચી ચૂકેલા પાર્કિસન્સના દરદીઓને આપવામાં આવે છે જેમના પર દવાઓની અસર ખતમ થઈ જાય છે. ડીબીએસ ચિકિત્સા સ્થિતિના ઉતાર-ચઢાવને સ્થિર કરી શકે છે, અસ્વાભાવિક ગતિવિધિઓને ઘટાડી કે રોકી શકે છે. ધ્રુજારી, જકડન કે ઘટાડી શકે છે અને સામાન્ય ગતિવિધિઓમાં આવેલી કમીને સુધારી શકે છે. ડીબીએસ હોય છે કારગર ડિસકિનેસિયાસ પર નિયંત્રણ મેળવવા માટે લેવામાં આવી રહેલી દવાઓની અસરને પ્રભાવી બનાવવા માટે ડીબીએસ કારગર હોય છે. ધ્રુજારી ડીબીએસથી નિયંત્રિત કરી શકાય છે. દવાઓના બદલે ડીબીએસને મહત્વ કેમ મળવું જોઈએ? પીડીના લક્ષણોને ઘટાડવા માટે દવાઓની તત્કાળ અસર જ હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ પર દવાઓની અસર રહે છે તો તેને ઓન-ફેઝ કહેવામાં આવે છે અને જ્યારે દવાઓ તેના પર બેઅસર થઈ જાય છે ત્યારે તેને ઓફ-ફેઝ કહેવામાં આવે છે.

એક સમય બાદ શરીર પર દવાઓની અસર ખતમ થઈ જાય છે અને દવાઓના સેવનનો દર વધી જાય છે. દરદીને જો દિવસમાં ત્રણ વખત દવાઓ લેવાની સલાહ આપવામાં આવે છે ત્યારે અસર ઓછી થવાથી તેને દિવસમાં આઠથી વધુ વખત પણ દવાઓ લેવી પડી શકે છે. તેનાથી તેના જીવનની ગુણવત્તા પ્રભાવિત થાય છે કારણ કે તેમાં અનેક વખત ઓન અને ઓફ પ્રભાવની સ્થિતિમાં જીવવુ ંપડે છે. ડીબીએસ દરદી પર સતત ૨૪ કલાક સુધી અસરકારક રહે છે.

# વારંવાર ભયાવહ સપના આવવા તે રોજિંદા જીવનથી હતાશ થઈ ગયાની નિશાની છે

રાતે ઊંઘનો એક તબક્કો એવો હોય છે જેમાં કુદરતી રીતે જ સપનાં આવે છે. જોકે એ સપનાં હમેશા ડરામણા અને ભય પમાડે એવાં હોય તો એ તમે તમારા જીવનથી હતાશ છો એનું લક્ષણ છે. વારંવાર એક જ પ્રકારનાં ભયાનક સપનાં આવ્યા કરતાં હોય તો તમારી મનૌવૈજ્ઞાનિક જરૂરિયાતો અધૂરી રહ્યાની કે અને તમારો તમારા પોતાનામાં ઓછો આત્મવિશ્વાસ હોવાની નિશાની છે. આવા લોકો પોતાને આવતાં સપનાંઓનું વિશ્લેષણ પણ નકારાત્મક રીતે કરે છે. બ્રિટનની યુનિવર્સિટી ઓફ કાર્ડિફના નિષ્ણાતોએ વ્યકિતના રોજિંદા ફ્રસ્ટ્રેશન તેમ જ માનસિક જરૂરિયાતોની અધૂરપને રાતનાં સપનાં સાથે સાંકળીને એમની વચ્ચેનો સંબંધ સમજવાની કોશિશ કરી હતી. અભ્યાસકર્તાઓએ નોંધ્યું હતું કે વારંવાર જેને ખરાબ કહી શકાય એવાં સપનાં આવતાં હોય તો એ તેમની દિવસભરની હતાશાઓનું પ્રતિબિંબ હોઈ શકે છે. જાગ્રત અવસ્થાનમાં જે માનસિક જરૂરિયાતો અધુરી રહી જાય છે એ તમને આવતાં સપનાંઓમાં રિફલેકટ થાય છે. આ માટે નિષ્ણાતોએ બે પ્રયોગ કર્યા હતા. એક પ્રયોગમાં ૨૦૦ જણને વારંવાર આવતાં અને યાદ રહી ગયેલાં સપનાં વિશે પૂછવામાં આવ્યું હતું બીજા પ્રયોગમાં ૧૧૦ લોકોને તેમને આવેલાં સપનાનું વિશ્લેષણ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ લોકોને તેમની ડ્રીમ ડાયરી તૈયાર કરવાનું પણ કહેવામાં આવ્યું હતું. બન્ને અભ્યાસના અંતે નિષ્ણાતોએ તારવ્યું હતું કે દિવસ દરમ્યાન રહી ગયેલી અધુરી ઈચ્છાઓ અને કંઈક ન પામ્યાનું કે ગુમાવ્યાનું ફ્રસ્ટ્રેશન અનુભવતી વ્યકિતને વારંવાર ભયાનક સપનાં આવે છે.

# શ્રીખંડ, આઈસ્ક્રીમના લાભા લાભ

**આયુર્વેદનું અમૃત** — વૈદ્ય મહેશ અખાણી

ઉનાળો ધોમ ધખે છે, ગરમી સતત આપણને સૂચવે છે કે વૃક્ષ વાવવાની વાતો હવે બંધ કરોને ઓછા નામે વૃક્ષો જે કઈ બચ્યા છે તેને કાપશો નહીને તોય કૈક ધરતી માતાની સેવા કરી ગણાશે અને વ્યક્તિ દીઠ એક વૃક્ષનું ભક્તિ ભાવથી જતન કરીશું તો... તો.. ઘણું મોટું પુણ્ય નું કામ કહેવાશે, તેની નોધ ભગવાન લેશે.

આવી ગરમીમાં આપણે સૌ ઠંડક માટે સરબત, આઈસ્ક્રીમ, શ્રીખંડ, લસ્છી જેવા દ્રવ્યોનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તેના લાભાલાભ પણ જાણવાનું મન થાય તે સહજ છે.

★ **શ્રીખંડ:** શ્રીખંડ દહીંમાં થી બનેછે પરંતુ દહીં ગરમ છે તેથી તેમાં ખાંડ કે સાકર ઉમેરવાથી ગરમી દૂર થાય, દહીં અભિસ્યન્દી છે એટલેકે શરીર ના સ્રોતસને રોકનાર છે. સાંધાનો દુ:ખાવો કે હાઈ બી.પી, હાઈ કોલેસ્ટેરોલ, સોજા, શરદી, સાયનસાયટીસ, કાકડાનો સોજો, ચામડીના તમામ રોગો..... આ .. દહીંથી થઇ શકેછે, તેથી શ્રીખંડ બનાવવા માં તેને કાપડ ઉપર ઘસીને કે કાપડથી નિચોવીને તેમાં તજ, એલચી, લવિંગ નાખવા માં આવે જેથી દહીંનો તે અવગુણ દૂર થાય ને ઉનાળાની ગરમીમાં ગુણકારી બને. તેથી જેમને બરાબર ભૂખ લગતી હોય, શરીર ભારે ના હોય, ચામડીનો રોગ ના હોય, મધુમેહ કે આમદોષ, આમવાત ના રોગો ના હોયને વ્યાયામ કરવાનો જેમનો સ્વભાવ હોય તેમને શ્રીખંડ લાભદાઈ છે., તેમને તે તાકાત, બળ ને શુક્ર ધાતુ વધારવામાં ને ગરમી દૂર કરવામાં ઉપયોગી છે

★ **આઈસ્ક્રીમ :** શરીર માં પિત્ત ભેગું થવા નો સમય એટલે ઉનાળો ને ચોમાસું, અને પિત્ત પ્રકોપ નો સમય એટલે શરદ ઋતુ. દૂધ ને ખાંડ માં થી બનતો આઈસ્ક્રીમ એ પિત્ત નું શમન કરનાર છે. પરંતુ ભોજન પછી ખવાતો કે ખટાશ વાળા ફળ સાથે બનતો આઈસ્ક્રીમ કે છાસ, લસ્છી સાથે લેવાતો આઈસ્ક્રીમ નુકશાન કારક છે. અપચો, કફ ને ચામડી ના રોગો કરેછે.

★ **છાસ કે લસ્છી :** દહીંની છાસ બનાવવામાં પાણીનું પ્રમાણ મહત્વનું છે. પાણી બિલકુલ નાખવું નહિ ને તેમાં ખાંડ કે સાકાર ઉમેરી ને વલોવવું તે એટલે લસ્છી. દહીંમાં સરખા ભાગે, બમણું કે ચાર ગણું પાણી ઉમેરીને વલોણું કરતાં તેમાંથી માખણ છુટ્ટું પડે તે છાસ સાચી. જો તે વલોણું હાથ થી કરવામાં આવે તો તે - તો સર્વ શ્રેષ્ઠ છાસ કહેવાય. તેનાથી તો મસા પણ બળી જાય ને મરડો પણ મટાડે તેટલી તે ગુણકારી છે આવી છાસ તો દેવો ને પણ આજના સમયમાં દુર્લભ છે. ઉનાળા ની ગરમી માં પિતના સંચયની સાથે પાચન પણ નબળું પડે છે, તરસ વધુ લાગે છે, ધાતુનો ક્ષય થાય છે ત્યારે આવી છાસ તે તો ઉનાળાનું ઉત્તમ ઔષધ કહેવાય.

આયુર્વેદ કહે છે દહીં એકલું કદાપી ખાવું નહિ. દહીં રાત્રે ક્યારેય ખાવું નહિ. દહીં માં આમલા, મગ, સાકાર, જીરું, નમક ઉમેરીને ખાવું જોઈએ. છાસ ને કે લસ્છી ને માટે પણ તેમ સમજવું જ રહ્યું કારણકે આજે સાચી છાસ ક્યાં જોવા મળેછે..

★ **સરબત :** આ ઉનાળા ની અતિશય ગરમીમાં ધાતુઓ બળવા લાગે તેથી શોષ થાય, તરસ લાગે, થાક લાગે, હ્રદયના ધબકારા વધી જાય, ગભરામણ થાય, માથું દુખે, બી.પીમાં વધારો કે ઘટાડો થાય ને મૃત્યુ પણ નજીક આવી જાય ત્યારે આવી કોઈ પણ પરિસ્થિતિ આવે તે પહેલાથી જ દરેક ને ખ્યાલ આવી જાય કે ....... પાણી, છાસ, ઠંડુ પાણી, લીંબુ પાણી, નમક ને સાકર વાળું પાણી, વરીયાળીનું પાણી, ગુલાબ, ખસ, ખજુર, દ્રાક્ષ, આમળા, કાચી કેરીનો બાફલો વિગેરે ના સરબત પીવા નો આગ્રહ દરેકનો હોય છે ને રાખવો જોઈએ તો જ આ ઉનાળાની ગરમીમાં સ્વસ્થ રહી શકાય.

પરંતુ રાજીવ દિક્ષિત જેને ટોઈલેટ ક્લીનર કહેછે તેવા કોકા-કોલા જેવા ઠંડા પીણા એ સ્પર્શમાં ઠંડા હોય છે તે ગુણમાં ઠંડા હોતા નથી તેથી તે વારંવાર લેવાથી પાચન ખરાબ થઈને અપચો, મરડોને મધુમેહ, હ્રદય રીગોને કેન્સર જેવા રોગો ને આમંત્રણ આપેછે.

**વૈદ્ય મહેશ અખાણી**
**વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# અહંકાર, આનંદ અને ઉત્સવ

**માનસ** — ડો. પ્રવીણ પટેલ

**ગતાંકથી ચાલુ**

પુરાણમાં કથા છે, એકવાર બ્રહ્મા અને વિષ્ણુની મુલાકાત ચાલતી હતી. તે સમયે અચાનક જ બંનેનાં સિંહાસનો વચ્ચે એક દેદીપ્યમાન સુંદર અમાપ સ્થંભ ઉત્પન્ન થઈ ગયો. બંને જણ વિસ્મય પામ્યા, કુત-ુહલ જાગ્યું.નક્કી કર્યું. આ પદાર્થની લંબાઈ પહોળાઈ વગેરેની તપાસ કરવી પડશે.. વિષ્ણુએ કહ્યું, ‘બ્રહ્માજી ! હું આ સ્થંભના ઉપરના ભાગ તરફ તેનો છેડો શોધવા જાઉં છું.આપ નીચેના છેડાનું માપ કાઢી આવો.

બંને જણ સ્થંભના છેડા શોધવા નીકળ્યા. થોડાક સમય પછી વિષ્ણુ તો ઉપરના છેડાની તપાસ કરી પાછા ફર્યા. તે પછી ઘણી વારે બ્રહ્મા પણ પાછા આવ્યા. તેમણે તો વિષ્ણુએ નકારમાં ડોકું ધુણાવ્યું અને પ્રશ્નસુચક દ્રષ્ટીથી બ્રહ્મા સામે જોઈ પુછયું, તમને મળ્યો ? સવાલ પુછતાં જ બ્રહ્મા તો પ્રસન્નતાથી બોલી ઉઠયા : મારા માટે શું અસંભવ છે, પ્રભુ ? હું તો સ્થંભના નીચેના છેડાની પ્રદક્ષિણા કરી આવ્યો ! શું અદ્ભૂત સ્થંભ છે ?બ્રહ્માજીનું કથન હજુ તો પુરૂં થયું પણ નહોતું કે, અચાનક ત્રિલોક કંપી ઉઠે એવા ભયંકર ધડાકા સાથે સ્થંભ ફાટયો અને તેમાંથી ઉંચા તોતીંગ વિકરાળ ક્રોધાયમાન શિવજીના અંશરૂપ કાળભૈરવ પ્રગટ થયા અને બ્રહ્માએ જે અહંકારી મુખથી ગપ્પું માર્યું હતું તેને ટચલી આંગળીથી વાઢી નાખ્યું. પછી બ્રહ્મા અને વિષ્ણુએ શિવસ્તુતી કરી શંકરજીને શાંત પાડયા.

વર્તમાન વિશ્વમાં એવું લાગે છે કે એ બ્રહ્માનાં કપાયેલાં જુઠાં, ઘમંડી મુખ, મસ્તક પૃથ્વી પર નિરંકુશ બનીને ફરી ફરીને બધાને દંભી બનવાની, અસત્ય બોલીને અહંકાર વધારવાની મફત તાલીમ આપી રહ્યા છે. પરિણામે રાજકારણીઓ, ધનપતીઓ, પદપતિઓ, ઠગો, લુંટારા ભ્રષ્ટાચારીઓનો અહં-કાર માઝા મુકી રહ્યો છે. આવા સુખી સંપન્ન શક્તિશાળી ઘમંડીઓને પણ પરમાત્મા કરૂણા દાખવીને પછડાટો તો આપે છે તેમ છતાં આવા લોકો મુઢતાથી પ્રેરાઈને પરમાત્મા પ્રાપ્તિ માટે ભાગ્યે જ પ્રયાસ કરે છે. આવા લોકો પોતાના અહંકારના કારણે જ પુરૂષ અને પ્રકૃતિનાં મિલનથી સર્જાતા પૂર્ણ પરમાત્મા, પૂર્ણ ચૈતન્યના આનંદરૂપી પ્રસાદથી વંચિત રહી જાય છે.દુનિયામાં અનેકવાર **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# આવો માનવ મનને ઓળખવાનો પ્રયત્ન કરીએ

**હિપ્નોથેરાપી**

કોઈપણ પ્રકારની માનસિક સમસ્યાઓ સાથે જન્મેલ બાળકને તેના કરોડપતિ કે અબજોપતિ માતા પિતાની અધધ.. રૂપિયા પણ કામ નથી આવતા. અચાનક આવી પડેલ સમસ્યા કે કોઈ એકસીડેન્ટ પણ માનવમનને ઝંઝોળી નાખે છે.(ડીસ્ટર્બ કરી મુકે છે) આવા સમયે દરેક કેસમાં દવા પણ કામ નથી આપતી. અથવા તો કયારેક દવાઓ દર્દીને માફક નથી આવતી. કદાચ તેની કોઈ સાઈડ ઈફેકટને કારણે. કારણ ગમે તે હોય, આજનું આધુનિક તબીબી વિજ્ઞાન પણ કહે છે કે મોટા ભાગના દરેક માણસો ૬૦ ટકા કે તેથી વધારે માનસિક સમસ્યાઓ માટે સચોટ મારણ (સોલ્યુશન) નથી કે નથી કોઈ દવા, ઈંજેકશનો કે એવી રસી જે દરેકને માનસિક બીમારીઓથી બચાવી શકે.

મન એટલું બધું ગુંચવણભર્યું છે કે તે ગુંચને ઉકેલવાનો પ્રયત્નો કરનાર વૈજ્ઞાનિકો આ ગુંચમાં ગુંચવાઈ જાય છે. તે (મન) ખુબ નાનું છે એટલે જ કદાચ વધુ શક્તિશાળી છે. આપણી કહેવત ‘નાનો પણ રાઈનો દાણો’ જેવો ઘાટ અહીં છે. મન (માઈન્ડ) સાઈઝમાં નાનું છે પણ તેની કેપેસીટી ગજબની છે. આ નાનકડા અમસ્તા મનની ક્ષમતા (કેપેસીટી) માનવીએ બનાવેલી દરેક વસ્તુઓ કરતા હજારો ગણી વધારે છે. પુરાવા રૂપે તમારી પાસે સારામાં સારી કંપનીનો સૌથી વધુ મોંઘો અને લેટેસ્ટ મોબાઈલ હોય કે તમારી પાસેના લેટેસ્ટ કોમ્પ્યુટરની હાર્ડ ડીસ્ક ગમે તેટલી મોટી હોય પણ જો તમે તમારા મોબાઈલમાં કે કોમ્પ્યુટરમાં આડેધડ ડેટા ભરભર કરો તો શું થાય ? મેસેજ આવી જાય ડેટા ફુલ.. નો મોર સ્પેસ...આટલા વર્ષોથી અનેક વાતો રોજ આપણું મન સંગ્રહ કરે છે. તમે કયારેય સાંભળ્યું કે કોઈ એકાદ માણસે પણ એવી ફરીયાદ કરી હોય કે મારૂં મન, માઈન્ડ હાઉસફુલ થઈ ગયું છે, નવું કાંઈ સ્ટોર કરવાની, યાદ રાખવાની જગ્યા નથી. જનમ્યા ત્યારથી અથવા સમજણા થયા ત્યારથી જાણે અજાણ્યે જરૂરી બીનજરૂરી ડેટા આપણે ભરતા જ ગયા અને હજુ બીજા કેટલા વર્ષો સુધી આપણે આ પ્રક્રિયા ચાલુ રાખવાના છીએ તેની આપણને ખબર પણ નથી.

એમ કહેવાય છે કે માણસ જે ધારે તે કરી શકે છે અને તેમાંય તેને આજના આધુનિક વિજ્ઞાનનો મોટો સહારો છે. એટલે જ કદાચ આજનો માનવી ચંદ્ર પરની ધરતીને ખરીદી રહ્યો છે. ચંદ્ર પર જવા આવવાની, ત્યાં રહેવા ખાવા પીવાની, હરવા ફરવાની કોઈ જગ્યા હજુ બની નથી છતાં આજના નવા જમાનાના માણસો ચંદ્ર પર જમીન ખરીદી રહ્યા છે, કોઈ પોતાના માટે તો કોઈ સંતાનોને ભેટ આપવા ચંદ્ર પર જમીન, પ્લોટ ખરીદી ચુકયા છે, જ્યાં મરજી પડે ત્યારે જવા આવવા માટે કોઈ સાધન પણ તેમની પાસે નથી. એટલું જ નહીં જેમણે ચંદ્ર પર જમીન, પ્લોટ ખરીદ્યો છે તેમણે ત્યાં જઈને એ પ્લોટ કે તેની સીચ્યુએશન જોઈ નથી પણ આજનો માણસ જાણે છે કે આજ ભલે ચંદ્ર પર કાંઈ નથી જવા આવવાની સગવડ નથી પણ થોડા સમયમાં જ વૈજ્ઞાનિકો એવી શોધ કરશે જેને લીધે આ બધું શકય બનશે, સહેલું થઈ જશે.

એક વાત તો માનવી જ પડશે કે આજના યુગના માણસો ખુબ પ્રગતિશીલ છે, ખુબ બુધ્ધિશાળી છે અને તેનો પુરાવો એટલે જ નિરંતર ચાલતી શોધખોળ. જેણે દુનિયાને નાની કરી નાખી છે આવા એક નહીં અનેક પુરાવાઓ આપણી સામે જ છે. આ વાત સાબિત કરે છે કે માનવ જાતે પ્રગતિ તો ઘણી કરી છે પછી તે દેશ કોઈપણ હોય. કેમ કે થોડાક જ સમયમાં તે દરેક વસ્તુઓ દુનિયાભરના વસતા માનવીઓ પાસે પહોંચે છે. આપણે ખુબ ભાગ્યશાળી કહેવાઈએ કેમ કે આપણે માનવી છીએ.

માનવ જાતની ઉત્પત્તિ થઈ ત્યારથી પ્રગતિ, શોધ સંશોધનોનો સીલસીલો એક સરખો સતત ચાલુ જ છે. જે નિરંતર ચાલુ રહેવાનો છે તેમાં શંકાને કોઈ સ્થાન જ નથી. કુદરત સાથે બાથ ભીડતા આજના વૈજ્ઞાનિકોએ શરીરની આંતરિક રચનાઓ, અંગોની અદલાબદલી, ટેસ્ટ ટયુબ બેબી, સ્ટેમસેલ્સ ટ્રાન્સફર, જીનેટીક એન્જીનીયરીંગ વગેરે જેવી અનેક સિદ્ધિઓ મેળવી છે પણ આ શોધ હજુ મન સુધી પુરેપુરી નથી પહોંચી શકી. એટલે જ તો કોઈના મનને સમજી શકયું, **અનુસંધાન પાના નં.૬ ઉપ**

# જ્યારે પેટ ફૂલવાની સમસ્યા સર્જાય

**મન બિલોરી કાચ**

પેટ ફૂલવુંએ તમારા આંતરડામાં રહેલા ગેસ કે પછી એ તરલનો સંકેત હોય છે જે તમારા પેટની અંદર સેલ્સ વચ્ચે બને છે. આ સમસ્યાને આપણે માત્ર રોજિંદા આહારમાં ફેરફાર કરી કે ભરપૂર પાણી કે અન્ય જ્યુસ જેવા પીણાં પીને ઘટાડી શકીએ છીએ

પેટ ફૂલવું તમારા આંતરડામાં રહેલા ગેસ કે પછી એ તરલનો સંકેત હોય છે જે તમારા પેટની અંદર સેલ્સ વચ્ચે બને છે. આ સમસ્યાને આપણે માત્ર રોજિંદા આહારમાં ફેરફાર કરી કે ભરપૂર પાણી કે અન્ય પીણા જેવા કે જ્યુસ પીને ઘટાડી શકીએ છીએ. તરલ પદાર્થોનું ઓછુ સેવન કરવું જ્યારે પેટ ફૂલે છે ત્યારે અનેક લોકો તરલ પદાર્થોનું સેવન ઘટાડી દે છે. તેઓ માનતા હોય છે કે તેમના શરીરમાં વધારે પાણી થઈ ગયું છે અને પેટ ફૂલવાની સમસ્યાએ આપમેળે દૂર થઈ જશે જ્યારે તેઓ પાણી કે અન્ય પ્રવાહી ઓછા પ્રમાણમાં લેશે. પરંતુ હકીકત એ છે કે જે લોકો પેટ ફૂલવાની સમસ્યાથી ત્રસ્ત છે તેમને વધુને વધુ તરલ પદાર્થો અને જ્યૂસનું સેવન કરવું જોઈએ.એવું એટલા માટે કારણ કે આ રીતે તમારૂ શરીર ડિહાઈડ્રેટથી સુરિક્ષત રહેશે.તેથી જ્યારે પણ આવી સમસ્યા અનુભવાય ત્યારે વધુને વધુ જ્યૂસ, પાણી અનેય તરલ પદાર્થોનું સેવન કરો.

આલ્કાહોલનું વધારે પડતું સેવન ખાસ કરીને બિયર અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંક્સ અનેક વાર પેટ ફૂલવાનું કારણ બને છે. એવામાં તમે સમજી ગયા હશો કે તમારે શું કરવું જોઈએ. અનેક વાર પેટ ફૂલવાનો સંબંધ ગેસ્ટ્રોઈન્ટેસ્ટિનલનું ઠીક ન હોવું જેમકે અપચો કે કબજિયાત પણ હોઈ શકે છે. વધારે મીઠાવાળો આહાર જ્યારે આપણે આહારમાં મીઠાનું વધારે સેવન કરીએ છીએ ત્યારે તે વોટર રિટેશનનું કારણ બને છે જેનાથી અનેક વાર પેટ ફૂલવા લાગે છે. એવું એટલા માટે થાય છે કારણકે વધારાનું મીઠુ શરીરના ટિશ્યૂને ડિહાઈડ્રેટ કરે છે તેથી તે પાણીની પૂર્તિ માટે તેને રિટેશન (પ્રતિધારણ) કરે છે. હવે એ એકદમ સ્પષ્ટ થઈ જવું જોઈએ કે જો તમારો વધારે મીઠાયુક્ત આહાર પેટ ફૂલવાનું કારણ બને છે તો તમારે શું કરવું જોઈએ. મીઠાનું પ્રમાણ અને પ્રોસેસ્ડ ફુડની સેવન ઘટાડવાની સાથે જ પુષ્કળ પાણી પીઓ જેનાથી શરીરમાંથી વધારાનું મીઠુ બહાર નીકળી જાય. પેટ ફુલવામાં રાહત અપાવનારા કેટલાક ફળ અને શાકભાજી છે જેમનું જ્યૂસ બનાવી શકો છો લીંબુ લીંબુ એક ગુણકારી ઔષધિ અને કુદરતી મૂત્રવર્ધક છે.લીંબુ એ પ્રકારના ગુણ મળી રહે છે એવામાં તેના સરબતથી કબજિયાતને મટાડી શકાયછે અને શરીરનું વધારાનું મીઠુ બહાર કરી દે છે. એક વખત વધારાનું મીઠુ બહાર નીકળી જતાં તમારૂ શરીર પ્રતિધારણ કરેલા પાણીને ઘટાડી દે છે.લાંબુના રસને મિન્ટના પાન સાથે પીવાનો પ્રયાસ કરો. અપચો દૂર કરવામાં તે મદદરૂપ પુરવાર થાય છે. કાકડી કાકડી પ્રાકૃતિક ડ્યુરેટિક (મૂત્રવર્ધક) છે. તેમાં પાણીનું પ્રમાણ વધારો હોય છે જે શરીરની સિસ્ટમમાંથી વધારાનું મીઠુ બહાર કાઢવામાં મદદ કરે છે. તે પાણીને બચાવતા પેટ ફૂલવાની સમસ્યામાં રાહત આપે છે.

અજમો અજમાનો પ્રયોગ લાંબા સમયથી આંતરડાને નિયમિત કરવા માટે અને આંતરડાના વધારાના ગેસને નિયંત્રિત કરવા માટે કરવામાં આવતો રહ્યોછે.અજમામામાં મળી આવતા ગુણ શરીરમાં પ્રતિધારણ કરાયેલા વધારાના પાણીને ઘટાડવામાં મદદ કરે છે. તેમાં પાણીની ઉચ્ચ માત્રા હોય છે જે શરીરમાંથી વધારાનું મીઠુ બહાર કાઢી નાખે છે. તેનું જ્યૂસ પીવાથી કે પછી તેની ડંડીઓ નિયમિત જ્યૂસ રેસિપીમાં નાખીને પીવાથી પેટની આ સમસ્યાથી રાહત મળે છે. તરબૂચ દરેક પ્રકારના તરબૂચ સ્વાસ્થ્ય માટે ફાયદેમંદ છે. પરંતુ તરબૂચમાં પાણીનું પ્રમાણ સૌથી વધારે લગભગ ૯૦ ટકા હોય છે.તેનો અર્થ એ છે કે તે પણ પ્રાકૃતિક મૂત્રવર્ધક છે. લીંબુનો રસ, અજમો અને કાકડીની જેમ તરબૂચનું સરબત પણ વધારાના મીઠાને બહાર કાઢવામાં મદદ કરે છે.

# ઉનાળામાં સતાવતી લૂની સમસ્યા

**આરોગ્ય**

લૂના કારણે ઝાડા-ઊલટી થાય, તાવ આવે, ક્યારેક વ્યક્તિ મૃત્યુ પણ પામે.ગરમી તથા લૂને કારણે કેવી કેવી તકલીફો થાય તથા તેની સારવારમાં શું કાળજી રાખવી જોઈએ તે અંગે પ્રાથમિક જાણકારી

એપ્રિલ-મે મહિનો આવે અને ઉનાળાની ગરમીનો પરચો જોવા મળે. બળબળતા બપોરમાં મોટેરાઓને કામ માટે તડકામાં ફરવું પડે, છોકરાઓ પણ તડકામાં રમે તેથી ગરમી તથા લૂ લાગે. લૂને કારણે ઝાડા-ઊલટી થાય, તાવ આવે, ક્યારેક વ્યક્તિ મૃત્યુ પણ પામે.ગરમી તથા લૂને કારણે કેવી કેવી તકલીફો થાય તથા તેની સારવારમાં શું કાળજી રાખવી જોઈએ તે અંગે આપણે જોઈશું. આપણું શરીર નિશ્ચિત તાપમાને કામ કરવા ટેવાયેલું હોય છે. વાતાવરણનું તાપમાન ઓછુ હોય તો શરીર સ્નાયુઓને ધ્રુજાવીને તાપમાન વધારે છે. તેથી શિયાળામાં વધુ ઠંડી હોય તો શરીર ધ્રૂજે છે.

વાતાવરણનું તાપમાન વધુ હોય તો પરસેવો થાય છે અને શરીર ઠંડુ પડે છે. તેથી ઉનાળામાં અને કસરત પછી શરીરમાં પરસેવો વધુ થાય છે. લૂ લાગવાથી શરીરને થતી તકલીફો તથા તેની સારવાર વાતાવરણમાં ખૂબ વધુ ગરમી હોય અને શરીર ઠંડુ પાડવાની શરીરની ક્ષમતા ઓછી પડેતો શરીરનું તાપમાન વધતું જાય છે. તે સાથે બીજા પણ કેટલાંક લક્ષણો જોવા મળે છે. પગ, હાથ અને પેટમાં દુ:ખાવો ગરમીમાં ખૂબ પરસેવો થાય છે. તેથી શરીરમાં કેટલાક તત્વો પરસેવા વાટે બહાર નીકળી જાય છે.પરિણામે પગ, હાથ તથા પેટમાં દુ:ખાવો થાય છે. ખાસ કરીને પગની પીંડીઓમાં આવો દુ:ખાવો વધુ રહેતો હોય છે. આવા દુ:ખાવા માટે એક લીટર પાણીમાં એક ચમચી મીઠું તથા સાથે લીંબુ અને ખાંડ નાંખીને બનાવેલું શરબત લેવાથી શરીરને ખૂટતા તત્વો મળે છે અને દુ:ખાવો દૂર થાય છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

ધરતીકંપ થાય છે.. અનેક વાર દુકાળ પડયા છે.. જવાળામુખીઓ ફાટયા છે, ત્સુનામી જેવા અનેક ભયંકર દરિયાઈ તોફાનો આવ્યા છે બારેમેઘ ખાંગા થયા હોય, આભ ફાટયું હોય તેવી ખતરનાક મેઘવર્ષાઓ થઈ છે.. નદીઓમાં ઘોડાપુર આવતાં રહે છે, ભયંકર ઠંડી, ગરમી અને હીમપ્રપાતની ઘટનાઓ બન્યા કરે છે, આકાશમાંથી ઉલ્કાપાત થતો રહે છે.. ધુમકેતુના ટુકડા પૃથ્વીને અથડાય છે.. કેલીફોર્નિયા રાજય જેવા અન્ય સ્થળોએ દાવાનળ લાગ્યા કરે છે.. રોડ, રેલવે તથા હવાઈ દુર્ઘટનાઓ અગમ્ય રીતે બનતી રહે છે.

આવી બધી હોનારતો સમયે સમયે બનતી રહે છે, જેના કારણે આજ સુધી લાખો માનવીઓ, પશુ પંખી પ્રાણીઓનાં કરૂણ મૃત્યુ નીપજ્યાં છે.. અનેક પરિવાર છિન્નભિન્ન થઈ જાય છે. જીવસૃષ્ટીમાં ભારે ખળભળાટ થઈ જાય છે, જીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. અબજો કરોડોનાં આર્થિક નુકશાન થાય છે.. સામાન્ય, આર્થિક રીતે નિર્બળ, માણસોને આવી કુદરતી આફતોમાં મહત્તમ સહન કરવું પડે છે. ઘટના ટાણે વિષદગ્રસ્તોને તો ધોળે દિવસે આકાશમાં તારા દેખાવા લાગે છે. તેઓ કુદરત, પરમાત્મા સામે તદન લાચાર ગરીબડી ગાય જેવા બની જાય છે. એવી ભીષણ ઘટના ટાણે વિપદગ્રસ્તોનાં પદ, પ્રતિષ્ઠા, ધનસંપત્તિ કે વ્યક્તિ વિશેષના નાના મોટા અહંકાર ભસ્મીભુત થઈ જાય છે એ ખતરનાક ઘટનામાંથી ઉગરી ગયેલા કેટલાક લોકોના જીવનમાં શ્રદ્ધાનો સૂર્યોદય થાય છે અને સમયાંતરે શ્રદ્ધા ઘનીભુત થતાં અંતરમાં પરમાત્માના પ્રસાદરૂપે નિજાનંદની ઝલકો અનુભવાય છે. આવી ઘટનાઓમાં ઘરબાર, દોલત, પરિવારજનો વગેરે ઘણું બધું દુન્યવી નુકશાન ભોગવવાની સામે, બદલામાં આફતગ્રસ્ત કેટલાક સદભાગી લોકોનો ઘમંડ નષ્ટ થતાં તેમને અમૂલ્ય સ્વમિલનનો માર્ગ સાંપડે છે અને નિરંતર આનંદની દિશા દ્રષ્ટીગોચર થાય છે. જ્યારે કેટલાક લોકો એ દુર્ઘટનાનું છાશવારે સ્મરણ કરી અફસોસ વ્યકત કરી માતમ મનાવતા રહે છે અને આવું 'પોતાની સાથે જ કેમ બન્યું ?' એ વિચારથી ઉશ્કેરાઈને ભગવાનને મણ મણની ગાળો ચોપડાવતા રહે છે ! તો કેટલાક જણ એને કમનસીબી માની નિ:સાસા નાંખી જીવતા રહે છે. રૂઠેલી કુદરત જ્યારે ધરતીકંપ, વાવાઝોડાં, દાવાનળ, જવાળામુખી, વિસ્ફોટ જેવી ઘટના દ્વારા સમગ્ર માનવજાતિ તથા બીજા જીવોને ધોબીપછાડ જેવો પદાર્થપાઠ ભણાવે છે. .ભયાનક પછડાટ આપે છે ત્યારે એ દુર્ઘટના, નવા નવા સમાચારો શોધવાની માથાઝીંક કરતા ઈલેક્ટ્રોનિક મીડીયાની ન્યુઝ ચેનલોના સંચાલકો માટે પ્રાણવાયુ જેવી રાહતરૂપ નીવડે છે. એમાં પણ જે ચેનલ એ ઘટનાનું જીવંત પ્રસારણ સૌથી પહેલું કરે છે તે ચેનલવાળા બ્રેકીંગ ન્યુઝ પ્રસારીત કરવા બદલ ગર્વ, ઘમંડ પ્રથમ રહેવાનો અહંકાર અનુભવી છુપો આનંદ પામે છે. કરૂણાંતિકામાંથી પણ માણસ ધૃષ્ટતાપૂર્વક આનંદ શોધી લે છે !!. (ક્રમશ:) **ડૉ. પ્રવિણ પટેલ**

## હિપ્નોથેરાપી

### અનુસંધાન ૫ નુ ચાલુ..

વાંચી શકવું સંપૂર્ણપણે શકય નથી બની શકયું કે નથી જાણી શકાયું કે અચાનક કોઈ માણસ શા માટે અને કેવી રીતે કોઈ ઉંડા વિચારોમાં ખોવાઈ જાય છે અને આસપાસનું ભાન ભુલી જાય છે.

આપણે જોઈએ છીએ કે પહેલાં કરતાં આજે આયુષ્ય ઓછું થતું ગયું છે જેનું મુખ્ય કારણ તાણ છે. આજના જમાનાની મોટા ભાગની બીમારીઓ સ્ટ્રેસબેઝ છે. આ વાત આજના માણસો સારી રીતે સમજી ગયા છે અને એટલે જ દરેક સમજુ માણસો સજાગ થઈ ગયા છે. પોતાની રીતે સ્વસ્થ રહેવાના પ્રયત્નો કરે છે, આ પ્રયત્નોના ભાગ રૂપે કોઈ જીમ જોઈન્ટ કરે છે તો કોઈ યોગા, કોઈ મોર્નીંગ વોક કરે છે તો કોઈ નાઈટવોક, કોઈ ડાયેટ કંટ્રોલ કરે છે તો કોઈ લો કેલેરી. વાલો ખોરાક લે છે પણ શું આ પુરતું છે ? 'ના' અત્યારે અરી જરૂર છે માનસિક સંતોષની, માનસિક શાંતિની, અને માનસિક શક્તિઓના વિકાસની. જીવનમાં આગળ વધવા, તન-મનને શાંત અને સ્વસ્થ રાખવા તથા દરેક સમયે યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થઈ શકે.

આપણા પોતાના મનોવિજ્ઞાન હીપ્રોટીઝમ, હીપ્રોથેરકાપી પર આજના માણસોની મીટ મંડાઈ છે. તેને શીખી રોજીંદા જીવનમાં લઈ શકાતા અઢળક ફાયદાઓ લેવા તત્પર થયા છે. આ આનંદની વાત એ છે કે લોકો જુની સેઈફ સારવાર પદ્ધતિઓમાં રસ લઈ તેને અપનાવી સ્વસ્થ્ય, નિરોગી જીવન તરફ આગળ વધી રહ્યા છે. હીપ્નોથેરાપીથી અનેક માનસિક રોગો જેવા કે, કબજીયાત, માઈગ્રેન, ગેસ, એસીડીટી, સ્ટ્રેસને હિસાબે થયેલા ડાયાબીટીસ અને હાઈપરટેન્શન વિ.ને કંટ્રોલ કરી શકાય છે. એક અનુભવી હિપ્નોથેરાપીસ્ટ ગણત્રી કરતાં વધુ ફાયદાઓ આપી શકે છે.

દરેક વ્યક્તિ સેલ્ફ હીપ્નોટીઝમ શીખી, પ્રેકટીસ કરી ધારે તેટલા ફાયદાઓ લઈ માનસિક, શારીરીક અને આધ્યાત્મિક શક્તિઓ વધારી રોજીંદા જનજીવનને સફળ બનાવી જીવનરૂપી બગીચાને મઘમઘતું કરી શકે છે.હીપ્નોટીઝમ, હીપ્નોથેરાપી કે સેલ્ફ હીપ્નોટીઝમ શીખવા આપ અમારો જવાબી કવર સાથે સંપર્ક કરી શકો છો.

**-બી.કુમાર-ડૉ.કૌશલ બી.શાહ**
**હીપ્નોથેરાપીસ્ટ અને માઈન્ડ પ્રોગ્રામર**
**૪-૫૨, શાંતિ ભુવન, ૪૭ જુની હનુમાનગલી, કાલબાદેવી**
**મુંબઈ-૨ મો.૯૮૨૧૨૩૮૮૩૫, ૯૮૧૯૬૪૬૩૨૭**
**Email:-drbkumar @ gmail. com**
**web site: www. bkumar. in**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

નામ :દેવાંશી   માતા: કીંજલબેન   પિતા :હર્ષદભાઈ પ્રજાપતી
જ.તા.: ૨૭-૦૫-૨૦૧૫ વર્ષ :૩   મુ.ગોગાચોક થરા

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : .......................................................
મોકલનારની સહી : ..............................................

## કડવા લીમડા

### અનુસંધાન ૫ નુ ચાલુ..

અડચણ આવવાને કારણે કમળો થતો હોય છે. આ રોગમાં લીમડાના પાનના રસમાં સૂંઠ પાવડર મિક્સ કરીને પીવો. અથવા તો બે ભાગ લીમડાના પાનનો રસ અને એક ભાગ મધ મિસ્ક કરીને પીવાથી પણ ઘણી રાહત થાય છે. પથરી પથરીની સમસ્યાથી બચવા માટે લગભગ ૧૫૦ ગ્રામ લીમડાના પાનને ૧ લીટર પાણીમાં ઉકાળો. આ પાણી પીવાલાયક ઠંડુ થાય તો પીઓ. નિયમિત આ પ્રયોગ કરવાથી પથરી નીકળી શકે છે. જો પથરી કિડનીમાં હોય તો રોજ લીમડાના પાનની લગભગ બે ગ્રામ રાખ પાણી સાથે લો, ફાયદો થશે. વાળ ખરવાની સમસ્યા જો વાળ ખરવાની સમસ્યા હોય તો લીમડાના પાનનો લેપ વાળમાં લગાવો. આનાથી વાળ ખરવાની સમસ્યા ઘણી ઓછી થઈ જશે. લોહીને લગતી બીમારીઓ લીમડાના પાન ચાવવાથી લોહીમાં રહેલા અનેક પ્રકારના હાનિકારક તત્ત્વો દૂર થાય છે. આના કારણે ચહેરા પર નવી ચમક પણ આવે છે અને લોહીને લગતી બીમારીઓ દૂર થાય છે.

## આરોગ્ય

### અનુસંધાન ૫ નુ ચાલુ...

આ સાથે દુખતા સ્નાયુઓને ખેંચાણ આપતી કસરત પણ ઉપયોગી થાય છે. હાથ તથા પગમાં સોજો ગરમી લાગવાની શરૂઆત થાય ત્યારે શરૂઆતના ગાળામાં હાથ તથા પગમાં થોડા સોજો આવતા હોય છે. વ્યક્તિ ગરમીથી ટેવાતો જાય તેમ તેમ આપમેળે સોજો આવતા બંધ થઈ જાય છે. તેથી આ માટે કોઈ ચોક્કસ સારવારની જરૂર હોતી નથી. હૃદયની બીમારી, કિડનીની બીમારી અથવા અન્ય કોઈ તકલીફને કારણે સોજો હોય તો તેની તપાસ કરાવી યોગ્ય સારવાર કરાવવી જરૂરી છે.

ગરમીથી શરીરમાંથી શક્તિ હણાઈ જવી આ તકલીફમાં વ્યક્તિને અતિશય નબળાઈ લાગે, ફિક્કો પડી જાય, ક્યારેક ચક્કર પણ આવે. સાથે સાથે માથુ દુ:ખે, ઊલટી થાય તથા મધ્યમથી ભારે સુધીનો તાવ પણ આવી શકે. નબળાઈ એટલી વધુ હોયકે જાણે શરીરમાંથી શક્તિ હણાઈ ગઈ હોય તેમ લાગે. આવી તકલીફવાળા વ્યક્તિને ઠંડકવાળી જગ્યામાં ખસેડો.પંખો ચાલુ કરી ઠંડી હવા આપો. શરીર ઉપર વધુ પડતાં કપડાં પહેરેલા હોય તો ઓછા કરી નાખો. ચુસ્ત કપડાં પહેર્યા હોય તો તે કાઢી ખુલતા કપડાં પહેરવા દો. વ્યક્તિ ભાનમાં હોય તો તેને મીઠું-ખાંડ-લીંબુનું અગાઉ જણાવ્યા મુજબનું શરબત પીવડાવો. ચક્કર આવતા હોય તો વ્યક્તિને સુવડાવી દો તથા પગની નીચે તકિયો મૂકી પગ ઊંચા કરાવો. વ્યક્તિને તાવ હોય તો ઠંડા પાણીનાં પોતા મૂકી કે સ્પંજ કરી શરીરનું તાપમાન ઓછું કરો. હીટ સ્ટ્રોક આપણે ક્યારેક સાંભળીએ છીએ કે ગરમીને કારણે અમુક વ્યક્તિનું મૃત્યુ થયું. આવા વ્યક્તિઓને હીટ સ્ટ્રોક થયેલો હોય છે.હીટ સ્ટ્રોક જવલ્લે જ જોવા મળે છે. પરંતુ જે વ્યક્તિઓને હીટ સ્ટ્રોક થાય છે તે પૈકી ૫૦ ટકા વ્યક્તિઓ મૃત્યુ પામે છે. ઘરડા,બીમાર, દારૂના બંધાણી,અમુક પ્રકારની દવા લેતા વ્યક્તિઓ તથા ગરમીમાં અતિશય શારીરિક શ્રમ કરતાં હોય તેવા વ્યક્તિઓને હીટ સ્ટ્રોક ઝડપથી થાય છે. હીટ સ્ટ્રોકના દર્દીઓનો ઊંચો (ક્યારેક ૧૦૪૦ ફે.થી પણ વધુ) તાવ આવી જાય છે. શરીર ખૂબ ગરમ લાગે.ચામડી લાલ તથા સૂકી પડી જાય. આગળ જતાં દર્દી બેભાન થઈ જાય અને મૃત્યુ પણ પામે. હીટ સ્ટ્રોકની સારવાર ડોક્ટરની દેખરેખ હેઠળ થવી જરૂરી છે. દર્દીને દવાખાને પહોંચાડાય ત્યાં સુધી દર્દીને ઠંડી જગ્યામાં ખસેડો,કપડાં ઢીલા કરો તથા ઠંડા પાણીથી સ્પંજ કરો. વ્યક્તિ ભાનમાં હોય તો ખાંડ-મીઠું-લીંબુનું શરત આપો. નીચેની તકલીફવાળા વ્યક્તિઓને લૂ લાગવાની સંભાવના વધુ હોય છે ઘરડાં વ્યક્તિઓ, થાઈરોઈડ, હૃદયરોગ, માનસિક રોગની અમુક પ્રકારની દવા લેતાં વ્યક્તિઓ,દારૂના બંધાણી, તાવ, ઝાડા-ઊલટી, ડાયાબિટીસની તકલીફવાળા વ્યક્તિઓ તથા કુપોષિત બાળકો. તેઓ ગરમીમાં બહાર નીકળવાનું ટાળવું જોઈએ.

## ટામેટાનુ સૂપ પીવાથી ઝડપથી વજન ઓછુ થશે.. જાણો ટામેટાના સૂપના આવા જ ૧૦ ફાયદા

હાવર્ડ હેલ્થ પબ્લિકેશનના અભ્યાસ મુજબ એક કપ ટામેટાના સૂપમાં ૧૩.૩ મિગ્રા. લાઈકોપિન હોય છે જે અનેક બીમારીઓના સારવારમાં લાભકારી છે. કંસલ્ટેંટ ક્રિટિકલ કેયર એંડ ઓબેસિટી ન્યૂટ્રીશિયન સ્પેશલિસ્ટ મુજબ રોજ ટામેટાનુ સૂપ પીવાથી ૧૦ પ્રકારના ફાયદા થાય છે.

**વેટ લોસ** - ટામેટામાં ફાયબર હોય છે જે ભૂખ કંટ્રોલ કરીને વેટ લોસમાં લાભકારી છે.

**સુંદરતા નિખારે** - તેમા લાઈકોપિન હોય છે જે સ્કિનને રિંકલ્સથી બચાવે છે અને સુંદરતામાં નિખાર આવે છે.

**હાર્ટ પ્રોબ્લેમથી બચાવે** - ટામેટાનુ સૂપ પીવાથી કોલેસ્ટ્રોલ લેવલ ઓછુ થાય છે અને હાર્ટ પ્રોબ્લેમથી બચી શકો છો.

**એનીમિયા** - તેમા આયરનીને માત્રા વધુ હોય છે જે એનીમિયા(લોહીની કમી)થી બચાવવામાં મદદરૂપ છે.

**અસ્થમા** - તેમા એંટી બેક્ટેરિયલ ગુણ હોય છે જે અસ્થમાથી બચાવવામાં ઈફેક્ટિવ છે.

**જોઈંટ પેનથી રાહત** - ટામેટાના સૂપમાં વિટામિન ક્ક અને કેલ્શિયમ હોય છે જેનાથી હાડકા મજબૂત થાય છે અને જોઈંટ પેનથી રાહત મળે છે. **કેંસરથી બચાવે** - તેમા એંટીઓક્સીડેંટ્સ હોય છે જે કેંસરથી બચાવવામાં મદદ કરે છે. **ડાયાબીટીસથી બચાવ** - ટામેટાના સૂપથી બ્લડ શુગરનુ લેવલ નોર્મલ રહે છે અને ડાયાબિટીસથી બચાવ થાય છે.

**ઈમ્યુનિટી** - તેમા વિટામીન C ની માત્રા વધુ હોય છે જેનાથી બોડીની ઈમ્યૂનિટી વધે છે અને બીમારીઓથી બચાવ થાય છે. **આખોની રોશની** - ટામેટાના સૂપમાં વિટામિન છ હોય છે જે આંખોની રોશની કાયમ રાખવામાં મદદ કરે છે.

## નવજાત શિશુ સ્ટ્રેસમાં હોય તો જ રડે તે જરૂરી નથી : અભ્યાસ

સામાન્ય રીતે વ્યકિત સ્ટ્રેસમાં હોય તો એ તેના ચહેરા કે બિહેવિયરમાં દેખાઈ આવે. જો કે બાળક સ્ટ્રેસ કે પીડામાં છે એવું તેના બિહેવિયરમાં જોવા જઈએ તો ખોટા પડાય. યુનિવર્સિટી કોલેજ લંડનના ન્યુરોલોજીના નિષ્ણાતોનું કહેવું છે કે નવજાત શિશુ તેની આસપાસના વાતાવરણને કારણે અથવા તો શારીરિક પીડાને કારણે સ્ટ્રેસમાં હોય તો હંમેશાં તે રડતું જ હોય એ જરૂરી નથી. તેના ચહેરા પર પીડાના ભાવ આવે એ પણ જરૂરી નથી.

અભ્યાસકર્તાઓએ નવજાત શિશુઓના મગજનું સ્કેનિંગ કરીને તારવ્યું છેકે સ્ટ્રેસને કારણે પીડાની સંવેદના ધરાવતા મગજમાં ખૂબ બધી એકિટવીટી થતી હોય એમ છતાં બાળકનું બિહેવિયર સ્ટ્રેસ દર્શાવતું ન હોય એવું બની શકે છે. નવજાત શિશુ તેમને થતી ડીસકમ્ફર્ટને અભિવ્યકત નથી કરી શકતું, પરંતુ તેના મગજમાં પીડાની સંવેદનાઓ ખૂબ તીવ્ર થઈ જાય છે. આ જ કારણોસર નવું જન્મેલું બાળક રડે કે પીડાના ભાવ બતાવે તો જ તે કમ્ફર્ટેબલ નથી એવું ધારી લેવું ન જોઈએ. સ્ટ્રેસમાં હોય એ બાળકની પ્લેફુલ એકિટવિટી ઘટી જાય છે. તેની બોડી-મુવમેન્ટ ઘટી જાય છે અને તે ગંભીર અથવા નીરસ થઈને પડયું રહે છે.

## શેરડીના બધા ખેડૂતોને બનતી તમામ સહાયતા કરાશે : મોદી

બાગપત
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાગપતમાં એક્સપ્રેસ વેના ઉદ્‌ઘાટન વેળા શેરડીના ખેડૂતોને તમામ પ્રકારની ખાતરી આપી હતી. મોદીએ કહ્યું હતું કે, સરકાર શેરડીના ખેડૂતોને લઈને અને તેમની સમસ્યાઓને લઈને ખુબ ગંભીર છે. તેમની તમામ તકલીફોને ટૂંકમાં જ દૂર કરી દેવામાં આવશે. કૈરાનાના ખેડૂતોને આકર્ષિત કરવા માટે કોઈ વચન આપ્યું ન હતું પરંતુ કેટલાક વચનો નામ લીધા વગર આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોને બાકી રકમ મળવામાં વિલંબ ન થાય તે દિશામાં પહેલ થઈ રહી છે. સરકારે નક્કી કર્યું છે કે, પ્રતિક્વિન્ટલ શેરડી પર પાંચ રૂપિયા ૫૦ પૈસાની આર્થિક મદદ ખેડૂતોના ખાતામાં સીધીરીતે ટ્રાન્સફર થશે. શેરડીના ખેડૂતો માટે પણ સરકાર સતત પ્રયત્નશીલ છે. ગયા વર્ષે શેરડીનું સમર્થન મૂલ્ય ૧૧ ટકા વધારવામાં આવ્યું હતું જેના લીધે અહીંના પાંચ કરોડ શેરડી ખેડૂતોને સીધીરીતે ફાયદો થયો છે. શેરડીના ખેડૂતોના મુદ્દા પર મોદી ખુબ સંવેદનશીલ દેખાયા હતા.

## ભાજપ વર્ષ ૨૦૧૯માં ચૂંટણી નહીં જીતી શકે : નાયડુનો દાવો

વિજયવાડા
આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એનચંદ્રાબાબુ નાયડુએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૯માં ભાજપ ચોક્કસપણે સત્તા ઉપર આવશે નહીં. વડાપ્રધાન વચનો પાળવામાં નિષ્ફળ ગયા છે. ટીડીપીના વાર્ષિક કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા તેલુગ-દેશમ પાર્ટીના વડાએ કહ્યું હતું કે, ટીડીપીએ ભૂતકાળમાં હમેશા સરકાર રચવામાં ભૂમિકા ભજવી છે. દેશમાં રાજનીતિમાં તેમની ભૂમિકા મહત્વની રહી છે. ૨૦૧૯માં ભાજપને રોકવા માટે ટીડીપી તેમના જેવી જ વિચારધારા ધરાવતી પાર્ટીઓ સાથે ગઠબંધન કરશે. કોંગ્રેસ પણ આ સ્થિતિમાં છે પરંતુ ભાજપ ચોક્કસપણે ૨૦૧૯ની ચૂંટણીમાં આવશે નહીં. નાયડુએ કહ્યું હતું કે, ભાજપ ૨૦૧૯માં ચૂંટાઈને આવે તેવું દેખાતું નથી. મોદી આક્રમક પ્રચાર કરી રહ્યા છે પરંતુ તેમના વચનો અધુરા રહ્યા છે. ૧૯૯૬માં યુનાઈટેડ ફ્રન્ટની સરકાર રચવામાં ટીડીપીની ચાવીરુપ ભૂમિકા હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, એનડીએ સરકારમાંથી ટીડીપીએ છેડો ફાડી લીધો છે. કારણ કે, કેન્દ્ર સરકારે આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવાનું વચન પાળ્યું નથી. એપી રિ ઓર્ગેનાઈઝેશન એક્ટને અમલી કરવામાં તંત્ર નિષ્ફળ ગયું છે. નાયડુએ કહ્યું હતું કે, આંધ્રપ્રદેશના લોકો સાથે ભાજપે વિશ્વાસઘાત કર્યો છે. વાયએસઆરસીપી સાથે સંઘર્ષની સ્થિતિમાં રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સમસ્યા સર્જવાના પ્રયાસ કર્યા છે. ટીડીપી પોતાના કાર્યક્રમમાં યોગ્ય વિચારણા વગર કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા આર્થિક નિર્ણયો સામે ઠરાવ પસાર કરનાર છે. નોટબંધી અને જીએસટીની નિષ્ફળતાને લઈને પણ હોબાળો કરવાની તૈયારી કરવામાં આવી છે. રાજ્યસભામાં આપવામાં આવેલી ખાતરી નહી પાળવાનો પણ આક્ષેપ કેન્દ્ર સરકાર ઉપર કરીને ઠરાવ પસાર કરવાની તૈયારી કરવામાં આવી છે.

## તીવ્ર ગરમી વચ્ચે મોદીનો રોડ શો : લોકો મોટી સંખ્યામાં રહ્યા

બાગપત
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વેના પ્રથમ ખંડનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ગાળા દરમિયાન આ રોડ ઉપર આશરે છ કિલોમીટર સુધી મોદીએ ભવ્ય રોડ શો યોજયો હતો. રોડ શો દરમિયાન બંને બાજુ મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. ૪૩ ડિગ્રી તાપમાન હોવા છતાં મોદીની એક ઝલક મેળવવા માટે માર્ગની બંને બાજુએ લોકો ઉમટી પડ્યા હતા જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. મોદીએ પણ તમામ ઉપસ્થિત લોકોનો આભાર ઝિલ્યો હતો. મોદી ખુલ્લી ગાડીમાં રોડ શો માટે નિકળ્યા હતા. મોદીની સાથે કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી પણ રહ્યા હતા. તીવ્ર ગરમી હોવા છતાં લોકોએ આની ચિંતા કરી ન હતી. માર્ગના બાજુએ ઉભેલા લોકોને સુરક્ષાના કારણોસર પીવાના પાણી લાવવાની પણ મંજુરી મળી ન હતી છતાં લોકો ભારે ઉત્સાહ વચ્ચે મોદીના નારા લગાવતા નજરે પડ્યા હતા. દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વેના પ્રથમ હિસ્સાનું કામ પૂર્ણ થયું છે. મોદીનો કાફલો અક્ષરધામની પાસે પહોંચ્યો ત્યારે કેટલાક લોકોએ તેમના ઉપર ફુલોની વર્ષા કરી હતી. ત્યારબાદ મોદી સીધીરીતે બાગપત માટે રવાના થઈ ગયા હતા. ઈસ્ટર્ન પેરિફેરલ વેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ૧૩૫ કિમી લાંબા આ એક્સપ્રેસ વેથી પલવલ, ગાઝિયાબાદ અને નોઈડાને જોડાશે.

## રોજ જીરા અને ગોળના પાણીનુ સેવન કરવાથી થશે આ અદભૂત ફાયદા

જીરુ અને ગોળ બંને જ શરીરને સ્વસ્થ રાખે છે. તેમા જોવા મળનારા ખનીજ પદાર્થ અને પોષક તત્વ લાલ રક્ત કોશિકાઓને વધારવામાં સહાયક છે. જીરાવાળા પાણીમાં ગોળ નાખીને પીવાથી લોહીની કમી ન થવાની સાથે જ શરીરને ઘણી બીમારીઓથી પણ બચાવી શકાય છે. રોજ સવારે ખાલી પેટ એક ગ્લાસ જીરુ અને ગોળવાળુ પાણી પીવાથી અનેક ફાયદા થાય છે. આજે અમે તમને આ જ ફાયદા વિશે બતાવીશુ.

**૧. પાચન તંત્ર મજબૂત** - જીરા અને ગોળનુ પાણી પીવાથી કબજિયાત ગેસ અને પેટનો દુખાવો જેવી સમસ્યાઓ થતી નથી. રોજ સવારે ૧ ગ્લાસ જીરુ અને ગોળવાળા પાણીને તમારા ડાયેટમાં સામેલ કરો.

**૨. વજન ઓછુ કરવામાં સહાયક** - એક ગ્લાસ પાણીમાં ૧ મોટી ચમચી જીરુ અને ગોળ મિક્સ કરીને ઉકાળી લો. રોજ તેનુ સેવન કરવાથી શરીરમાંથી ફાલતૂ ચરબી નીકળી જાય છે. તમે ગોળની ચા પણ બનાવી શકો છો.

**૩. લોહી સાફ કરવુ** - અનેકવાર લોહીમાં કેટલાક ઝેરીલા પદાર્થ આવી જાય છે. જેનુ શરીરમાંથી બહાર નીકળવુ ખૂબ જરૂરી હોય છે. એ ઝેરીલા પદાર્થોને બહાર કાઢવામાં ગોળ અને જીરુ ખૂબ સહાયક છે.

**૪. માસિક ધર્મના દુખાવામાં આરામ** - કેટલીક મહિલાઓને માસિક ધર્મ દરમિયાન દુખાવો કે અનિયમિતતા રહે છે. રોજ ગોળ અને જીરાવાળુ પાણીનુ સેવન કરવાથી આ સમસ્યાઓમાંથી છુટકારો મેળવી શકાય છે.

**૫. સાંધાના દુ:ખાવામાં રાહત** - શિયાળામાં સાંધાનો દુખાવો થવો સામાન્ય વાત છે. રોજ ૧ ગ્લાસ જીરાવાળા પાણીમાં ગોળ નાખીને પીવાથી પીઠ, કમરના દુખાવામાં રાહત મળે છે.

**૬. ઉર્જા પ્રદાન કરવી** - તેમા પોટેશિયમની માત્રા વધુ હોય છે. જેનાથી શરીરને ઉર્જા મળે છે. શરીરમાં ઉર્જાને કાયમ રાખવા માટે રોજ સવારે ખાલી પેટ ગોળ અને જીરાના પાણીનું સેવન કરવુ જોઈએ.

**૭. એનિમિયામાં લાભકારી** - શરીરમાં લોહીની કમી થતા કે એનીમિયાની સમસ્યા થતા ગોળ અને જીરાવાળુ પાણી પીવુ જોઈએ. તેમા જોવા મળનારા પોષક તત્વ લોહીમાં રહેલ અશુદ્ધિયોને દૂર કરી નાખે

**કેવી રીતે બાનવશો ગોળ-જીરાનું પાણી : એક વાસણમાં ૨ કપ પાણી લો. તેમા ૧ ચમચી ગોળ અને ૧ ચમચી જીરુ નાખીને ઉકાળી લો. હવે તેને ઠંડુ થવા માટે છોડી દો. સવારે ખાલી પેટ તેનુ સેવન કરવાથી ફાયદો થાય છે.**

## મૃતક યુવકના ...

**પાના નં.૧ ચાલુ**

જેના આધારે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટે મૃતક કિશન શ્રીમાળીના મૃતદેહનું પીએમ કરવાનો હૂકમ કર્યો છે. જે અંતર્ગત ગોળા ખાતે સ્મશાનમાં દાટેલા કિશનના મૃતદેહને અઢી માસ બાદ પોલીસની હાજરીમાં જમીનમાંથી બહાર કાઢી તબીબોની પેનલ દ્વારા સ્થળ ઉપર પીએમ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જેને લઈ સમગ્રપંથકમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી છે.

## ડીસામાં...

**પાના નં.૧ ચાલુ**

જોવે ત્યાં ગરમીથી રક્ષણ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે પક્ષીઓ પણ ઝાડના છાયામાં રહેવાનું મુનાશીબ માની રહ્યા છે.

જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાંથી વરસતી તીવ્ર અગનવર્ષા અને લુ ઝરતા પવનોને લઈ સમગ્ર જીવસૃષ્ટી આકુંળ વ્યાકુળ બની ગઈ છે ત્યારે રવિવારના દિવસે ડીસાના હવામાન વિભાગમાંથી મળતી હવામાનની વિગતો મુજબ શહેરનું ઉષ્ણતાપમાન ૪૫.૮ ડીગ્રી જ્યારે લઘુતમ તાપમાના ૨૮.૫ ડીગ્રી નોંધાયુ છે.

## ડીસામાં મુસ્લિમ...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

પ્રમુખ મહોબ્બતભાઈ ખોખર અને તેમની સાથે સલીમભાઈ મનસુરી- મહંમદભાઈ શેખ- અબ્દુલભાઈ મેમણ, ઈકબાલખાન પઠાણ તેમજ આબીદભાઈ કુરેશી વગેરે છેલ્લા એકાદ માસથી સવારે આઠ સાડા આઠ વાગ્યાથી બપોરના બાર- એક વાગ્યા સુધી ડીસા વકફ કમિટીની ઓફિસે હાજર રહી જરૂરતમંદોને સેવા આપે છે.

## વડોદરાના લક્ષ્મી...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

ઉપરાંત તા. ૬થી ૧૩ જુન સુધી વિવિધ મનોરથોના દર્શનનો લાભ ભક્તજનોને મળશે. તદ્‌ઉપરાંત વેકેશન હોવાથી ૪થી ૧૫ વયના બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થાય તે માટે સમર કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. દર રોજ સાંજે ૬ :૩૦ ક. થી રાતના ૯ ગ્યા દરમિયાન કેમ્પમાં યોગ, આર્ટ એન્ડ ક્રાફ્ટ , ડાન્સ એન્ડ ડ્રોઈંગ , પેપર આર્ટ , વેસ્ટ માથી બેસ્ટ , સ્ટોરી ટેલીંગ સહિતના હુન્નર ની તાલીમ ધ્રુવી અને જિજ્ઞાસા પટેલ દ્વારા આપવામાં આવી રહી છે. એમ મંદિરના પ્રમુખ કમલેશ પટેલે જણાવ્યુ છે.

## ડાંગીયા(મડાણા)...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

મંત્રીએ જવાનોને હિંમતપૂર્વક જીવનમાં આગળ વધવા પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે એસ.આર.પી. ગ્રુપ-૩ના ઈન્ચાર્જ સરસેનાપતિ બી.એમ.ચૌધરી, પી.આઈ. પી.પી.મારૂ, સિંચાઈ વિભાગ જિ.પંચાયતના કાર્યપાલક ઈજનેર ડી.પી.બારોટ, પાણી પુરવઠા કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર રાઠોડ સહિત એસ.આર.પી.ના જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## એક્સપ્રેસ વે...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાના કારણે છ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે, કારને અને ડમ્પરના હટાવવા માટે ક્રેઈન બોલાવવાની ફરજ પડી હતી. અકસ્માતને પગલે એક્સપ્રેસ હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો અને ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો. બનાવની જાણ થતાં જ હાઈવે પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને સમગ્ર બનાવ અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતદેહોને બહાર કાઢી તેને પોસ્ટમોર્ટમ અર્થે મોકલવાની તજવીજ હાથ ધરી હતી. તો બીજીબાજુ, આ અકસ્માત અંગે જરૂરી ગુનો નોંધી આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી હતી. જો કે,ડમ્પર અને કાર વચ્ચેના અકસ્માતમાં એકસાથે છ લોકોના મોતના સમાચારને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી તો, સાથે સાથે શોક અને અરેરાટીની લાગણી પણ ફેલાઈ ગઈ હતી.

## થરા પાલીકા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પણ જેતે અરજદારની અરજી મુજબ જવાબ મોકલવામાં ચીફ ઓફીસર નિષ્ફળ નિવડ્યા છે જે સાબીત કરે છે કે, થરા પાલીકામાં શૌચાલય કૌભાંડનું વાવાઝોડું ભયંકર છે શૌચાલય કૌભાંડનો પર્દાફાશ કરવા મેદાને પડેલા જાગૃત નાગરિક વિપુલકુમાર દેવચંદભાઈ પ્રજાપતિએ નિયામક એસીબી શાહીબાગ અમદાવાદને સમગ્ર પ્રકરણની તપાસ કરવાને લોક હીતાર્થે સમગ્ર પ્રકરણનો પર્દાફાશ કરી ગેરરીતી કરતા ઓને ખુલ્લા પાડવા તમામ પુરાવા સહ અરજી કરતાં એસીબીએ થરા પાલીકા શૌચાલય તપાસના ચક્રોગતિમાન કરતાં ટુંક સમયમાં થરા નગર પાલીકા શૌચાલય કૌભાંડ બહાર આવશે તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે તો પાલીકામાં આ કૌભાંડમાં સંડોવાયેલ રેકર્ડને રફેદફે કરવા દોડધામ કરતા હોવાનું લોકો કહે છે.

## રાજયભરમાં તળાવો...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જળ અભિયાનને લોકો અને ખેડુતો દ્વારા ખુબ સારું સમર્થન મળી રહ્યું છે. મંત્રીએ કહ્યું કે આ સરકાર સંવેદનશીલ સરકાર છે એટલે જ અકસ્માતના કિસ્સામાં તાત્કાલીક સારવાર માટે રાજયની કોઈપણ ખાનગી હોસ્પીટલમાં રૂ.૫૦ હજારની સહાય આપવાનો નિર્ણય આ સરકારે કર્યો છે. તેમણે રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી તેનો લાભ લેવા તથા જરૂરીયાતમંદ લોકોને લાભ અપાવવા અનુરોધ કર્યો હતો.

## ભાભરના...

**પાના નં.૮ ચાલુ**

ભાગે સાડીથી બાંધેલ જણાઈ આવતા અને તર્કવિતર્ક સર્જાયા હતા. મરણ જનાર યુવકનું નામ બબાજી ઠાકોર ઊંડાઈ ગામનો અપરણીત હોવાનું અને યુવતી કાંકરેજ તાલુકાના તેરવાડા ગામની પરણીત હોવાનું જાણવા મળ્યુ હતું. પોલીસે બન્ને લાશોને પી.એમ. અર્થે ભાભર સી.એચ.સી. ખાતે મોકલી આપી હતી. જો કે બન્નેએ આપઘાત કર્યો કે પછી? તેની બાંધીને તળાવમાં ફેંકી દીધા? તેવી ચર્ચાઓ ચાલી રહી છે. પોલીસ તપાસ બાદ સત્ય બહાર આવશે. ઘટનાસ્થળે અને સી.એચ.સી.એ પંથકના લોકોના ટોળેટોળા ઉમટી પડતા ચકચારની સાથે અરેરાટી મચી હતી.

## ડીસામાંથી ...

**પાના નં.૮ ચાલુ**

એલ.સી. બી.સ્ટાફના એમ.આર. મોહનીયા પો.સ.ઈ. તથા સ્ટાફના મિલનદાસ, કુલદીપસિંહ, નિકુલસિંહ, મહેશભાઈ વિગેરેનાઓ ડીસા શહેર ઉત્તર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ડીસા શહેર ઉત્તર પો.સ્ટેના ગુનાના કામના નાસતા ફરતા આરોપી દશરથજી લક્ષ્મણજી ઠાકોર મુળ રહે. આખોલ નાની તા..ડીસા હાલ રહે. ડીસા શિવનગર ટેકરા તા.ડીસાવાળાને ડીસા બનાસ નદીના પુલ નીચેથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાટણમાં સાલવીવાડા નજીક બાઈક અને રિક્ષા અથડાતાં બે ને ઈજા

પાટણ

પાટણમાં સાલવીવાડાથી જુની સ્ટેટ બેંકના રસ્તા પર ગત સોમવારે બાઈક અને રિક્ષા અથડાતા બે જણાને ઈજા થઈ હતી. જ્યારે બંને વાહનોને આગળના ભાગે નુકશાન થયું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર અનાવાડા નજીક રહેતા અનુપજી ઠાકોર પોતાનું બાઈક લઈ ગત સોમવારે સાલવીવાડામાં કામ અર્થે આવેલ બાદમાં જુની સ્ટેટ બેંકના રસ્તેથી જઈ રહ્યા હતા ત્યારે સામેથી બે ફામ રીતે આવતો રિક્ષા ચાલક બાઈકને અથડાઈ પડતાં રિક્ષામાં સવાર મુસાફરો પેકી બે જણાને સામાન્ય ઈજા થઈ હતી.અત્રે નોંધવું ઘટે કે સદર રોડ ઉબડખાબડ બની ગયો હોવાથી આંતરે દિવસે અકસ્માતનો બનાવ બને છે.

# રાધનપુરમાં પાણીપુરવઠા દ્વારા બનાવેલા બોરવેલની પાસે વીસ-વીસ ફૂટના ખાડા પડી ગયા


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં નગરપાલિકાની હદમાં શહેરજનોને પીવાનું પાણી પૂરું પાડવા માટે પાણીપુરવઠાનાં યાંત્રિક વિભાગ દ્વારા મીરાં દરવાજા અને ઝમઝમ કોલોની પાસે તાજેતરમાં બે બોરવેલ બનાવી આપવામાં આવ્યા છે,પરંતુ આ બંને બોરવેલ પાસે વીસ-વીસ ફૂટના ઊંડા ખાડા પડી ગયા હોવાથી જાનહાનીનો ભય સતાવી રહ્યો છે,કારણકે બંને બોરવેલ રહેણાંક વિસ્તારોમાં બનાવેલા છે,જો આ ખાડા જલ્દીથી પુરવામાં નહિ આવે તો ભયાનક જાનહાની થઇ શકે તેમ છે.આ બાબતે પાણીપુરવઠા વિભાગને પાલિકાના સત્તાધીશો દ્વારા અવાર-નવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાંય કોઈ ધ્યાન આપતું નથી.પાલિકાના સત્તાધીશો કહે છે શું કોઈ જાનહાની થવાની રાહ જોવાઈ રહી છે ???

# પાટણ જિલ્લામાં ખેતીલક્ષી યોજનામાં ઓનલાઈન ૨૦૦૦ અરજીઓ વધી

પાટણ

પાટણ જિલ્લાના ખેડૂતોને આર્થિક રીતે સધ્ધર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓના લાભો આપવામા આવે છે. તેમજ લાભ લેનાર ખેડૂતોને સબસીડી આપવામાં આવે છે. જિલ્લામાં ચાલુ વર્ષે સરકારી યોજનાઓનો લાભ લેવા માટે કુલ ૧૪,૪૪૭ અરજીઓ આવી છે

સરકાર ખેડૂતોને ખેતી ક્ષેત્રે મદદરૂપ થવા માટે અને ખેડૂતો સરકારી યોજનાઓનો લાભ લઈ પ્રગતિ કરે તે માટે ચાલુ વર્ષે પાટણ જિલ્લાના ખેડૂતો પાસે ખેડૂત મોર્ટલ ઉપર ઓનલાઈન અરજીઓ માંગવામાં આવી હતી. આ કાર્યવાહી તા.૧/૪/૧૧ થી ૨/૫/૧૮ સુધી ચાલી હતી કુલ ૧૪૪૪૭ અરજીઓ કરવામાં આવી હતી જે અરજીઓની ચકાસણી જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.

# પાટણના અઘાર ગામે આધેડની હત્યા કે આત્મહત્યા ? પોલીસ મુંઝવણમાં

પાટણ

પાટણ તાલુકાના અઘાર ગામે ગત રવિવારે એક અજાણ્યા આધેડ પુરૂષની લાશ મળી આવી હતી. જેથી અનેક રહસ્યો સર્જાયા હતા, આ શખ્સની હત્યા કરવામાં આવી છે કે આત્મહત્યા? આ અંગે પોલીસ વિચારમગ્ન બની છે.

આ અંગે પાટણ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.જે.ઓઢાએ આપેલી વિગતો અનુસાર ગત રવિવારે ગામના સરપંચને અઘાર ગામ નજીક બાવળની ઝાડીમાં કોઈ આધેડની લાશ પડી હોવાનું પોલીસને જણાવતા પોલીસે લાશને પાટણની સિવીલમાં પી. એમ.અર્થે લઈ જવાઈ હતી. આ અજાણ્યા ૫૦ વર્ષાના આધેડ પુરૂષને પ્રાથમિક દૃષ્ટિએ કોઈએ ગળે ફાંસો આપી મારી નાંખ્યો હોય તેવું લાગે છે. જો પુરૂષે જાતે ગળે ફાંસો ખાધો હોય તો તેની લાશ લટકાતી હોય પણ લાશ જમીન ઉપર પડી હતી. કોઈ કારણસર હત્યા થઈ હોવાનું માની શકાય.

# પાટણમાં પીંડારીયાવાડાથી ભદ્રનો ઉબડખાબડ રોડ પુનઃ બનાવવા માંગ

પાટણ

પાટણમાં પીંડારીયાવાડા ત્રણ રસ્તેથી ભદ્ર સુધીનો સમગ્ર માર્ગ બિસ્માર બની જતાં પાલિકા દ્વારા પેવર બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. વર્ષો અગાઉ સદર રોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા પાંચ-છ વર્ષથી રોડ સાવ ઉબડખાબડ બની જતાં આ માર્ગેની નિકળવું મુશ્કેલ બન્યું છે. સદર રોડથી ટાંકવાડા, રાજકાવાડા તરફ જવા માટેનો રસ્તો પણ ટ્રાફિકથી ભરપુર હોય છે. પીંડારીયાવાડા ત્રણ રસ્તે દબાણ કરનારાઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવતા દબાણો દૂર થયા છે. પરંતુ બિસ્માર માર્ગના કારણે નાના દ્વિચક્રી વાહનો સ્લીપ થઈ જઈને અકસ્માતના બનાવો બનતા હોય છે. જેથી સમગ્ર રસ્તો પેવર બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

સદર રોડ પૂર્વ પ્રમુખ મનસુખલાલ પટેલે નવો બનાવ્યો હતો. એ પછી રસ્તાનું સમારકામ થયું જ નથી.

# ધોળાસણની સીમમાં ટ્રેનની અડફેટે સગીરાનું મોત

મહેસાણા

મહેસાણા તાલુકાના ધોળાસણની સીમમાં ગત બુધવારે સવારે અમદાવાદ- જોધપુર ટ્રેનની અડફેટે એક સગીરાનું મોત નિપજ્યું હતું. આ બાબતે લાંઘણજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મહેસાણા તાલુકાના ગેરતપુર ગામની ૧૭ વર્ષીય હીરલ ચંદુજી ઠાકોર બુધવારે સવારે કોઈ કારણસર ધોળાસણ રેલવે ટ્રેક નજીક અમદાવાદ - જોધપુર ટ્રેનની અડફેટે આવી જતાં તેનું મોત નિપજ્યું હતું. આ અંગેની જાણ લાંઘણજ પોલીસ મથકે થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને લાશનું પંચનામું સહિતની કામગીરી કરી લાશને પી.એમ. માટે મોકલી આપી હતી. આ બાબતે લાંઘણજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ ચલાવેલ છે.

# ધરતીમાતા વોટર બેંક છે. પાણીરૂપી મૂડી જમા કરીએ રોજગાર મંત્રી



પાટણ

રાજય સરકાર દ્વારા પાટણ જિલ્લાના તળાવો ઊંડા કરવા, બંધપાળા, ચેકડેમો, ખેત તલાવડીના કામો, જળસંચય માટે હાથ ધરવામાં આવ્યા છે. ગુજરાતમાં પાણી સ્તર દર વર્ષે નીચે જતા રહે છે. પાણીના સ્તરને ઊંચે લાવવા અને પાટણને પાણીદાર બનાવવા માટે રાજયના કેબીનેટ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરની રાહબરી હેઠળ ખાનપુર કોડી, કુડેર ગામે તળાવો ઊંડા કરવાની કામગીરી નિહારી હતી અને નોરતા ગામે તળાવ ઊંડુ કરવાની કામગીરીનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ સંગઠન મંત્રીશ્રી કે.સી.પટેલ, જુગલજી લોખંડવાલા જોડાયા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વમાં આવતા વર્ષોમાં પાણીની વિકટ પરિસ્થિતી ઉદ્દભવશે. પાણી માટે યુધ્ધો થશે. સમયની સાથે ચાલી પાણીનો કરકરસર પૂર્વક ઉપયોગ કરવો પડશે. ધરતીના સ્તર દિવસે દિવસે નીચે તરફ જઇ રહ્યા છે. દરીયાની ખારાશ ઝડપથી આગળ વધી રહી છે. ખારાશને રોકવા માટે ધરતીમાં પાણીનો સંગ્રહ કરવો પડશે. ધરતીમાતા વોટર બેંક છે. પાણીરૂપી મુડી તેમાં જમા કરાવવાની છે, તે આશયે રાજય સરકારે તળાવો ઊંડા કરવાની કામગીરી સંસ્થાઓના સહકારથી હાથ ધરી છે. ગુજરાતને પાણીદાર બનાવવા માટે સુજલામ સુફલામા જળ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ગ્રામજનોને જોડાવવા આહવાન કર્યું હતું. પાણીના સ્ત્રોત વધારવા માટે રાજય સરકાર દ્વારા અનેક યોજનાઓ હાથ ધરવામાં આવી છે.

# ઓરી અને રૂબેલા કેમ્પેઈન અંતર્ગત એ.ઈ.એફ. આઈ. કમિટીના સભ્યોની મીટીંગ યોજાઈ



પાટણ

ઓરી અને રૂબેલા કેમ્પેઈન ૧૫ જુલાઇ ૨૦૧૮ થી શરૂ થાય છે. જેમાં પાટણ જિલ્લાના સરકારી તથા ખાનગી પ્રાથમિક,અને માધ્યમિક શાળાઓ તેમજ આંગણવાડીના તથા શાળા અને આંગણવાડીમાં ન જતાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના બાળકોને ઓરી અને રૂબેલાની રસી વિનામુલ્યે આપવામાં આવશે. આ રસી રોગ સામે રક્ષણ પુરુ પાડે છે. જેથી તેની કોઇ આડ-અસર નથી . પરંતુ અગમચેતીના ભાગરૂપે રસીના કારણે કોઇ તકલીફ ઉભી થાય તો તેની સામે તાત્કાલિક અસરકારક પગલાં લઇ શકાય. તેને ધ્યાને લઇ એ.ઇ.એફ.આઇ. કમિટીના સભ્યોની મીટીંગ આરોગ્ય શાખા, પાટણ મુકામે તા.૨૩/૦૫/૨૦૧૮ ના રોજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિ.પં.પાટણના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ. જેમાં ડૉ. એ.એસ. સાલ્વી, જિલ્લા આર.સી એચ.અધિકારી, ડૉ. રાજેશ ઠક્કર, સરકારી બાળ રોગ નિષ્ણાંત, ડૉ. અંકુર પટેલ, આસી.પ્રોફેસર ફોરેન્સિક મેડીસીન, મેડીકલ કોલેજ ધારપુર, ડૉ. પિયુષ સોલંકી, આસી. પ્રોફેસર પેથોલોજી ડીપાર્ટમેન્ટ, ડૉ. વિપુલ ખખ્ખર, આસી. પ્રોફેસર માઈક્રો બાયોલોજી, મેડીકલ કોલેજ- ધારપુર, ડૉ. એમ.આર.જીવરાણી, ક્વોલીટી મેડીકલ ઓફિસર, ડૉ. તેજેન્દ્ર પટેલ વગેરે ટીમના સભ્યો હાજર રહેલ.

# રાધનપુરમાં ભાજપના કાર્યકરોએ વડાપ્રધાનની મન કી બાત સાંભળી



રાધનપુર

રાધનપુરમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રવિવારે મન કી બાત સાંભળવા માટે ભાજપના કાર્યકરો દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં અલગ-અલગ પદાધિકારીઓની હાજરીમાં અલગ-અલગ શક્તિકેન્દ્રો ઉપર જઈને કાર્યકરોએ ભેગા મળીને મન કી બાત સાંભળીને લોકોને પણ મન કી બાત સાંભળવા પ્રેર્યાં હતા. શક્તિ કેન્દ્રના પ્રમુખો અરવિંદભાઈ તન્ના, ઈશ્વરભાઈ પંચાલ, રહેમાન ભાઈ ઘાંચી, વશરામ ભાઈ વાદી, મુકેશભાઈ ફરાર તેમજ શંકરભાઈ નાનજીભાઈ ઠાકોરની ઉપસ્થિતિમાં પદાધિકારીઓ ભાનુભાઈ પંડ્યા ઠાકોરવાસમાં, કમલેશ ભાઈ ઠક્કર લાલબાગમાં, પ્રવીણભાઈ ઠક્કર ગ્રીનપાર્ક સોસાયટીમાં, પ્રકાશભાઈ દક્ષિણી પરા વિસ્તારમાં, જશુભાઈ રાવલ ધાનબજારમાં, ડો.દેવજીભાઈ પટેલ વાદિવસાહતમાં અને લવિંગજી સોલંકીએ મસાલી રોડ ઉપર હાજર રહીને કાર્યકરો અને લોકોની ઉપસ્થિતિમાં મન કી બાત સાંભળી હતી.

# સ્વચ્છતા મિશન અંતર્ગત ઉનાળુ ઈન્ટરશિપ કાર્યક્રમમાં જોડાઈ યુવાનો અને યુવતીઓ સહભાગી બને

પાટણ

ભારત સરકારના યુવા કાર્યકર અને ખેલ મંત્રાલય દ્વારા નહેરુ યુવા કેન્દ્ર, પાટણ આયોજીત પાટણ જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત ઈન્ટરશિપ કાર્યક્રમ ઉનાળુ સત્ર તારીખ ૦૪/૦૫/૨૦૧૮ થી તા. ૦૧/૦૭/૨૦૧૮ દરમિયાન શરૂ કરવામાં આવેલ છે.

સ્વચ્છતા મિશન કાર્યક્રમ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ખેલ મંત્રાલય તેમજપેયજળ મંત્રાલય દ્વારા યોજવામાં આવેલ છે. કોલેજના યુવાનો માટે એન.સી.સી., એન.એસ.એસ. તેમજ નહેરૂ યુવા કેન્દ્ર સાથે સંકળાયેલ યુવક મંડળ અને મહિલા મંડળના સભ્યો આ કાર્યક્રમમાં જોડાઇ શકશે. સત્ર દરમિયાન ૧૦૦ કલાકનું સ્વચ્છતાના મિશન કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપવાનું રહેશે.નહેરૂ યુવા કેન્દ્રની વેબસાઈટ www. sbsi. my gov.in ઉપર ઓન લાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. સારી કામગીરી કરનાર યુવક મંડળ અને મહિલા મંડળને અનુક્રમે રૂ. ૩૦ હજાર, રૂ. ૨૦ હજાર તેમજ રૂ. ૧૦ હજારની રાશી અને પ્રમાણપત્ર આપવામાં આવશે. વધુ માહિતી માટે વેબસાઈટ પર તમામ જાણકારી ઉપલબ્ધ છે.

પાટણ જિલ્લાના વધુમાં વધુ યુવક અને મહિલા મંડળો સ્વચ્છતા મિશન કાર્યક્રમમાં જોડાવવા અને વધુ માહિતી મેળવવા માટે નહેરૂ યુવા કેન્દ્ર, દેવદર્શન કોમ્લે ક્સ, પાલિકા બજારની સામે, રાજમહેલ રોડ, પાટણ ફોન નં. ૨૨૨૬૬૬ નો સંપર્ક કરવા જિલ્લા યુવા સંયોજકશ્રી નહેરૂ યુવા કેન્દ્ર, પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# રાધનપુરમાં બે તળાવો વચ્ચેની કેનાલનું કામકાજ પુરજોશમાં


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં નવાબી શાસન હતું ત્યારે આજના ઈજનેરોને શરમાવે તેવી કામગીરી કરવામાં આવી હતી.બનાસ નદીમાંથી વડપાસર તળાવને ભરવા માટે સ્કોટ કેનાલ બનાવવામાં આવી હતી,કેનાલ દ્વારા આ તળાવ ભરાઈ જાય એટલે બીજી કેનાલ દ્વારા શહેરના છેડે આવેલું અરગુસર તળાવ ભરાતું અને ત્યારબાદ અન્ય કેનાલ દ્વારા બીજા તળાવો ભરાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.પરંતુ આજના અત્યાધુનિક યુગમાં નવાબી સુવિધાઓને ભુલી જવાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે,કેનાલો વર્ષોથી સાફ ના થતા વડપાસર તળાવ ઓવરફ્લો થઇ જતા વેપારીઓને કરોડો રૂપિયાનું નુકશાન થવા પામ્યું હતું.જો કે પાલિકામાં કોંગ્રેસની સત્તા આવતા વડપાસર અને અરગુસર તળાવોને જોડાતી લગભગ એક કિલોમીટર જેટલી લાંબી કેનાલની સફાઈ અને ખોદકામ કામગીરી કરવામાં આવી રહી છે, જે.સી.બી.દ્વારા ખોદીને આ કેનાલને લેવલમાં બનાવવામાં આવી રહી છે.જેના કારણે વડપાસર તળાવ ભરાઈ જતા કેનાલ દ્વારા વધારાનું પાણી અરગુસર તળાવમાં વહી જશે અને ઓવરફ્લો થવાનો ભય ટળી જશે.જો આ નવાબી કેનાલો દરવર્ષે ચોમાસા પહેલા સાફ કરવામાં આવે તો તળાવો ઓવરફ્લો થવાનો ડર નહિ રહે. રવિવારે પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી.પરમાર,પાલિકા સદસ્ય ગણેશભાઈ ઠાકોર તેમજ પાલિકાના પાણીપુરવઠા સુપરવાઈઝર વિક્રમભાઈ ભોજકે સ્થળ ઉપર જઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

પાલિકાના કારોબારી ચેરમેન કાનજીભાઈ ડી. પરમારના જણાવ્યા મુજબ સાત વર્ષ બાદ આ કેનાલની સફાઈ અને ખોદકામ કરવામાં આવી રહ્યું છે.કેનાલ સાફ થઈને લેવલીગ થતા વરસાદી પાણીથી વડપાસર તળાવ ભરાઈ જતા વધારાનું પાણી આ કેનાલ દ્વારા અરગુસર તળાવમાં પહોંચશે. જેના કારણે વડપાસર તળાવ ઓવરફ્લો થવાનો ડર નહિ રહે.આ ઉપરાંત કેનાલમાં પાણી વહેતા હશે તેનાથી આજુબાજુના ખેડૂતોને ખેતી માટે પાણી પણ મળી રહેશે.

# વડનગરમાં માત્ર રૂા.૩૦૦૦ વ્યાજે લેનાર યુવાને ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું

મહેસાણા

મહસાણા જિલ્લામાં વ્યાજખોરોના ચક્રવ્યુહમાં ફસાયેલા અનેક પરિવારો વેર વિખેર થયા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. જેમાં વધુ એક ઘટના વડનગરમાં નોંધાઈ છે, વ્યાજના ખપ્પરમાં ફસાયેલા શ્રમજીવી યુવાને માનસીક ત્રાસથી કંટાળીને ઝેરી દવા ગટગટાવીને મોતને વહાલું કરતાં ચકચાર ફેલાઈ હતી. આ બાબતે વડનગર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો અનુસાર વડનગરમાં રહેતા કિરણ હિરાભાઈ લુહારીયા (ઉ.વ.૩૦) એ સ્થાનિક ધિરધાર કરનાર પાસેથી રૂા.૩૦૦૦ ની રકમ લીધી હતી. ત્યારબાદ આ નાણાંની પઠાણી ઉઘરાણી શરૂ થઈ હતી અને વારંવાર રૂા.૫૦૦૦૦ની માગણી થતી હતી. અને માનસીક ત્રાસ સહન ન થતાં છેવટે કિરણે ગત બુધવારે ઝેરી દવા ગટગટાવી જતાં તેની હાલત ગભીર બનતા તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને તે કોમામાં સરી પડતાં તેને મહેસાણાની સિવીલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું.

આ ઘટના અંગે વડનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવતાં પોલીસે ગુનો દાખલ કરી મૃતકનું પી.એમ.કરવામાં આવ્યું હતું. આત્મહત્યા કરતા પહેલાં એક ચીઠ્ઠી પોલીસને મળી હતી જેમાં વ્યાજખોરોના નામ લખેલાં હતાં તેમાં (૧) રબારી કનુભાઈ નાથાભાઈ (૨) રબારી રમણ નાથાભાઈ (રહે.અમરતોળ દરવાજા, વડનગર) આ બનાવથી પરિવાર જનોમાં હૃદય દ્રાવક દશ્યો સર્જાયા હતા.

# પાટણમાં ગરમીથી ઝાડા-ઉલટીના કેસોમાં વધારો : દિવસે રસ્તા સુમસામ

પાટણ

પાટણ શહેર સહિત જિલ્લામાં આકાશમાંથી સતત અગન વર્ષા થઈ રહી છે, અને ગરમીનો પારો વહેલી સવારથી જ ઉંચકાતો હોઈ જિલ્લા વાસીઓ બહાર નિકળવવાનું ટાળી રહ્યા છે, ત્યારે પાટણની સિવીલ હોસ્પિટલમાં ગરમીથી બિમારીના કેસોમાં વધારો થયો છે, ઝાડા-ઉલટી અને તાવના અઢી માસમાં ૨૦૦૦૦ ઉપરાંત કેસો નોંધાયા છે. ત્યારે અન્ય બિમારીઓ મળી કુલ ૩૫ હજારથી વધુ દર્દીઓએ સારવાર લીધી છે.

પાટણ નગરમાં ઉનાળાની શરૂઆતથી જ ૪૧ મી ૪૩ ડીગ્રી ગરમીનો પારો રહ્યો છે. અને ગરમીથી લોકો ત્રાહીમામ થઈ ગયાં છે. દિવસે શહેરના બજારો-રોડ રસ્તા સુમસામ નજરે પડે છે. ગરમીથી બચવા અને લૂ ન લાગે તે માટે માસ્ક રૂમાલ સહિત હેલ્મેટ જેવી વસ્તુઓથી સજ્જ થઈ અન્ય નૂષ્કા અજમાવી રહ્યા છે. ર્ડાક્ટરો ગરમીથી બચવા અન્ય દર્દીઓના માર્ગદર્શન આપી રહ્યા છે.

લૂ ન લાગે તે માટે લીબું સરબત પાણીમાં મીઠું અને ખાંડ નાખી પીવું જોઈએ. પીવાના પાણીનો વધુ ઉપયોગ કરવો જોઈએ.

# કૂતરું બચાવવા જતાં કારનો કચ્ચરઘાણ, ૧નું મોત, ૩ ઈજાગ્રસ્ત

(જી.એન.એસ) ખેરાલુ

ખેરાલુ-વીસનગર રોડ પર એક કારચાલક કૂતરું બચાવવા જતાં સર્જાયેલા અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ બોલી ગયો હતો. આ અકસ્માતની ઘટનામાં એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે ત્રણને ગંભીર ઈજા થતા મહેસાણાની હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા હતા.

મળતી માહિતી મુજબ આ અંગેની વિગત એવી છે કે, વીસનગરમાં આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા ભરતભાઇ સુંદરભાઇ રબારી અને આનંદભાઇ રબારી અને અન્ય મિત્રો કારમાં ખેરાલુથી કારમાં વીસનગર તરફ જઇ રહ્યા હતા.

ત્યારે લીંમડી ગામના પાટિયા પાસે રોડ પર અચાનક જ કૂતરું આવી જતા કારચાલકે કૂતરાને બચાવવાનો પ્રયાસ કરતા તેણે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો તેથી કાર પલટી ખાઇ જતા આ અકસ્માત થયો હતો જેમાં આનંદભાઇનું મોત થયું હતું જ્યારે અન્ય ત્રણને ગંભીર ઈજા પહોંચી હતી. પોલીસે આ અંગે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ચારૂપમાં મૈત્રી કરારમાં રિવોલ્વર બતાવી માર મારતા પોલીસમાં રાવ

પાટણ

પાટણ તાલુકાના ચારૂપ ગામે એક મૈત્રી કરારના મામલે બોલાચાલીમાં વાત ઉગ્ર બની જતાં મારા મારી તેમજ રિવોલ્વર બતાવી ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવામાં આવી હતી. વાગડોદ પોલીસ મથકે દાખલ થયેલી ફરિયાદમાં યુવતીના લગ્ન સમાજમાં જ થયા હતા. પરંતુ પતિ સાથે મનમેખ નહિ થતાં તેણીની પાટણ આવતા જતાં યુવક સામે મિત્રતા થઈ હતી અને આ સંબંધ આગળ વધીને મૈત્રી કરારમાં પરિવર્તન થયો હતો. યુવતી અને યુવક ચારૂપ રહેતા હતા. ત્યારે ગત મંગળવારે કેટલાક શખ્સો કારમાં આવ્યા હતા અને યુવતીને માર માર્યો હતો. તેને છોડાવવા વચ્ચે પડેલા યુવકને રિવોલ્વર બતાવી માર મારતાં ફરિયાદ નોંધાવામાં આવી હતી.